તન્ત્રકથા

દેસાઇ વાલજી ગોવિન્દજી

સચિત્ર

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

ફૂલ ૧

તન્ત્રકથા

આ લેખકની કૃતિઓ

ગોરક્ષાકલ્પતરુ : સં. ૧૯૮૪. 'સૂક્ષ્મ અભ્યાસનું ફળ છે. ગોરક્ષા કરવાના ખરા ને વ્યવહારુ ઉપાય કયા છે, ને તેનો અમલ કેમ કરી શકાય તે આ પુસ્તક વાંચનાર સહેજે સમજી શકે તેમ છે.'—ગાંધીજી

કથાકુસુમાંજલિ : સં. ૧૯૮૬. 'કેવળ લોકસંગ્રહની દૃષ્ટિએ લખાયા છે...સત્સંગ ઇચ્છનારને સારુ બહુ ઉપયોગી છે.'—ગાંધીજી

રાજકથા : સં. ૧૯૮૭. 'રાજાનો શો ધર્મ છે, સુરાજા કોણ, કુરાજા કોણ...રાજા કેમ નીમાતા, કેમ પદભ્રષ્ટ થતા વગેરેનું દિગ્દર્શન આ...માં થાય છે.'—ગાંધીજી

દ્રૌપદીનાં ચીર : સં. ૧૯૮૭. 'જેઓ ખાદીને ઐતિહાસિક દૃષ્ટિએ તપાસવા ઇચ્છે, અથવા રેંટિયામાં ધર્મ કેવી રીતે સમાયેલો છે એ જાણવા ઇચ્છે તેને...પ્રસાદીરૂપ થઈ પડશે.'—ગાંધીજી

ઈશુચરિત : સં. ૧૯૮૮. 'મને તો ગીતા કરતાં પણ વધારે શાંતિ આપનાર થઈ પડ્યું.'—શંકરભાઈ ભીખાભાઈ પટેલ

રામકથા : સં. ૧૯૯૧

ભારતી [કથા]**:** સં. ૧૯૯૩

તન્ત્રકથા

યોજક

દેસાઇ વાલજી ગોવિન્દજી

સચિત્ર

પ્રથમ આવૃત્તિ સંવત ૨૦૦૪

પ્રત ૪,૫૦૦

नवीनजिनगेहस्य निर्माणे यत्फलं भवेत् ।
तस्मादष्टगुणं पुण्यं जीर्णोद्धारेण जायते ॥

(આત્મારામજીના 'જૈનતત્ત્વાદર્શ'માં ઉતારેલો)

દોઢ રૂપિયો

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ર૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, રાયખડ : **અમદાવાદ**

પ્રસ્તાવના

જગતગ્રંથાવલીમાં પહેલું <u>પંચતન્ત્ર</u> લીધું છે, કેમ કે જેમ આપણામાં દિગ્વિજયી પુરુષ એક બુદ્ધ જ થયા છે તેમ દિગ્વિજયી ગ્રન્થ પણ એક પંચતન્ત્ર જ રચાયેલ છે. કોઇએ લખ્યું છે, કે બાઇબલ વિના બીજા કોઇ ગ્રન્થનો આના જેટલો પ્રચાર થયો નથી. પણ બાઇબલની વાત નોખી છે. બાઇબલ ધર્મશાસ્ત્ર છે; પંચતન્ત્ર અર્થશાસ્ત્ર છે. વળી બાઇબલના પ્રચારમાં ઠીકઠીક કૃત્રિમતા રહેલી છે, પણ પંચતન્ત્ર તો સ્વયંપ્રચારી છે. આ રીતે પંચતન્ત્ર જગત્‌ગ્રન્થોમાં પણ એકમેવાદ્વિતીયમ્ સિદ્ધ થાય છે. પ્રોફેસર હર્ટલે નોંધ્યા પ્રમાણે પચાસ કરતાં અધિક ભાષાઓમાં પંચતન્ત્રનાં બસો ઉપર રૂપાન્તર મળી આવે છે, તેમાંથી લગભગ દોઢસો ભારતના સીમાડા બહાર થયેલાં છે. ખુશરૂ નૌશેરવાનના આશ્રિત ઇરાની હકીમે સં. ૬૦૦ લગભગ એનો પહ્લવી અનુવાદ કર્યો, ને પહ્લવીનું સીર્યક સં. ૬૨૫ લગભગ તથા અરબી સં. ૮૦૦ લગભગ થયું. સં. ૧૦૦૦ લગભગ પંચતન્ત્ર યૂરોપ પહોંચ્યું. તે પછીનાં પાંચસો વર્ષની અંદર એના ગ્રીક, લાતિન, સ્પાનિશ, ઇતાલિઅન, જર્મન, ઈંગ્રેજી, સ્લાવોનિક, ચેક આદિ ભાષાઓમાં અનુવાદ થઈ ગયા હતા. પંચતન્ત્રનું સામ્રાજ્ય પૂર્વમાં યવદ્વીપ(જાવા)થી પશ્ચિમમાં આઇસલૅંડ લગી પથરાયેલું છે.

દેશમાં પણ એના ઉપર કઇક સંસ્કાર થયા છે. કોઇએ એનો વિસ્તાર તો કોઇએ સંક્ષેપ કર્યો, કોઇએ ગદ્યમાં તો કોઇએ પદ્યમાં એનું નિરૂપણ કર્યું, પ્રાકૃતમાં અનુવાદ થયા ને એ અનુવાદોનું પાછું કોઇએ સંસ્કૃત કર્યું (એજર્ટન). એ ભવ્ય પરંપરામાં આ પ્રયત્ન છે.

સં. ૨૦૦૪: ભાદ્રપદ, કૃષ્ણ ૫   દે. વા.

ચાણક્યસૂત્ર

૧૩૩. **स्वजनं तर्पयित्वा यः शेषभोजी सः अमृतभोजी ।**
પોતાનાને ધરવીને વધેલું ભોજન કરે તે અમૃતભોજી છે.

૨૬૨. **परद्रव्यापहरणम् आत्मद्रव्यनाशहेतुः ।**
પરધન કોઈ માણસ હરી જાય તો તેનું સ્વધન નાશ પામે છે.

૨૯૬. **म्लेच्छानामपि सद्वृत्तं ग्राह्यम् ।**
મ્લેચ્છ આગળથી પણ સારું વર્તન લેવું.

૩૧૭. **स्वयमशुद्धः परानां शंकते ।**
પોતે અશુદ્ધ હોય તેને બીજા ઉપર શંકા આવે છે.

૩૪૨. **सर्वं जयति अक्रोधः ।**
માણસ ક્રોધ નથી કરતો તો વિશ્વવિજેતા થઈ શકે છે.

૩૪૩. **यदि अपकारिणि कोपस् तर्हि कोपे एव कोपः कर्तव्यः ।**
જો આપણું બગાડનારા ઉપર કોપ કરવો હોય તો કોપ ઉપર જ કોપ કરવો ઘટે છે.

૪૧૩. **सत्याद् देवो वर्षति ।**
લોકો સત્ય આચરે છે તો મેઘરાજ વર્ષે છે.

૪૯૧. **दैन्यान् मरणम् उत्तमम् ।**
દીનતા કરતાં મરણ સરસ છે.

૫૦૩. **न दिवा स्वापं कुर्यात् ।**
દિવસે સૂવું નહિ.


૫૨૪. **निन्दितव्यः पुत्रः ।**
પુત્રની નિન્દા કરવી; અર્થાત્ એના દોષ એને દેખાડવા.

શ્રી ચન્દુભાઈની સુપ્રિય સ્મૃતિને

જન્મ	દેહાન્ત
રાજકોટ	**પ્રહ્‌લાદનપુર**
સં. ૧૯૬૩ આશ્વિન વ. ૩, ગુરુ	સં. ૧૯૭૩ કાર્તિક વ. ૫ મંગળ
૨૪-૧૦-'૦૭	૧૪-૧૧-'૧૬

I live in an inverted order. They who ought to have succeeded me have gone before me. They who should have been to me as posterity are in the place of ancestors.

BURKE



'...પણ જો છ માસમાં તારા પુત્રોને હું નીતિનિપુણ ન કરી દઉં તો મારા નામનો ત્યાગ કરું.'

કથામુખ

મન્દાકિનીનદીતીરે પાટલિપુર નામે નગર હતું. ત્યાં યાચકમાત્રના મનોરથ પૂરનાર પારિજાતક જેવો, મહારાજાઓના મુકુટમણિની કિરણાવલિથી જેના પગને રંગ લાગતો એવો, સકલગુણસંપન્ન, સકલકલાપારંગત, અર્થશાસ્ત્રવિશારદ સુદર્શન નામે રાજા હતો. એને વસુશક્તિ, ઉગ્રશક્તિ તથા અનન્તશક્તિ નામે ત્રણ મન્દમતિ કુમાર હતા, તેની જડતાથી ઉદ્વેગ પામીને રાજાએ મન્ત્રીઓને કહ્યું:

"સચિવો, આપ જાણો જ છો, કે મારા આ પુત્રો કેવા મૂઢ, શાસ્ત્રવિમુખ તથા વિવેકરહિત છે. એનો વિચાર કરું છું ત્યાં મારું સવાશેર લોહી અવટાઈ જાય છે. કોઈએ ઠીક કહ્યું છે:

'જે વિદ્વાન્ નથી તેમ જ ધાર્મિક પણ નથી એવા દીકરાથી શું અર્થ સરે? જે દૂઝે નહિ અને પ્રસવે પણ નહિ એવી ગાયને શું કરે?' વળી,

'પુત્ર જન્મે જ નહિ કે જન્મીને મરી જાય એ સારું, પણ અબુધ પુત્ર નહિ સારો; કેમ કે એ બે થોડું દુઃખ દેનારા છે, પણ આ તો જીવતાં લગી બાળે છે.'

એટલે આનો બુદ્ધિપ્રકાશ થાય એવો કાંઈક ઉપાય કરો."

સુમતિ નામે પ્રધાને કહ્યું: 'મહારાજ, આપની આપેલી વરત ભોગવતા પાંચસો પંડિત રાજ્યમાં બિરાજે છે એની સભા કરિએ તો દિશા સૂઝે.'

આ પ્રમાણે રાજાએ પંડિતસભા કરી તથા કહ્યું:

'પંડિતો, સાંભળો. આપમાં કોઇ એવો વિદ્વાન્ છે, જે આ કુંવરોને નીતિશાસ્ત્રનો ઉપદેશ કરીને પુનર્જન્મ કરાવે?'

એટલે વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ જેની છાત્રસંસદ્‌માં ભારે કીર્તિ હતી તે બોલ્યો: 'દેવ, આ મારો સિંહનાદ સાંભળ. એંશી વર્ષને ઘેર ગયેલો હું ધનનો કે માનનો ભૂખ્યો નથી. પણ જો છ માસમાં તારા પુત્રોને હું નીતિનિપુણ ન કરી દઉં તો મારા નામનો ત્યાગ કરું.'

ભૂદેવની આ અસંભવિત જેવી લાગતી પ્રતિજ્ઞા સાંભળીને રાજા મનમાં હરખ્યો તથા વિસ્મય પામ્યો, અને બહુમાનપુરઃસર વિષ્ણુશર્માને કુંવર સોંપી દીધા. તેણે પાંચ તંત્ર રચ્યાં, ને કુમારોને વાર્તા કહી, એ ભૂતલ ઉપર ફેલાઈ ગઈ. કિં બહુના?

સાંભળે વિષ્ણુની વાર્તા વિચારે નિત્ય જે વળી ।
ન પરાભવ પામે તે વજ્રીથી યે વિરોધમાં ॥ ૧ ॥

અનુક્રમણિકા

મિત્રભેદ[૧] સુહૃદ્‌લાભ[૨] સન્ધિવિગ્રહ તે પછી ।
લબ્ધનાશ[૪] અસંપ્રેક્ષ્યકારિત્વ[૫] પંચતન્ત્રક ॥ ૨ ॥

પહેલું તન્ત્ર: મિત્રભેદ

मनवे वाचस्पतये शुक्राय पराशराय ससुताय ।
चाणक्याय च विदुषे नमोऽस्तु नयशास्त्रकर्तृभ्यः ॥

મનુ, સુરગુરુ બૃહસ્પતિ, દૈત્યાચાર્ય શુક્ર, પરાશર, વ્યાસ તથા ચાણક્ય એ નીતિશાસ્ત્રકારોને નમસ્કાર.

આ તન્ત્રનો પહેલો શ્લોક આમ છે:

વર્ધમાન મહાસ્નેહ સિંહખૂંટતણો વને ।
તોડી નાખ્યો જુઓ ભાઇ ચાડિયા લુબ્ધ જંબુકે ॥ ૩ ॥

રાજપુત્રોએ કહ્યું: 'એ કેવી રીતે?' વિષ્ણુશર્મા કહે છે:

દક્ષિણાપથમાં સુરપુરસમું મહિલારોપ્ય નામે નગર હતું. ત્યાં શુદ્ધ ઉપાયથી મેળવેલા ધનનો સ્વામી વર્ધમાન નામે વણિક્‌પુત્ર રહેતો હતો. તેને કદાચિત્ મન થયું, જે "મારી આગળ દ્રવ્ય તો ઠીકઠીક છે, પણ તેમાં વધારો કરવો જોઇએ. કહ્યું છે કે:

'નહિ મેળવેલું મેળવવું, મેળવેલાની રક્ષા કરવી, રાખેલું વધારવું, વધારેલાનું સુપાત્રે દાન કરવું: આવી લોકયાત્રા હોય છે.'

'તેમાં જેને લાભ ન થાય એની વાત જ શું? લાભ થાય પણ એ જો સાંચવે નહિ તો તેનો તરત નાશ થાય, ધનમાં વૃદ્ધિ ન કરે તો આંજણની ઘોડે વાપરતાં પણ એનો ક્ષય થાય, અને ભોગ તથા દાનમાં એને ન વાપરે તો મેળવ્યું ન મેળવ્યું સરખું.'

'દૂર દેશાન્તર ગયેલા લોકો ઉદ્યમથી બેત્રણગણું ધન કમાય છે.'

એમ વિચાર કરી મથુરાગામી વિવિધ દ્રવ્યોનાં ગાડાં

ભરીને વર્ધમાન ચાલી નીકળ્યો. એને બેસવાના સુરથમાં નન્દક ને સંજીવક નામે ઘેર જન્મેલા તથા ઊછરેલા ધુરંધર આખલા જોડેલા હતા.

આમ એ ચાલ્યો જાય છે ત્યાં એક ઠેકાણે ગિરિઝરણના પાણીથી કાદવ થયો હતો. તેમાં ખૂતીને સંજીવકનો પગ મરડાઈ ગયો, એટલે તે ધોંસરી ભાંગીને હેઠો બેસી ગયો. તે જોઈને વર્ધમાનશેઠને શોક થયો. બળદ ઉપરના સ્નેહને કારણે એણે ત્રણ રાત પ્રયાણભંગ કર્યો. તોય એ તો સાજો ન થયો, એટલે એને સંભાળવા સારુ ખડના ભર સહિત રખવાળોની યોજના કરી તે આગળ ચાલ્યો. રખવાળોને પણ વનમાં એકલા રહેવામાં જોખમ લાગ્યું, એટલે તે સંજીવકને રેઢો મૂકી, બે દિવસ પછી સંઘ ભેળા થઈ ગયા, ને વર્ધમાનને કહ્યું: 'સ્વામિન્, સંજીવક મરી ગયો; સંઘપતિને પ્રિય હતો એટલે અમે એનો અગ્નિસંસ્કાર કર્યો.'

વર્ધમાને એના કારજનિમિત્તે વૃષોત્સર્ગ કર્યો.

સંજીવકના આયુષે બળ કર્યું. એટલે જમનાજળમિશ્ર શીતળ પવનથી એના શરીરમાં સ્ફૂર્તિ આવી. એ માંડ માંડ ત્રણ ખરી ભર ઊઠ્યો ને યમુનાતટે પહોંચ્યો. ત્યાં તે લીલાં ને કૂણાં ઘાસ ચરે છે ને સ્વચ્છન્દે ફરે છે. એમ કરતાં થોડા દિવસમાં તે ચન્દ્રશેખરના પોઠિયા જેવો હૃષ્ટપુષ્ટ ને બળવાન્ થઈ ગયો, અને રાફડામાં શીંગડાં ભરાવતો ગર્જના કરવા મંડ્યો.

હવે તે જ વનમાં સર્વ પશુઓના પરિવારવાળો પિંગલક નામે સિંહ રાજ્યસુખ અનુભવતો રહેતો હતો. તેને એક વાર તરષ લાગી, એટલે તે પાણી પીવા જમનાને કાંઠે ઊતર્યો. ત્યાં તેણે મેઘાડંબરના જેવી સંજીવકની ગંભીર ગર્જના દૂરથી સાંભળી. એનાથી વ્યાકુળ થઈને તે પાણી પીધા વિના પાછો



સિંહ પાણી પીવા ઊતર્યો ત્યાં તેણે સંજીવક બળદની
મેઘાડંબર જેવી ગર્જના સાંભળી.

આવ્યો અને વડ નીચે એની સભા બેઠી હતી, ત્યાં આવીને છાનોમૂનો બેસી ગયો.

વનરાજ પિંગલકના કરટક ને દમનક નામે બે શિઆળ પદભ્રષ્ટ મંત્રીઓ હતા. તે પરસ્પર મંત્રણા કરતા હતા ત્યાં દમનક કહે: 'કરટકભાઇ, આપણા સ્વામી જલપાન કરવા ગયા હતા તે કેમ આમ પાછા આવીને બેસી ગયા?' કરટક કહે: 'મારા મત પ્રમાણે તો આની સેવા જ ન કરવી જોઇએ. સ્વતંત્રતામાં જ જન્મની સફળતા છે. પરાધીન પણ જીવતામાં ખપે તો મરેલા કોને કહેવા? સેવાધર્મ પરમ ગહન છે, યોગીને પણ અગમ્ય છે.'

દમનક કહે: 'એમ શું કહેતા હશો? સેવા ન કરે એને છત્રચામર વાજિવારણનો વૈભવ ક્યાંથી મળે?'

કરટક કહે: 'તથાપિ આવી નિરર્થક ચિંતા કરવાનું આપણે શું પ્રયોજન? એ આપણું કામ જ નથી. કહ્યું છે કે,

પંચાતે પારકી વંઠ્યો ખીલાઊપાડ વાંદરો ॥૪॥

દમનક કહે: 'એ કેવી રીતે?' કરટક બોલ્યો:

કથા ૧

"મગધદેશમાં ધર્મારણ્યને પડખે કોઇ વણિક્પુત્રે વિહાર ચણાવવા માંડ્યો. ત્યાં કામ કરનારા મધ્યાહ્નવેળાએ જમવા સારુ ભોજનમંડપમાં ગયા ત્યારે કોઇ શિલ્પીએ કરવતથી અર્ધો વહેરેલા અર્જુનઝાડના થંભમાં ખેરનો ખીલો ભરાવ્યો. એવામાં વાંદરાંનું એક મોટું જૂથ ત્યાં આવી ચઢ્યું, ને આમ તેમ કૂદાકૂદ કરવા મંડ્યું. એમાંથી એક કાળનિમંત્રિત અટકચાળો વાંદરો સહજ ચપળતાથી થંભના બે ભાગ વચ્ચે બેસીને પ્રયત્નપૂર્વક

ખીલો ખેંચવા મંડ્યો; અને ખીલો નીકળી ગયો એવો જ પીલાઈને મરી ગયો.

એટલે હું કહું છું: 'પંચાતે પારકી' ઇત્યાદિ."

દમનક: 'તો પણ સ્વામીની ચેષ્ટા સેવકે અવશ્ય નિરખતા રહેવું જોઈએ.'

કરટક: 'એ તો પ્રધાનમંત્રીનું કામ છે. સેવકે બીજાના અધિકારની ચર્ચા કદાપિ ન કરવી ઘટે. જો,

પરાધિકારચર્ચા જે કરે સ્વામિહિતેચ્છુઓ ।
ભૂંકીને ગર્દભે માર ખાધો એમ દુખી થતા ॥ ૫ ॥

દમનકે પૂછ્યું: 'એ કેવી રીતે?' કરટક કહે:

કથા ૨*

"વારાણસીમાં કર્પૂરપટક નામે ધોબી હતો. થાકીપાકીને રાત્રિએ એ સૂતો હશે, ત્યાં ચોર આવ્યો. આંગણામાં ગધેડો બાંધેલો ઊભો હતો, ને કૂતરો બેઠો હતો. ગધેડાએ કૂતરાને કહ્યું: 'કુક્કુર રાણા, તારું તો આ કામ છે, તો પછી ઊંચે સાદે ભસીને તું સ્વામીને કેમ જગાડતો નથી?' કૂતરો કહે: 'રાસભરાજ, મારા કામની ચર્ચા તારે ન કરવી. તું જ ક્યાં નથી જાણતો, કે હું રાતદિવસ એના ઘરની રક્ષા કરું છું. પણ બહુ દિવસથી એને નીરાંત છે, એટલે એ મારો ઉપયોગ જાણતો નથી, અને મને ખાવાનું દેતાં યે વિસરી જાય છે. દુઃખ નથી પડતું તો શેઠ નોકરનો ભાવ પૂછતો નથી.' ગધેડો કહે: 'અરે ભૂંડા, વિપત્તિવેળાએ તું સ્વામીનું કામ સંભાળતો નથી એવો પાપી છે. ઠીક છે. હું જ શેઠને જગાડું.' એમ કરીને એ તાણીને

* નારાયણના હિતોપદેશમાંથી

ભૂંક્યો. આથી ધોબી જાગી ગયો. નિદ્રામાં ભંગ પડ્યો, એટલે એણે કોપાયમાન થઈને ગધેડાને લાકડીએ લાકડીએ માર્યો અને અધમુઓ કરી નાખ્યો.

એટલે હું કહું છું, 'પરાધિકારચર્ચાં જે' ઇત્યાદિ. શિકાર



ગધેડાને લાકડીએ લાકડીએ માર્યો ને અધમુઓ કરી નાખ્યો.

સારુ પશુ ગોતવાં એ આપણું કામ છે એની ચર્ચા કર ને. પણ આજ તો એ ચર્ચાનું પ્રયોજન નથી; કાલનો વધેલો આહાર પુષ્કળ પડ્યો છે.''

દમનકે કહ્યું: 'તમે તો રોટલા સારુ જ રાજસેવા કરો છો કે ? પણ પેટ તો પશુપંખીયે ક્યાં ભરતાં નથી ?'

કરટક કહે: 'પણ આપણે પ્રધાન નથી, તો પછી આપણે આ વિચાર શું કામ કરવો ?'

દમનક કહે: 'કાળે કરીને અપ્રધાન પણ પ્રધાન બને છે. બધો ય આધાર પોતાના પ્રયત્ન ઉપર છે.'

કરટક કહે: 'હવે તારો શું વિચાર છે ?'

દમનક કહે: 'આ આપણા સ્વામી તથા તેનો પરિવાર ભયભીત છે, ને એની મતિ મૂંઝાઈ ગઈ છે. એટલે એની પાસે જઈને આજ જ બુદ્ધિપ્રભાવથી એને હું વશ કરીશ તથા પ્રધાનપદ મેળવીશ.'

કરટક કહે: 'સેવા કેમ કરાય એનું તને ભાન નથી. અવસર વિના તું ગયો તો તારું અપમાન થવું છે.'

એણે કહ્યું: 'એમ તો એમ. પણ સેવકે સ્વામીને પડખે ચડવું જ જોઈએ.

દોષત્રાસે અનારંભ એ કાપુરુષલક્ષણ ।
કો અજીર્ણભયે ભાઈ ખાવાનું બંધ રાખતો ॥ ૬ ॥

રાજા વેલાની ઘોડે જે પાસે વસે એને વીંટાય છે. વિરાટનગર જતા પાંડવોને ધૌમ્યઋષિએ સેવાધર્મ શીખવ્યો હતો તે હું જાણું છું.'

કરટક કહે: 'તો જા. તારું કલ્યાણ થાય.'

દમનક ગયો ને પ્રણામ કરીને રાજા આગળ બેઠો. પિંગલકે



દમનક ગયો ને પ્રણામ કરીને રાજા આગળ બેઠો.

કહ્યું: 'છો તો સારા નરવા ને? બહુ દિવસે દેખાણો.'

દમનક કહે: 'દેવને તો અમારું કાંઇ પ્રયોજન નથી, તો પણ અવસર આવ્યે સેવકે સ્વામી આગળ આવ્યે જ છૂટકો. દાંત ખોતરવા સારુ તણખલાનું યે કામ પડે છે, તો માણસનો ખપ કેમ ન પડે? કોઈ પુરુષ મુકુટમાં કાચ રાખે, ને પગે મણિ બાંધે તો એમાં મણિને દૂષણ લાગતું નથી, પણ પુરુષની બુદ્ધિનું મૂલ્ય થઈ જાય છે. જે દેશમાં પરીક્ષક ન હોય ત્યાં સમુદ્રજાત રત્નોનું કાંઇ ન ઊપજે. આભીરદેશમાં ગોવાળિયા ચન્દ્રકાન્તમણિને ત્રણ કોડીએ વેચે છે.'

પિંગલક કહે: 'ભદ્ર દમનક, તું તો અમારો પ્રધાનપુત્ર છો; એટલે તારે જે કહેવું હોય તે સંકોચ વિના કહે.' દમનક કહે: 'દેવ, કાંઇક વિજ્ઞપ્તિ કરવાની છે.' પિંગલક બોલ્યો: 'તારે જે નિવેદન કરવું હોય તે કર.' એટલે દમનક કહે: 'સ્વામી પાણી પીવા ગયા હતા તે પાણી પીધા વિના વિસ્મિત જેવા કેમ અહિં આવીને બેસી ગયા?' પિંગલકે ઉત્તર દીધું: 'દમનક, દૂરથી મોટો અવાજ આવે છે તે તેં સાંભળ્યો? હું આ વન છોડવા ઇચ્છું છું, કારણ આ કોઈ અપૂર્વ જનાવર અહિં પેઠું છે, જેનો આ મોટો સાદ સંભળાય છે. જેવો એનો

શબ્દ છે એવું જ એ પરાક્રમી ને પ્રતાપી હશે.' દમનક કહે: 'શું શબ્દમાત્રથી સ્વામી ભયભીત થઈ ગયા? કહ્યું છે કે:

પૂર્વે મેં જાણિયું એમ મેદથી આ ભરેલ છે ।
માલીકોર તપાસ્યું તો ચામડું લાકડું તથા ॥૭॥

પિંગલક કહે: 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૩

"એક ભૂખ્યો શિઆળ ખાવાનું ગોતતો ભમતો હતો, ત્યાં તેણે બે સૈન્યનું રણક્ષેત્ર જોયું, અને ત્યાં મોટો અવાજ સાંભળ્યો. એનાથી ડરીને તેણે વિચાર્યું, કે 'આ શું? માર્યા આ તો. તો પણ જોઉં તો ખરો.' એમ કરીને બધે આંખ ફેરવી તો મોટું ઢોલ પડ્યું હતું, અને પવનથી ઝાડની ડાળી એના ઉપર પડતી, ત્યારે તે વાગતું હતું. શિઆળ એની પાસે ગયો તો તેને થયું કે, 'બહુ દિવસે આ મારે ખાવાનું મળ્યું. આ અવશ્ય માંસ, ચરબી ને લોહીથી પરિપૂર્ણ હશે.' પછી દાંત ભાંગી જાય એટલું બળ કરી ભેરીનું મુખ ચીરીને અંદર પેઠો તો ત્યાં કાંઈ ન મળે! એટલે મનમાં ને મનમાં હસીને તે આ શ્લોક બોલ્યો: 'પૂર્વે મેં જાણિયું' ઇત્યાદિ. એટલે હું કહું છું, કે માત્ર શબ્દથી ન ડરવું. આવે પ્રસંગે જ સેવકની પરીક્ષા થાય છે. હું જીવતો છું ત્યાં લગી આપે નિર્ભય રહેવું. પણ સંકટમાં પુરુષસમવાય દુર્લભ છે એટલે કરટક આદિને આશ્વાસન આપો.'

એટલે દમનકકરટકને રાજાએ પુષ્કળ ભેટ આપી, ને ભયનું ઓસડ કરવાની પ્રતિજ્ઞાપૂર્વક તે ચાલી નીકળ્યા. કરટક કહે: 'ભયનું કારણ જાણ્યા વિના ભય દૂર કરવાની પ્રતિજ્ઞા કરી રાજાનો પ્રસાદ લીધો તે ઠીક ન થયું.' દમનક કહે: 'મિત્ર,

તું કાંઇ બોલ મા. ભયકારણ હું જાણું છું. એ તો બળદ ભાંભરે છે, ને બળદ તો આપણું યે ભક્ષ્ય છે, પછી સિંહની વાત જ ક્યાં?' કરટક કહે: 'તો સ્વામીને ત્રાસ લાગ્યો છે તે ત્યાં જ મટાડવો હતો ને?' દમનક કહે: "ત્યાં જ ત્રાસ મટાડ્યો હોત, તો મહાપ્રસાદનો લાભ ક્યાંથી થાત? બીજું,


'સ્વામીને સેવકે નિશ્ચિંત ન કરવો. છતાં કરે તો એની દશા દધિકર્ણના જેવી થાય.'

કરટક પૂછે છે: 'એ કેમ?' દમનક કહે છે:

કથા ૪

"ઉત્તરાપથમાં અર્બુદ નામે પર્વતમાં દુર્દાન્ત નામે સિંહ હતો. તે ગુફામાં સૂતો ત્યાં નિત્ય આવીને કોઈ ઊંદર એની કેશવાળી કાપી જાય. ઊંદર ઉપર સિંહને રોષ ચડ્યો, પણ તે એને હાથ ન આવ્યો. એટલે ગામમાં જઈને એ દધિકર્ણ નામે બિલાડાને લઈ આવ્યો, ને તેને માંસાહાર દઈને ગુફામાં રાખ્યો. પછી તો બિલાડાના ભયથી ઊંદર ભોણમાંથી નીસરતો નહિ, એટલે સિંહ સુખેથી સૂતો. પણ જયારે જયારે ઊંદરનો શબ્દ એને કાને પડતો ત્યારે ત્યારે તે બિલાડાને ખાવાનું આપતો. હવે ભૂખનો માર્યો ઊંદર એકદાણ બહાર નીકળ્યો, એટલે દધિકર્ણે એને ઝાલીને મારી નાખ્યો. પછી તો સિંહ ઊંદરને જુએ નહિ ને એનો અવાજ સાંભળે નહિ, એટલે બિલાડાને ખાવાનું દેવાનું ક્યાંથી સાંભરે? દધિકર્ણ તો આહારવિરહથી દૂબળો થઈને મરવા પડ્યો. એટલે કહું છું, કે 'સ્વામીને સેવકે નિશ્ચિંત ન કરવો.'"

પછી બે ય ભાઇ સંજીવક આગળ ગયા અને કરટક એક ખીજડા તળે ભભકા સહિત બેઠો.



દધિકર્ણ તો આહારવિરહથી દૂબળો થઈને મરવા પડ્યો.

દમનકે સંજીવક સમીપ જઈને કહ્યું: 'અરે બળદ, પિંગલક રાજાએ મને આ અરણ્યની રક્ષા કરવા રાખ્યો છે. સેનાપતિ કરટક આજ્ઞા કરે છે, કે તરત આવ, નહિ તો આ વનમાંથી નીકળી જા. નકર એમાંથી સારું ફળ નહિ આવે.'

એટલે સંજીવક કરટક આગળ આવ્યો ને કહ્યું 'સેનાપતિ, મારે શું કરવું તે કહો.'

કરટક કહે: 'બળદ, તું આ વનમાં રહે છે, એટલે અમારા રાજાને પગે પડ.'

સંજીવક કહે: 'મને અભયદક્ષિણા આપો તો આવું.'

કરટક કહે: 'સાંભળ, રે બળદ, એવી શંકા તારે ન કરવી. વંટોળિયો નીચાં નમેલાં ખડને ઊખેડતો નથી, પણ ઊંચા તરુવરને જ તોડે છે.'

પછી તે સંજીવકને થોડે દૂર રાખીને પિંગલક આગળ ગયા. રાજા કહે: 'એને દીઠો?' દમનક કહે: 'દેવ, દીઠો. એ આપના દર્શનાર્થે આવે છે; પણ મહાબળિયો છે, એટલે સજ્જ થઈને બેસો. પણ ફક્ત અવાજથી બીવું નહિ. કહ્યું છે, કે

અકળાવું ન શબ્દોથી ન જાણી શબ્દકારણ ।
શબ્દકારણ જાણીને ગણિકા માન પામતી ॥૮॥

રાજાએ કહ્યું: 'તે કેમ?' દમનક કહે છે:

કથા ૫*

"શ્રીપર્વત ઉપર બ્રહ્મપુર નામે નગર હતું. પર્વતના શિખર ઉપર ઘંટાકર્ણ નામે રાક્ષસ વસે છે એવી વાત ચાલતી. એક વાર એક ચોર ઘંટ લઈને ભાગ્યો, એને વાઘે મારી નાખ્યો. એના હાથમાંથી ઘંટ પડી ગયો તે વાંદરાઓને જડ્યો. પછી વાંદરા એ ઘંટ વારે વારે વગાડે. હવે નગરજનોએ એ માણસને ફાડી ખાધેલો દીઠો અને ક્ષણે ક્ષણે ઘંટાનાદ સાંભળ્યો. એટલે ઘંટાકર્ણ ક્રોધ કરીને માણસને ખાય છે અને ઘંટ વગાડે છે એમ કરીને સર્વે લોકો નગરમાંથી પલાયન કરી ગયા. પણ કરાલા નામે એક ગણિકા હતી. એણે જઈને જોયું તો માંકડા ઘંટ વગાડતા હતા. એટલે એણે રાજાને વિજ્ઞપ્તિ કરી: 'દેવ, કાંઈક ધન વાવરો તો આ ઘંટાકર્ણને હું સાધું.' રાજાએ તેને ધન દીધું અને તેણે ગણેશની સ્થાપના ને એવા ઢોંગધતૂરા કર્યા, તથા પછી પોતે વાનરને ભાવતાં ફળ લઈને વનમાં ગઈ, ને ફળ ત્યાં વેર્યાં; એટલે વાનરો ઘંટ છોડીને ફળ ઉપર તૂટી પડ્યા. ગણિકાએ ઘંટ નગરમાં આણ્યો ને સર્વે લોકોએ એને બહુ માન આપ્યું.

* હિતોપદેશમાંથી



પછી વાંદરો એ ઘંટ વારે વારે વગાડે.

એટલે હું કહું છું 'અકળાવું ન શબ્દોથી' ઇત્યાદિ."

પછી દમનક સંજીવકને તેડવા ગયો. એને તેડીને આવતો હતો, ત્યાં દમનકે સંજીવકને શીખામણ આપી: 'એ ભાઈ સંજીવક, રાજાનું તું કૃપાપાત્ર થા તો તારે મારી હારે હળી મળીને ચાલવું, હું પણ તારી હારે સંકેત કરીને જ ચાલીશ. એમ કરશું તો રાજ્યલક્ષ્મી આપણે બેય ભોગવશું. કેમ કે:

મદમત્ત ન પૂજે જે ઉત્તમાધમમધ્યમ ।
પડે દંતિલની પેઠે રાજમાન્ય ભલે જ હો ॥૯॥

સંજીવક કહે: 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૬

"વર્ધમાન નામે નગરમાં દંતિલ નામે સકલપુરનાયક રહેતો હતો. તેણે રાજકાજ તથા નગરકાજ કરીને રાજાપ્રજા ઉભયને સંતોષ્યાં હતાં. એક વાર દંતિલને ઘેર વિવાહ હતો. તેણે પુરલોકને તથા રાજપુરુષોને માનપુઃરસર નોતરીને જમાડ્યા તથા વસ્ત્ર આદિથી સત્કાર કર્યો. વિવાહ પછી એણે રાજાને પણ જમાડ્યો પણ રાજગૃહમાં વાસીદું વાળનારો ગોરંભ નામે રાજસેવક અનુચિત ઠેકાણે બેઠો હતો એને અર્ધચન્દ્ર દઈને કાઢી મૂક્યો. આ અપમાનને લીધે ગોરંભને રાત્રિએ નિદ્રા નહોતી આવતી, ને દંતિલ ઉપર રાજાની અકૃપા કેમ કરાવવી એની તે ચિંતા કર્યા કરતો હતો.

એક દિવસ પરોઢિયે રાજા શય્યામાં યોગનિદ્રા કરતો પડ્યો હતો, ત્યાં સંજવારી કાઢતાં કાઢતાં ગોરંભ બોલ્યો: 'અહો, દંતિલ કેવો ગર્વિષ્ઠ કે રાણી હારે અનુચિત વ્યવહાર કરે છે?'

રાજાએ સહસા ઊઠીને એને કહ્યું: 'અરે ગોરંભ, તેં કહ્યું તે સાચું? દંતિલ દેવી જોડે અઘટિત વ્યવહાર રાખે છે?'

ગોરંભ કહે: 'દેવ, રાત્રિએ મારે જુગાર રમતાં જાગરણ થયું હતું એટલે મને એકાએક નીંદર આવી ગઈ. અને મેં શું કહ્યું તેનું મને ભાન નથી.'

રાજાએ વિચાર કર્યો, 'સ્વપ્નમાં ને મદોન્મત્ત દશામાં માણસ સાચું બોલી જાય છે, એમ આ બોલ્યો તે સાચું તો નહિ હોય?' એમ કરીને એણે દંતિલનો રાજદ્વારપ્રવેશ જ બંધ કર્યો.

राजा मित्रं केन दृष्टं श्रुतं वा એ વાક્યના અનુભવી દંતિલને રાજદ્વારે રોક્યો ત્યારે ઝાડુવાળા ગોરંભે હસીને દ્વારપાળોને કહ્યું: 'આને વિચાર કરીને વારજો, નહિ તો જેમ

મને તેમ તમને પણ એ અર્ધચન્દ્ર આપશે.' આ ઉપરથી દંતિલ જાણી ગયો કે, આ તો ગોરંભનું જ કામ છે. એટલે તેણે ગોરંભને રાતે બોલાવી વસ્ત્રજોડી આપી તથા એની ક્ષમા માગી. ગોરંભને પણ સ્વર્ગરાજ્યસમાં વસ્ત્ર મળ્યાં એટલે પ્રસન્ન થઈને એણે કહ્યું: 'શેઠ, હું તમને ક્ષમા કરું છું, અને તમે મારું સંમાન કર્યું છે તો હવે મારો બુદ્ધિવૈભવ તથા રાજપ્રસાદ જોજો.'

પછી એક દિવસ રાજા અર્ધો જાગતો પડ્યો હતો ને ગોરંભ રાજકુલમાં સંમાર્જન કરતો હતો ત્યાં તે બોલ્યો: 'અહો, આપણા ભૂપતિ કેવા અવિવેકી કે જંગલ જાય છે ત્યાં ચીભડું ખાય છે!'

આ સાંભળીને રાજાએ કહ્યું: 'રે રે ગોરંભ, આમ અપ્રસ્તુત શું લવતો હઈશ? ઘરકામકરો જાણીને હું તારો વધ નથી કરતો. એવું કરતો તેં મને કદાપિ દીઠો છે?'

તેણે કહ્યું: 'મહારાજ, રાતે ઉજાગરો થયો હતો, એટલે સંમાર્જન કરતાં કરતાં મને ઊંઘ આવી ગઈ, અને ઊંઘમાં હું શું બોલ્યો તે હું જાણતો નથી. નિદ્રાપરવશ મારા ઉપર દયા કરો.'

આ સાંભળીને રાજાએ વિચાર્યું: 'મારે વિષે જેમ આણે અસંભાવ્ય વાત કરી તેમ દંતિલની યે કરી હશે એ નિશ્ચય. એટલે એ બાપડાને માનરહિત કર્યો તે ઠીક ન થયું. એથી તો રાજકાજ તથા પૌરકાજ બધું રખડી પડ્યું છે.' એમ કરીને એણે દંતિલને બોલાવી પોતાના શરીર ઉપરથી વસ્ત્રાભરણ ઊતારીને એને આપ્યાં, અને એનો અધિકાર એને પાછો સોંપ્યો. એટલે હું કહું છું 'મદમત્ત ન પૂજે જે' ઇત્યાદિ."

સંજીવક કહે: 'ભદ્ર, એ વાત સાચી છે. આપે કહ્યું એમ જ હું કરીશ.'

સંજીવકે આવીને સાવજને પ્રણામ કર્યા. સાવજે એને એનો વૃત્તાન્ત પૂછ્યો તે સંજીવકે કહ્યો, એટલે સાવજે એને આઠે પ્રહર પોતા આગળ રહેવા કહ્યું. સંજીવકપિંગલકની વચ્ચે આમ એવી ગાઢ પ્રીતિ થઈ ગઈ કે બીજા કોઇને સિંહ આગળ ઢૂકવાનું પણ મળે નહિ, એ જોઇને કરટકદમનક અન્યોન્ય વિચાર કરવા મંડ્યા. ત્યાં દમનક બોલ્યો: 'ભદ્ર કરટક, આ તો હાથે કર્યાં હૈયે વાગ્યાં જેવું થયું. પિંગલક આગળ મેં જ સંજીવકને આણ્યો પણ એ તો પેધી ગયો, અને આપણો તો ભાવે ય પૂછાતો નથી. એટલે હવે તો એ બેની વચ્ચે ભેદ પડાવવો જોઈએ.'

કરટક કહે: 'તું કાંઇ એવો સમર્થ નથી. કેવી રીતે તું ફૂટ પડાવીશ?'

દમનક કહે: 'ભદ્ર, એને નોખા પાડવાનો ઉપાય વિચારવો જોઇએ. કહ્યું છે કે,

ઉપાયોથી બને જે તે નહિ થાય પરાક્રમે ।
મારે કનકસૂત્રેથી કાગડી કૃષ્ણસર્પને ॥ ૧૦ ॥

કરટક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૭

"એક વડ ઉપર કાગડોકાગડી રહેતાં હતાં. કાગડીને પ્રસવ થાય ત્યારે ત્યારે ઝાડની બખોલમાંથી નીકળીને એક કાળો નાગ એનાં બચ્ચાંને ખાઈ જાય. એટલે દંપતીએ પોતાના પ્રિય મિત્ર એક શિઆળને પૂછ્યું: 'ભદ્ર, આ સ્થિતિમાં શું કરવું?' તેણે કહ્યું: 'તમે ઉચાટ કરો મા. પણ કાંઇક ઉપાય કર્યા વિના એ દુષ્ટનો નાશ નહિ થાય. કહ્યું છે કે,

માછલાં બહુ ખાઈને ઉત્તમાધમમધ્યમ ।
લોભી બક મુઓ ઝાલ્યું ગળું એનું કુલીરકે ॥૧૧॥

વાયસદંપતી કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૮

"માલવદેશમાં પદ્મગર્ભ નામે નાનાજલચરસનાથ સરોવર હતું. ત્યાં એક બગલો વૃદ્ધાવસ્થાને કારણે માછલાં મારવા અસમર્થ થઈ ગયો હતો, એટલે તે સરોવરતીરે જઈને મોતી જેવાં આંસુથી ધરાતલને સીંચતો રોવા મંડ્યો. એને રડતો જોઈને એક કરચલો બોલ્યો: 'મામા, પહેલાં કરતા એમ આજ કેમ આહાર નથી કરતા ને રુઓ છો?' બગલો



એને રડતો જોઈને એક કરચલો બોલ્યો: 'મામા, પહેલાં કરતા એમ આજ કેમ આહાર નથી કરતા ને રુઓ છો?'

કહે: 'વત્સ, આજ મને મત્સ્યાહાર ઉપર પરમ વૈરાગ્ય આવી ગયું છે.' કરચલે પૂછ્યું: 'એ વૈરાગ્યનું કારણ શું ?' તે બોલ્યો: 'મેં સાંભળ્યું કે બાર વર્ષ લગી વૃષ્ટિ નહિ પડે, કેમ કે શનિ રોહિણીની ગાડી વચ્ચે થઈને મંગળશુક્ર આગળ જાય છે. વરાહમિહિર કહે છે:

यदि भिन्त्ते सूर्यसुतो रोहिण्याः शकटमिह लोके।
द्वादश वर्षाणि तदा नहि वर्षति वासवो भूमौ॥

વળી આ તળાવમાં તો પાણી જ ઓછું છે એટલે એ ઝટ શોષાઈ જાય, ને તળાવ સૂકાય એટલે જેની હારે હું મોટો થયો ને રમ્યો એ સર્વ નાશ પામે. એનો વિયોગ મારાથી કેમ ખમાય ? એટલે મેં અનશનવ્રત લીધું છે. હમણા નાનકડા જળાશયવાળા જળચરને એના સ્વજન મોટા જળાશયમાં લઈ જાય છે, પણ આ તળાવવાળા નિશ્ચિંત છે તે જોઈને મને વધારે રોવું આવે છે.'

કરચલે જઈને આ વાત બીજા જળચરોને કરી, એટલે મૂંઝાયેલી મતિવાળા એ બધાએ બગલાને પૂછ્યું: 'મામા, એવો કોઇ ઉપાય છે, જેથી અમારી રક્ષા થાય ?' બગલે કહ્યું: 'અહિંથી થોડે આઘે પદ્મિનીખંડમંડિત બહુ જળવાળું અગાધ સરોવર છે, જે ચોવીશ વર્ષના દુકાળથી યે સૂકાય નહિ. કોઇ મારી પીઠ ઉપર બેસે તો તેને હું ત્યાં લઈ જાઉં.'

બગલા ઉપર માછલાંને વિશ્વાસ બેઠો, એટલે ભાઇબાપા, કાકામામા કરતાં પહેલાં હું, પહેલાં હું એમ બોલતાં તે એને ઘેરી વળ્યાં. હવે દુરાત્મા બગલો ક્રમે ક્રમે એક એકને પીઠે બેસાડી થોડીક દૂર એક શિલા હતી તેના ઉપર નાખીને ખાઈ જાય, અને પાછો તળાવે આવીને જળચરોનું ખોટા સમાચાર ને સંદેશાથી મનોરંજન કરે એમ બહુ દિવસ ચાલ્યું. પછી એક

દિવસે કરચલાએ બગલાને કહ્યું: 'મામા, તારે પ્રથમ સ્નેહ-સંભાષણ મારી હારે થયું હતું. તો મને તજીને બીજાને કેમ લઈ જાય છે? આજ તો મૃત્યુમુખથી મારો જીવ બચાવ.' એ સાંભળીને બગલાએ વિચાર્યું: 'માછલાંનું એકરસ માંસ તો હવે મને અભખે પડ્યું છે, એટલે કરચલાનો અપૂર્વ સ્વાદ કરું.' એમ કરી કરચલાને પીઠે બેસાડીને વધ્યશિલા ઢાળો ચાલી નીકળ્યો. પણ કરચલે આઘેથી માછલાંનાં હાડકાંનો પર્વત જોઈને એને પૂછ્યું: 'મામા, જળાશય કેટલો દૂર છે? મારા ભારથી તું બહુ થાકયો હઈશ.' બગલો સ્મિત કરીને બોલ્યો: 'કરચલા, બીજો જળાશય કેવો? આ તો મારી પ્રાણયાત્રા છે. એટલે ઇષ્ટદેવતાનું સ્મરણ કરી લે, પછી તને પણ ખાઉં.' આમ વાત કરે છે ત્યાં કરચલે એનું ગળું ઝાલીને એને મારી નાખ્યો. પછી એનું ડોકું લઈને સરોવરે આવ્યો ને વાત કરી: 'વિશ્વાસઘાતક બગલાનો અભિપ્રાય હું જાણી ગયો અને એને પૂરો કર્યો.'

એટલે હું કહું છું: 'માછલાં બહુ ખાઈને '-ઇત્યાદિ."

કાગડો કહે: 'ભદ્ર, તો કહે, તે દુષ્ટ સર્પનો વધ કેમ થાય?'

શિઆળ બોલ્યો: 'અહિં પડખે સરોવર છે ત્યાં રાજપુત્ર નિત્ય ન્હાવા આવે છે, ને સ્નાનસમયે એનું સુવર્ણસૂત્ર તીર્થશિલા ઉપર મૂકે છે, એ ચાંચથી ઉપાડી આવો ને નાગની બખોલમાં મૂકો. એટલે કુંવરના માણસો એને મારી નાખશે.'

આ યોજના પ્રમાણે કાગડીએ હેમસૂત્ર ઉપાડ્યું, ને આકાશમાં પોતાને દેખાડતી ધીરે ધીરે પોતાને ઘેર આવી. રાજપુરુષો એની વાંસે વાંસે આવ્યા. કાગડી સર્પના ભોણમાં કનકસૂત્ર નાખી દૂર જઈને ઊભી. રાજપુરુષો ઝાડે ચડ્યા ત્યાં સર્પને દીઠો, ને એને મારીને કનકસૂત્ર લઈ ગયા.



આ યોજના પ્રમાણે કાગડીએ હેમસૂત્ર ઉપાડ્યું ને આકાશમાં પોતાને દેખાડતી ધીરે ધીરે પોતાને ઘેર આવી.

એટલે હું કહું છું: 'ઉપાયેથી બને જે તે' ઇત્યાદિ. વળી કહ્યું છે:

ઉપાયે સાધ્ય જે છે તે બલસાધ્ય બને નહિ ।
શિઆળે હણિયો હાથી ચાલતાં પંકમારગે ॥ ૧૨ ॥"

કરટકે કહ્યું: 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૯ [હિતોપદેશની]

બ્રહ્મારણ્યમાં કર્પૂરતિલક નામે હાથી હતો. એને જોઈને સર્વે શિઆળ વિચાર કરવા મંડ્યા, કે 'જો આ કોઈ પણ ઉપાયથી મરે તો આપણને એના શરીરથી ચાર માસનું ભોજન મળી જાય.' ત્યાં એક બુઢ્ઢા શિઆળે પ્રતિજ્ઞા કરી, કે 'બુદ્ધિપ્રભાવથી હું આનું મરણ સાધીશ.'

પછી તે ધૂતારો કર્પૂરતિલક આગળ જઈ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બોલ્યો: 'દેવ, પ્રસન્ન થઈને મારા ઉપર દૃષ્ટિ કરો.' હાથી કહે: 'તું કોણ છે? ક્યાંથી આવ્યો છે?' તે બોલ્યો: 'હું શિઆળ છું. સર્વ વનવાસી પશુઓએ મળીને આપ આગળ મને પાઠવ્યો છે. રાજા વિના રહેવું અજુગતું છે, અને આ વનરાજ્યમાં અભિષેક કરવા સારુ આપ સર્વસ્વામિ-ગુણવાન્ જોવામાં આવ્યા છો, કેમ કે:

પહેલો મેળવો રાજા પછી ભાર્યા પછી ધન ।
રાજા હોય ન આ લોકે કેવી ભાર્યા કેવું ધન ॥ ૧૩ ॥

એટલે લગ્નની વેળા વીતે નહિ ત્યાં દેવ સત્વર પધારો.' એમ કરીને એ ચાલતો થયો. રાજ્યલોભમાં તણાયેલો કર્પૂરતિલક એની પાછળ પાછળ દોડતાં મોટા કાદવમાં ખૂતી ગયો, એટલે તે બોલ્યો: 'સખે શિઆળ, હવે શું કરવું?' શિઆળ હસીને બોલ્યો: 'દેવ, મારી પૂછડીનું અવલંબન કરીને ઊઠો. મારા જેવાના વચનમાં તમે વિશ્વાસ રાખ્યો તો અશરણ દુઃખ અનુભવો.' આમ ખૂતેલા હાથીને શિઆળો ખાઈ ગયા. એટલે

હું કહું છું: 'ઉપાયે સાધ્ય જે છે તે' ઇત્યાદિ."

આખ્યાન સમાપ્ત થયું એટલે દમનકે ફરી કહ્યું: 'આમ બુદ્ધિશાળીને કાંઈ અસાધ્ય નથી. કહ્યું છે કે:

બળ છે બુદ્ધિશાળીનું બળ શું બુદ્ધિહીનનું ।
વને સિંહ મદોન્મત્ત મરાણો સસલા થકી ॥૧૪॥

કરટક કહે: 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૧૦

એક વનમાં ભાસુરક નામે સિંહ હતો. તે નિરન્તર પશુઓને માર્યા કરતો હતો, એટલે સર્વ પશુઓએ મળીને મૃગરાજને વિજ્ઞપ્તિ કરી કે 'દેવ, આમ મૃગમાત્રનો પરલોકવિરુદ્ધ ઘાણ કાઢવો એમાં શું સાર? તેમાં અમારો તો જાણે નાશ જ છે, પણ બે દિવસ પછી તારો આહાર પણ ખૂટી જાય. એટલે બેય પક્ષને ઉપદ્રવ છે, તે કરતાં અમે જ સ્વામીના આહાર સારુ જાતિક્રમ પ્રમાણે એકેક વનચર પ્રતિદિન મોકલતા રહેશું. જેથી તારી પ્રાણયાત્રા ક્લેશ વિના થાય, અને અમારો સર્વનાશ ન થાય.' સિંહ કહે: 'ભલે.'

એમ કરતાં એક દિવસ એક વૃદ્ધ સસલાનો વારો આવ્યો. સિંહને મારવાનો ઉપાય વિચારતો વિચારતો તે મોડો મોડો સિંહ આગળ જાય છે ત્યાં મારગમાં એણે કૂવો દીઠો. કૂવા ઉપર થઈને એ ચાલ્યો એવું એણે પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોયું. તે જોઈને એણે વિચાર્યું: ઉપાય તો ભવ્ય છે. હું ભાસુરકને ચીડવી કરીને મારા બુદ્ધિબળથી આ કૂવામાં પાડીશ.

સિંહ આગળ ગયો, તો તેણે પૂછ્યું: 'ભોજનવેળા વીતી ગઈ એટલું બધું અસૂર કેમ કર્યું? તારી ને બીજા પશુઓની હવે વાત છે.'

સસલાએ સવિનય કહ્યું: "સ્વામિન્, એમાં મારો કે પશુઓનો અપરાધ નથી. હું ને બીજા ચાર સસલા તારી આગળ આવતા હતા, ત્યાં વચ્ચે કોઈ બીજો સિંહ મળ્યો, તેણે કહ્યું: 'રે, તમે ક્યાં ઊપડ્યા? ઇષ્ટ દેવતાનું સ્મરણ કરો.' મેં કહ્યું: 'અમે સ્વામી ભાસુરક સિંહ આગળ ઠરાવ પ્રમાણે એના આહાર અર્થે જઇએ છિએ.' પછી તેણે કહ્યું: 'એમ હોય તો આ મારું વન છે એટલે પશુઓએ ઠરાવ તો મારી હારે કરવો જોઈએ. ભાસુરક તો ચોર છે. એ રાજા હોય તો ચાર સસલા અહિં વિશ્વાસસ્થાને રહે, અને તું એને ઝટ અહિ તેડી આવ. પછી અમારા બેમાંથી જે પરાક્રમ કરીને રાજા બને તે આ સર્વને ખાય.' આમ વાર લાગી. હવે જેવી સ્વામીની આજ્ઞા."

ભાસુરક કહે: 'તો ભદ્ર, મને એ ચોર સિંહ સત્વર દેખાડ. એટલે પશુ ઉપર ચડેલી રીસ એના ઉપર ઊતારીને હું સ્વસ્થ થાઉં.'

સસલો કહે: 'સાચી વાત છે, સ્વામિન્, પણ એ સિંહ ગઢમાં વસે છે અને ગઢવાસી શત્રુ સાધવો કઠણ છે.'

સિંહ કહે: 'એની કાંઇ ચિંતા નહિ. તું તારે મને એની આગળ તેડી જા.'

સસલો કહે: 'તો પધારો.' એમ કરીને એ સિંહને કૂવા આગળ લઈ ગયો, ને કહ્યું: 'સ્વામી, તારો પ્રતાપ સહન કરવા કોણ સમર્થ થાય? તને જોઈને ચોર સિંહ દુર્ગમાં પેસી ગયો છે. ચાલ, બતાવું.'

મૂર્ખ સિંહે કૂવામાં પાણીના મધ્યમાં પોતાનો પડછાયો જોઇને ગર્જના કરી. એની ત્રાડથી બમણો પડઘો કૂવામાથી પડ્યો. એટલે ત્યાં શત્રુ છે એમ જાણીને એ તેના ઉપર તૂટી પડ્યો અને પંચત્વ પામ્યો.

એટલે હું કહું છું: 'બળ છે બુદ્ધિશાળીનું' ઇત્યાદિ. હવે આપ કહો તો ત્યાં જઈને મારા બુદ્ધિબળથી એની મૈત્રી તોડું."

કરટક કહે: 'એમ હોય તો જા, તારું ધાર્યું કર.'

એટલે દમનક પિંગલકને એકલો જોઈને એની પાસે ગયો. પિંગલકે પૂછ્યું: 'કેમ હમણાં દેખાતો નથી?' દમનક કહે, 'દેવચરણને અમારું કામ ન હોય ને શું આવવું? તથાપિ એક વાત જાણીને છાના રહેવાય એમ નહોતું એટલે કહેવા આવ્યો છું. આ સંજીવક રાજદ્રોહી બન્યો છે. એણે મને કહ્યું કે: "આ પિંગલકની શક્તિમાં સારઅસાર કેટલું છે તે હવે જોઈ લીધું છે, એટલે હવે એને હણીને રાજ લઈશ."'

આ વજ્ર જેવું દુ:સહ વચન સાંભળીને પિંગલકને કઠોર આઘાત થયો, એની મતિ મૂંઝાઈ ગઇ ને એ કાંઈ બોલ્યો નહિ. એનો આકાર જોઈને દમનક કહે: 'મહારાજ, એક મંત્રી પ્રધાન બંને એનું આ પરિણામ છે. હવે તો એ એકેએક કામમાં સ્વેચ્છાએ વર્તે છે.'

સિંહ કહે: 'ભદ્ર, તો પણ એના ઉપર મને ખાર આવતો નથી. અનેક દોષથી દુષ્ટ હોવા છતાં દેહ કોને પ્રિય નથી? ભલે એ પીડા કરે તો પણ જે પ્રિય છે તે પ્રિય જ રહે છે.'

દમનક કહે: 'એટલે જ આપદા આવી પડી છે. સ્વામીએ સર્વે પશુઓને આઘા કરી આના ઉપર આસ્થા બાંધી એટલે આ હવે સ્વામિત્વ વાંછે છે.'

સિંહ કહે: 'તે હશે. પણ સંસદમાં જેને પૂર્વે ગુણવાન્ કહ્યો હોય, એને જ નિર્ગુણ કહેતાં પ્રતિજ્ઞાનો ભંગ થાય એટલે આપણી જીભ કેમ ઊપડે? બીજું મેં આને શરણાગત જાણીને અભયવચન આપ્યું છે, તે મારો દ્રોહ કેમ કરે?'

દમનક કહે, 'મૃગેન્દ્ર, દુર્જનની નિત્ય સેવા કરિએ તો પણ તે સીધો ન બને. કૂતરાની પૂછડીને શેકિએ, તેલ લગાડીને મર્દન કરિએ, રાંઢવાથી વીંટિએ, ને બાર વર્ષે છોડિએ તો પણ વાંકી ન મટે. અને વિષવૃક્ષને અમૃત સીંચિએ તો પણ એને મીઠું ફળ ન આવે. એટલે મારું હિતવચન સ્વામીએ ઓળંગવું નહિ. સાંભળો:


વાઘવાનરસર્પોનું કહ્યું જો મેં કર્યું નહિ।
તો મને નાખિયો મારી દુર્વિનીત નરે અરે ॥ ૧૫ ॥'

પિંગલક બોલ્યો, 'એ કેમ?' દમનક કહે છે:

કથા ૧૧*

કોઇ સ્થાનમાં યજ્ઞદેવ નામે બ્રાહ્મણ હતો. દરિદ્રતાની મારી એની બ્રાહ્મણી નિત્ય એને કહેતી, કે 'હે નિરુત્સાહ કઠોર હૃદયના બ્રાહ્મણ, છોકરાં ભૂખે વલખાં મારે છે એ તમે જોતા નથી, તે નિશ્ચિન્તપણે બેઠા છો? ગમે એટલો પન્થ કરીને પણ આજે સારું ખાવાનું મેળવવાનો ઉપાય કરો.' સ્ત્રીનાં વચનથી કંટાળીને બ્રાહ્મણ લાંબે પંથે નીકળ્યો, અને થોડેક દિવસે એક મોટા વનમાં પેઠો. ત્યાં એને તરષ લાગી, એટલે પાણી ગોતતાં ગોતતાં ઘાસથી ઢંકાયેલો મોટો કૂવો એના જોવામાં આવ્યો. એમાં જુએ છે તો વાઘ, વાનર, સર્પ તથા માણુસને કૂવામાં દીઠા, અને એ બધાએ એને જોયો. એને જોઈને વાઘ બોલ્યો: 'હે મહાશય, પ્રાણિરક્ષાથી બહુ ધરમ થાય છે, એટલે

* પૂર્ણભદ્રસૂરિ નામે જૈન સાધુએ शरबाणतरणिवर्षे रविकरवर्दि फाल्गुने तृतीयायाम्। (સં. ૧૨૫૫માં) પંચતન્ત્રનો જીર્ણોદ્ધાર કર્યો એની ઉમેરેલી આ વાત છે.



સ્ત્રીના વચનથી કંટાળીને બ્રાહ્મણ લાંબે પંથે નીકળ્યો.

મને કૂવામાંથી કાઢ, જેથી હું મિત્રપુત્રકલત્ર આદિ સ્વજનને જઈ મળું.'

બ્રાહ્મણ કહેઃ 'તમારું નામ લેવાતાં પણ સર્વ પ્રાણીઓને ભય ઊપજે છે, એટલે હું તમારાથી બીઉં છું.'

વાઘ ફરીથી બોલ્યો,

'બ્રહ્મહત્યા સુરાપાન વ્રતભંગાદિ પાપનાં ।
પ્રાયશ્ચિત્ત કહ્યાં સંતે કૃતઘ્ને નહિ નિષ્કૃતિ ॥ ૧૬ ॥

એટલે મારાથી ત્રાસો મા, અને મને કાઢો.' તેથી બ્રાહ્મણે પોતાના ચિત્તમાં વિચાર કર્યો, કે 'પ્રાણીના પ્રાણની રક્ષા કરતાં વિપત્તિ આવી પડે તો તે પણ શ્રેયસ્કર છે.' એમ કરીને એણે વાઘને કાઢ્યો.

એવી જ રીતે વાનરને યે કાઢ્યો, એટલે સર્પ કાલાવાલા કરવા મંડ્યો ને કહ્યું: 'અમે જેને તેને કરડવા સ્વતંત્ર નથી, આદેશ વિના અમે ડંખ નથી દેતા.' એટલે એને પણ કાઢ્યો.

પછી એ બધા બોલ્યા કે 'માણસ પાપમાત્રનું ઘર છે, એટલે એને કાઢતા નહિ, ને એનો વિશ્વાસ કરતા નહિ.' વળી વાઘ કહે, 'આ બહુ શિખરવાળો પર્વત દેખાય છે એને ઉત્તર પાસે મારી ગુફા છે. ત્યાં મારા ઉપર અનુગ્રહ કરીને એકવાર આવજો, એટલે હું તમારા ઉપકારનો પ્રત્યુપકાર કરીશ, તથા તમારા ઋણથી મુક્ત થઈશ.' વાનર કહે, 'ત્યાં જ ગુફા પાસે ઝરણા આગળ મારો વાસ છે, ત્યાં પધારજો.' અને સર્પ કહે, 'દુઃખ પડે ત્યારે મને સંભારજો' એમ કહીને એ ત્રણે પોતપોતાને માર્ગે ગયા.

હવે કૂપસ્થ પુરુષ ફરી ફરીને સાદ કરે છે કે 'હે બ્રાહ્મણ, મને પણ કાઢ.' એને પોતાના પક્ષનો જાણીને બ્રાહ્મણે એને પણ કાઢ્યો, એટલે એણે કહ્યું, 'હું સુવર્ણકાર છું ને ભૃગુકચ્છમાં વસું છું. જો સોનું કાંઈ ઘડાવવું હોય તો મારી આગળ આણજો' એમ કહીને એ ચાલતો થયો.

બ્રાહ્મણ બહુ ભમ્યો પણ એને કાંઈ પ્રાપ્તિ થઈ નહિ, એટલે ઘેર પાછો આવવા નીકળ્યો. આવતાં આવતાં વાનરને મળ્યો, એણે તેને અમૃત જેવાં સ્વાદિષ્ઠ ફળ આપ્યાં. પછી વાઘ આગળ ગયો તો કોઈ રાજપુત્રને એણે માર્યો હશે તેના શરીર ઉપરથી એણે ઊતારી લીધેલો કંઠો એણે બ્રાહ્મણને આપ્યો. બ્રાહ્મણને થયું કે કંઠો વેચવામાં સુવર્ણકારની સહાયતા લીધી હોય તો ઠીક.

એમ કરીને એ સોની આગળ ગયો ને કંઠો તેને બતાવ્યો. સોનીએ જોયું તો રાજકુમાર સારુ પોતે જ ઘડી આપેલો કંઠો હતો. એટલે તેણે રાજકુળમાં જઈને તે રાજાને બતાવ્યો. કંઠો બ્રાહ્મણ પાસેથી નીકળ્યો એમ જાણતાં રાજાએ વિચાર્યું, કે એ દુરાત્માએ જ મારા પુત્રને મારી નાંખ્યો હશે; એટલે એણે રક્ષક પુરુષોને બ્રાહ્મણને બાંધી રાત વીત્યે સૂળીએ ચડાવવાની આજ્ઞા કરી.

બંધનમાં પડેલા બ્રાહ્મણે સર્પનું સ્મરણ કર્યું. સંભાર્યા ભેળો સર્પ એની પાસે આવ્યો, એટલે બ્રાહ્મણે એને પોતાને બંધનથી મૂકાવવા કહ્યું. સર્પ કહે, 'હું રાજાની રાણીને ડંખ મારીશ અને મોટા માન્ત્રિકો મંત્ર જપે, તથા વૈદ્યો વિષનાશન પ્રયોગ કરે તો ય ઊતરીશ નહિ. પણ તારા હાથનો સ્પર્શ થાય એટલે ઊતરી જઈશ અને તું છૂટી જઈશ.' આમ પ્રતિજ્ઞા કરીને એ રાણીને કરડ્યો, એટલે રાજકુળમાં હાહાકાર થઈ ગયો, અને આખું નગર આકુળવ્યાકુળ થઈ ગયું. કંઈક ગારુડિકતાંત્રિકને બોલાવ્યા પણ કોઈના ઉપચાર ફાવ્યા નહિ, એટલે સાદ પડાવ્યો. તે સાંભળીને બ્રાહ્મણે રાણીને વિષમુક્ત કરવાનું માથે લીધું. એથી બ્રાહ્મણને છોડીને રાજા આગળ લઈ ગયા, ને એણે રાણીને હાથ લગાડ્યો એવી જ તે આળસ મરડીને બેઠી થઈ.

રાજાએ બ્રાહ્મણને બહુમાન આપ્યું, ને કંઠો કેમ એના હાથમાં આવ્યો તે પૂછ્યું. બ્રાહ્મણે વાત કરી એટલે રાજાએ સોનીને દંડ્યો તથા બ્રાહ્મણને ૯૯૯ ગામ આપીને મંત્રી બનાવ્યો, અને એણે ખાધું, પીધું ને રાજ કર્યું. એટલે હું કહું છું: 'વાઘ-વાનરસર્પોનું' ઇતિ."

સિંહ કહે, 'ભદ્ર, આ સ્થિતિમાં એને ચેતવણી આપિએ તો?'

દમનક કહે, 'ના રે ના. એમ તો એ આપણું વધારે બગાડે.'

સિંહ કહે, 'એ ઘાસાહારી છે તે આપણું માંસાહારીનું શું બગાડતો'તો ?'

દમનક કહે, 'હરિજી, એ સાચું. તે ભોજ્ય છે ને આપ ભોક્તા છો, તો પણ જો તે પોતે અનર્થ ન કરે તો યુક્તિથી બીજા આગળ કરાવે. વાત એમ છે કે આપ નિત્ય મદોન્મત્ત હાથી, પાડા, સૂવર હારે યુદ્ધ કરો ને ઘાયલ થાઓ અને આ સંજીવક સદાય આપની પાસે વસે ને ત્યાં જ છાણમૂત્ર કરે તેમાં કીડા થાય એ આપના ઘામાં પડી જાય તો મારી હિએ. અને કહ્યું છે કે :

આશરો ન કદી દેવો અજ્ઞાતકુલશીલને ।
પાપે માકણને કેવી મુઈ મન્દવિસર્પિણી ॥ ૧૭ ॥

પિંગલકે કહ્યું, 'એ કેમ ?' તેણે કહ્યું :

કથા ૧૨

"એક રાજાની ક્ષીરસાગરના ફીણ જેવી ધોળી સેજમાં મન્દવિસર્પિણી નામે ધોળી જૂ વસતી હતી. રાજાના લોહીનો સ્વાદ કરતી તે ત્યાં બહુ દિવસ સુખેથી રહી. પણ એક દિવસ એ શયનમાં અગ્નિમુખ નામે માકણ ભમતો ભમતો આવી ચડ્યો, એને જોઈને જૂનું મોઢું પડી ગયું ને તે બોલી: 'અરે માકડભાઇ, તું આ અયોગ્ય વાસમાં કયાંથી આવ્યો ? જા અહિંથી.' એ બોલ્યો: 'આર્યે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તથા શૂદ્રનાં અનેક પ્રકારનાં રુધિરો મેં ચાખ્યાં છે, પણ તે મને લૂખાં ને ખારાં લાગ્યાં છે, પણ જે આ સેજનો સૂનારો છે એનું શોણિત તો અમૃતથી યે ચડિયાતું હશે. રાજવૈદ્યો એના શરીરમાં વાત, પિત્ત કે સળેખમ એ ત્રણ દોષોમાંથી એકને કોપવા નહિ દેતા હોય, ને એને સાજો નરવો રાખતા હશે.

ખાંડ, ગોળ, દાડમ, અને સૂંઠ, મરી તથા પીપરની કટુત્રયી ખાનારા આ પુરુષનું લોહી તો તુષ્ટિપુષ્ટિકારી રસાયનનું કામ કરે. તે હું તો જ ચાખી શકું જો તમે પ્રસન્ન થાઓ. આવો, બેસો, શું સમાચાર છે? અતિદૂબળાં લાગો છો, તમારા મોટા પગ,—આવાં વચનથી ઘેર આવેલા અસાધુનો પણ આદર કરવો જોઇએ. ત્યાં તમે મને આમ તગડી મૂકો ને એકલાં એકલાં રાજાનું રક્ત જમો તે તમને ન છાજે. સાટે મને એક રાત જ રહેવા દેજો.'

મન્દવિસર્પિણી કહે: 'ઠીક, પણ રાજાને નિદ્રા આવી જાય પછી તારે ડંખવું.'

અગ્નિમુખે હા પાડી, પણ રાજા જાગતો હતો ત્યાં જ એ તેને કરડ્યો. રાજાએ સેવકોને બોલાવીને સેજ જોવરાવી, ત્યાં અગ્નિમુખ તો હડી કાઢીને પલંગની તરડમાં ઘરી ગયો, પણ મન્દવિસર્પિણીને શય્યાપાસે જોઈ અને મારી નાખી.

એટલે હું કહું છું: 'આશરો ન કદી' ઇત્યાદિ.


વળી કહ્યું છે:

સગાને દૂર રાખીને પારકાને સગા કરે ।
તે મૂર્ખો નાશ પામે છે નીલવર્ણશૃગાલવત્ ॥૧૮॥"

પિંગલક કહે: 'એ કેમ?' તેણે કહ્યું:

કથા ૧૩

ચંડરવ નામે શિઆળ હતો, તે ભૂખનો ગાર્યો નગરમાં પેઠો. નગરવાસી કૂતરા એની વાંસે લાગ્યા, એટલે ભયભીત થઇને એક રંગારાના ઘરમાં ઘર્યો અને ત્યાં ગળીના રસથી ભરેલા કૂંડામાં પડી ગયો. એમાંથી નીકળ્યો તો વાદળી રંગનો થઈ ગયો હતો. એટલે કૂતરાએ એને છેડ્યો નહિ, અને એ



કૂતરા એની વાંસે લાગ્યા.

જંગલમાં પહોંચી ગયો. એને જોઈને સિંહ, વાઘ, દીપડા, વરૂ આદિ વનવાસીઓ ભયવ્યાકુલચિત્તે પલાયન કરે છે ને કહે છે: 'જેની ચેષ્ટા, કુળ કે પરાક્રમ જાણતા ન હોઇએ એનો વિશ્વાસ ન કરવો, એટલે ભાગો.' ચંડરવે એને કહ્યું: "પશુઓ, મને જોઈને કાં ત્રાસો ? મને વનદેવતાએ આજ સર્જીને કહ્યું: 'પશુઓનો કોઇ રાજા નથી, એટલે તારું કકુદ્દ્રુમ નામ પાડીને તારો વનરાજ્યાભિષેક કરું છું. તું ભૂતલ ઉપર જા, ને બધાને પાળ.' એટલે હું આવ્યો છું. તમે બધાં પશુ મારી છત્રછાયામાં લહેર કરો." એટલે સિંહ, વાઘ આદિ પશુઓ, 'સ્વામિન્, પ્રભો, આજ્ઞા કર' એમ કહેતાં એના પરિવારમાં આવ્યાં. સિંહને એણે અમાત્યપદવી દીધી, ને વાઘને શય્યાપાલ, દીપડાને તામ્બૂલાધિકારી તથા વરૂને દ્વારપાલ બનાવ્યા, પણ પોતાના સજાતીય જે શિઆળ તેની હારે તો વાત જ ન કરી, ને તેને કાઢી મૂકયા. જાતે દિવસે એકવાર ચંડરવ સભામાં બેઠો હતો ત્યાં તેણે દૂર બોલતા શિઆળોનો કોલાહલ સાંભળ્યો, અને જાતિસ્વભાવને કારણે પોતે પણ તાણીને બોલવા મંડ્યો. કૂતરો રાજા થાય તો પણ

જોડા ચાટ્યા વિના કેમ રહે? એટલે આ તો શિયાળ જ છે એમ સિંહ વગેરે વર્તી ગયા ને એને મારી નાંખ્યો. એટલે હું કહું છું: 'સગાને દૂર રાખીને' ઇત્યાદિ."

આખ્યાન કહેવાઈ રહ્યું એટલે પિંગલક કહે: 'ઠીક છે, ભદ્ર. પણ એની બુદ્ધિ મારા ઉપર વકરી છે તે કેમ જણાય? અને એની યુદ્ધપદ્ધતિ કેવી છે?'

દમનક કહે: 'કેસરીજી, જો એ બીજાને શીંગડે ચડાવવા સજ્જ થયો હોય એમ આવે, આમ તેમ જુએ, હોઠ ફફડાવે ને આંખ રાતી કરે તો આપે ચેતી જવું ને જે ઉચિત હોય તે કરવું.'

આમ સિંહના કાન ભંભેરીને દમનક સંજીવક સમીપે ગયો, ને અણમણું મોઢું કરીને બેઠો. સંજીવકે પૂછ્યું: 'કાં, બધા કુશળસમાચાર છે ને?' દમનક કહે: 'ચાકર માણસને કુશલ કેવું?

જીવતાંય મરેલા આ કહ્યા પાંચ જ ભારતે।
દરિદ્ર મૂર્ખ ને માંદો પ્રવાસી નિત્યસેવક ॥ ૧૯ ॥'

સંજીવક કહે: 'પણ વાત શું છે?'

તે બોલ્યો: 'રાજાએ વિશ્વાસપૂર્વક કરેલી વાત બીજા આગળ ઉચ્ચારવી ન જોઇએ, તો પણ હું તારા સ્નેહપાશથી બંધાયેલ છું એટલે મારે અવશ્ય તારા હિતનું તને કહેવું ઘટે.

એકત્ર રાજવિશ્વાસ બીજે મરણ બંધુનું।
શું કરું ક્યાં જવું મારે પડ્યો હું દુઃખસાગરે ॥ ૨૦ ॥

સ્વામી પિંગલક તારાથી વિરુદ્ધ થયો છે, એણે કહ્યું સંજીવકને મારીને સમસ્ત પરિવારને ધરવીશ. મેં કહ્યું મિત્રદ્રોહ કરવો એ અજુગતું કહેવાય. તો તેણે કહ્યું: "અરે દુષ્ટ, સંજીવક ઘાસભોજી ને આપણે માંસભોજી એટલે એને ને આપણે

સ્વાભાવિક વેર છે. એને હણવામાં દોષ નહિ. બીજા ઉપાયથી હાથ આવવો અશક્ય હોય એ વેરીને કન્યાદાન દઈને પણ હણવો જોઈએ. યુદ્ધપરાયણ ક્ષત્રિય કાર્યાકાર્ય વિચારતો નથી. ધૃષ્ટદ્યુમ્ન સૂતો હતો ત્યાં જ અશ્વત્થામાએ એને મારી નાખ્યો હતો." એટલે એનો નિશ્ચય જાણીને હું તારી આગળ આવ્યો. હવે વિશ્વાસઘાતકનો દોષ મને નથી. ગુપ્ત મંત્ર હતો તે મેં તને જણાવી દીધો.'

આ વજ્રપાત જેવું દારુણ વચન સુણીને સંજીવકને મૂર્છા આવી. મૂર્છા વળી ને ચેતના આવી એટલે એણે કહ્યું: 'ઠીક કહે છે, કે

"રાજા કુપાત્રને સંઘરે છે, ધન કૃપણને જાય છે, અને મેઘરાજ ગિરિસાગરે વર્ષે છે."

"હું રાજમાન્ય છું એમ સમજનારો શીંગ વિનાનો બળદ છે." આમાં મારો જ દોષ છે કે મેં કુમિત્રની સેવા કરી. કુમિત્રસેવાથી હંસલો કેવો બાણથી વીંધાઈ ગયો હતો ?'

દમનક કહે: 'એ કેમ ?'

સંજીવક બોલ્યો:

કથા ૧૪*

"એક વનમાં મોટું સરોવર હતું. તેમાં મદરક્ત નામે હંસ વસતો હતો. ત્યાં એક ઘૂડ આવી ચડ્યો. એને જોઈને હંસ કહે, 'આ વિજન વનમાં તું ક્યાંથી ?' ઘૂડ કહે: 'તારાં ગુણગાન સાંભળીને હું આવ્યો છું.

ભમિયો પૃથિવી આખી ગુણાન્વેષણતત્પર ।
ન ભાળ્યો અધિકો તુંથી તેથી હું અહિં આવિયો ॥ ૨૧ ॥

તારી હારે મારે અવશ્ય મિત્રતા કરવી છે, કેમ જે અપવિત્ર

* પૂર્ણભદ્રની

પણ ગંગાને પામીને પવિત્ર થાય છે. તેમ જ,

હરિહાથે ગયો શંખ હાડકું યે પવિત્ર છે।
મહાનુભાવસંસર્ગ સૌનો ઉન્નતિકારક ॥૨૨॥'



એને જોઈને હંસ કહે: 'આ વિજન વનમાં તું ક્યાંથી?'

હંસ કહેઃ 'ઠીક, સુમિત્ર.' આમ બે ય જણ બહુ દિવસ સાથે રહ્યા પછી ઘૂડ કહે: 'હું પદ્મવનમાં મારું ઘર છે ત્યાં જાઉં છું, અને તમે પણ મારા પરોણા થઈને ત્યાં આવજો.' એમ કહીને એ ગયો.

હંસને પછી ઘૂડને મળવાનું મન થયું, એટલે એ પદ્મવન ગયો ને ઘૂડને મળ્યો. તે વેળાએ ત્યાં વણજારાની પોઠ પડી હતી. પરોડિયે ઊઠીને સંઘપતિએ પ્રયાણશંખ વગડાવ્યો, ત્યાં ઘૂડે તાણીને કઠોર શબ્દ કર્યો ને નદીની ગુફામાં ઘરી ગયો. પણ હંસ તો ત્યાં જ રહ્યો. તે અપશકન-ભયભીત સંઘપતિના ધનુર્વરે મારેલા શબ્દવેધી બાણથી વીંધાઈને માર્યો ગયો."

વળી સંજીવક બોલ્યો: 'વનવાસ, ભિક્ષા, ભારવહન સારું પણ અધિકાર ભોગવીને મેળવેલી સંગતિ સારી નહિ. આ ધૂતારાના સમાજમાં પેઠો એટલે કાળમુખમાં જ પેઠો. ઓલી વાર્તામાં શિઆળે ને થઈને ઊંટને કેવો મારી નાખ્યો?'

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૧૫

"એક વનમાં મદોત્કટ નામે સિંહ હતો. દીપડો, કાગડો ને શિઆળ ત્રણ એના અનુચર હતા. તેઓએ વનમાં ભમતાં સંઘથી ભ્રષ્ટ થયેલા કથનક નામે એક ઊંટને જોયો, ને એને સિંહ આગળ લઈ આવ્યા. સિંહે એને અભયદાન દીધું ને પોતા આગળ રાખ્યો. એકવાર સિંહ હાથી હારે સંગ્રામ કરતાં ઘાયલ થઈને ગુહાવાસી બન્યો, અને એને તથા અનુગામીઓને ઉપવાસ ઉપર ઉપવાસ થયા. એટલે એણે તેમને પશુ ગોતવા

મોકલ્યા, પણ કાંઇ જડ્યું નહિ. હવે શિઆળ અને કાગડો પરસ્પર મંત્રણા કરવા મંડ્યા. શિઆળ કહે: 'વાયસભાઈ, બહુ રખડીને શું સાર? આ કથનકને જ મારીને પ્રાણયાત્રા કરિએ.' કાગડો કહે: 'ઠીક છે, પણ સ્વામીએ એને અભયદાન દીધું છે પછી એને કેમ મરાય?' શિઆળ કહે: 'તમે અહિં ઊભા રહો, ત્યાં હું સ્વામી આગળ જઈને એની આજ્ઞા લઈ આવું.'

શિઆળે સિંહ આગળ જઈને કહ્યું: 'પ્રભો, સમસ્ત વનમાં ભમ્યા પણ કાંઈ ન મળ્યું. પણ સ્વાધીન આહાર છતાં શું કામ દુ:ખી થવું? આપનો આદેશ થાય તો કથનકનું માંસ આપને આપિએ.' સિંહ કહે: 'ધિક્ પાપિયા, એવું ફરી બોલ્યો તો તને જ મારીશ. જેને અભય દીધું એને કેમ મારું?' શિઆળ કહે: 'અહો, ધર્મશાસ્ત્રમાં આપને કેવી સૂઝ પડે છે! પણ આર્ય, એક મહર્ષિનું વચન છે કે પુણ્યનિમિત્તે પાપ કરવાનું કોક વાર બને છે. વળી કહ્યું છે, જે એકને કુલ સારુ, કુલને ગામ સારુ, ગામને દેશ સારુ ને પોતા સારુ પૃથ્વીને તજવી. પણ મહારાજ, દેવ પ્રત્યે ભક્તિથી એ પોતાનો જીવ આપે તો તેમાં દોષ નથી. એ પોતાને મારવા કહે તો એને, નહિ તો અમારામાંથી એકને મારવો. આપ ભૂખે મરો એ કેમ ચાલે? વળી આપને કાંઈ અનિષ્ટ થાય તો પણ અમારે અગ્નિપ્રવેશ જ કરવો છે.' મદોત્કટ કહે: 'એમ છે તો રુચે તે કર.'

શિઆળ હવે એકએક સકાશે ગયો ને કહ્યું: 'સ્વામીની અવસ્થા બહુ બગડી છે, નાકે શ્વાસ આવી ગયો છે, એટલે આપણે એની આગળ જઈને આપણા શરીરનું દાન કરિએ, એને ભૂખે મરતો બચાવિએ, ને એનું આપણી પાસે ઋણ છે તે ચૂકવિએ.'

આમ સર્વે સિંહ આગળ ગયા, અને કાગડે કહ્યું: 'દેવ, ખાવાનું કાંઈ મળ્યું નહિ, પણ આપને અનેક ઉપવાસ થયા છે એટલે આપ મારું માંસ ખાઓ. કહ્યું છે કે,

સ્વામીઅર્થે ત્યજે પ્રાણ ભૃત્ય ભક્તિસમન્વિત ।
સમૃદ્ધ પદ પામે તે જરામરણવર્જિત ॥ ૨૩ ॥

આ સાંભળીને શિઆળ કહે: 'અરે, તારી કાયા અતિ અલ્પ છે. તને ખાઈને સ્વામીને ધરવ ન થાય. તેં સ્વામિભક્તિ દેખાડી; હવે આઘો જા. હું સ્વામીને વીનવું.' એમ કરીને એણે સિંહને પોતાને ખાવા કહ્યું, તે સાંભળીને દીપડો કહે: 'તેં ઠીક કહ્યું. પણ તારું શરીરે ય નાનું છે, તું સ્વજાતિ છો, અને નખાયુધત્વને કારણે અભક્ષ્ય છો. તેં તારી કુલીનતા બતાવી, હવે મને વિજ્ઞપ્તિ કરવા દે.' એમ કરીને દીપડાએ મદોત્કટને કહ્યું: 'સ્વામિન્, મને ખાઈને પ્રાણયાત્રા કરો, અને મને સ્વર્ગમાં અક્ષયવાસ આપો તથા પૃથ્વી ઉપર મારી કીર્તિ વિસ્તારો.'

કથનકે વિચાર્યું, કે 'આ બધાં મીઠાં વેણ બોલ્યા પણ એકેને સ્વામીએ માર્યો નહિ, એટલે હુંયે વિવેક કરું.' એવો નિશ્ચય કરીને એણે કહ્યું: 'દીપડાભાઈ, તારી વાત સાચી, પણ તુંયે નખાયુધ છો, એટલે તને જાતભાઈને સ્વામી કેમ ખાય? તું આઘો જા, હું સ્વામીને વીનવું.' એમ કરીને એણે સિંહને પોતાને ખાવા કહ્યું, એવો જ શિઆળ ને દીપડાએ એને મારી નાખ્યો."

આખ્યાન થઈ રહ્યું, એટલે સંજીવક દમનકને કહે: "કોઈ દુર્જને રાજાને મારી વિરુદ્ધ કર્યો છે. ઠીક કહે છે કે, 'કોમળ જળથી ગિરિશિખરો પણ તૂટી પડે છે, તો પછી ચતુર નિન્દકો માણસના મૃદુલ ચિત્તને કેમ ન તોડે?' હવે તો મારીને મરવું

એ જ ઉત્તમ છે. કેમ કે યજ્ઞના સંઘથી, તપશ્ચર્યાથી, તીર્થથી તથા દાનપરંપરાથી જે ગતિ માણસને મળે છે તે જ ગતિ રણધીર પુરુષ સંગ્રામયજ્ઞમાં દેહ હોમીને એક ક્ષણમાં પામે છે. કહ્યું છે કે,

જીતે તો મેળવે લક્ષ્મી મરે તો યે સુરાંગના ।
ક્ષણવિધ્વંસિની કાયા શી ચિન્તા મરણે રણે ॥ ૨૪ ॥'

દમનક કહે: 'ભદ્ર આ યોગ્ય ઉપાય નથી; કારણ ।

શત્રુશક્તિ ન જાણીને વૈરારંભ કરે જ જે ।
પરાભવ જ પામે તે ટીટોડાથી સમુદ્રવત્ ॥ ૨૫ ॥

સંજીવક કહે: 'એ કેમ?' દમનક બોલ્યો:

કથા ૧૬

"એક સમુદ્રને તીરે ઉત્તાનપાદ નામે ટીટોડો તથા પતિવ્રતા નામે ટીટોડી રહેતાં હતાં. ટીટોડી કદાચિત્ આસન્નપ્રસવા હતી એટલે એણે ભર્તારને કહ્યું: 'નાથ, કોઇ પ્રસવયોગ્ય ઉપદ્રવ વિનાનું સ્થાન ગોતો.' તેણે કહ્યું: 'આ સમુદ્રપ્રદેશ રમ્ય છે, અહિં જ સૂવાવડ કરવી.' ટીટોડી બોલી: 'અહિં જોખમ છે. પૂર્ણિમાને દિને સમુદ્રમાં મત્ત ગજેન્દ્રને યે તાણે એવી ભરતી આવે ને મારાં બચ્ચાં તણાઈ જાય.' તેણે કહ્યું: 'ભદ્રે, સમુદ્રના શું ભાર છે, કે મારી હારે વેર બાંધે? અને કહ્યું છે,

જે પરાભવસંત્રસ્ત સ્વસ્થાન ત્યજતો નર ।
તેનાથી પુત્રિણી માતા તો વન્ધ્યા કોણ તે કહો ॥ ૨૬ ॥

ટીટોડીએ હસીને કહ્યું: 'સમુદ્ર ક્યાં ને તમે ક્યાં?

હિતેચ્છુ મિત્રકેરું જે ન માને વાક્ય પૂરુષ ।
કાચબો જેમ દુર્બુદ્ધિ કાષ્ઠભ્રષ્ટ મરે ખરે ॥ ૨૭ ॥

તેણે કહ્યું: 'એ કેમ?' ટીટોડી બોલી:

કથા ૧૭

"મગધદેશના ફુલ્લોત્પલ નામે એક સરોવરમાં કંબુગ્રીવ નામે કાચબો વસતો હતો. સંકટવિકટ નામે બે હંસ એના પરમસ્નેહી હતા. એકવાર બાર વર્ષનો દુષ્કાળ પડ્યો ને સરોવર શોષાવા માંડ્યું એટલે હંસોએ બીજે જવાનો વિચાર કર્યો અને ચિરપરિચિત પ્રિયમિત્ર કંબુગ્રીવ આગળ શીખ લેવા ગયા.

કંબુગ્રીવ કહે: 'શીખ લેવા શું આવ્યા? જો સ્નેહ હોય



કાચબો વચ્ચે વળગ્યો એટલે બે છેડા બે હંસે ઝાલ્યા અને ચાલી નીકળ્યા.

તો મને પણ મૃત્યુમુખથી બચાવો.' હંસ કહે: 'અમે તને અવશ્ય લઈ જઈએ; પણ પંથ કરતા હોઇએ ત્યારે તારે ચપલ થઈને બોલવું નહિ પણ મૌનવ્રત પાળવું. તારે આવવાની ઇચ્છા હોય તો આટલું અમારું કહ્યું કર.' કાચબો કહે 'ભલે,' એટલે હંસે લાકડી આણી ને કાચબાને એના મધ્યમાં દાંત ભરાવીને વળગી રહેવા કહ્યું. કાચબો વચ્ચે વળગ્યો એટલે બે છેડા બે હંસે ઝાલ્યા ને ચાલી નીકળ્યા. વચ્ચે નગર આવ્યું, ત્યાંના લોકો 'આ પક્ષી ચકરડા જેવું શું લઈ જાય છે? જુઓ તો ખરા,' એમ કલકલ કરવા મંડ્યા. તે સાંભળીને કાચબાને પોતે આપેલા વચનની વિસ્મૃતિ થઈ ગઈ, ને લાકડી મૂકીને તે બોલ્યો: 'આ કોલાહલ શેનો થાય છે?' આમ બોલે છે એવો જ એ ભૂમિ ઉપર પડ્યો ને એના ફોદેફોદા વેરાઈ ગયા. એટલે કહું છું: 'હિતેચ્છુ મિત્રકેરું જે' ઇત્યાદિ."

વળી ટીટોડી કહે: 'ટિટ્ટિભરાજ,

અનાગતવિધાતા ને પ્રત્યુત્પન્નમતિ તથા ।
આ બે જણ સુખી થાતા યદ્‌ભવિષ્ય મુઓ જુઓ ॥ ૨૮ ॥

તે બોલ્યો: 'એ કેમ?' ટીટોડી કહે:

કથા ૧૮

"એક નદીના ધરામાં અનાગતવિધાતા, પ્રત્યુત્પન્નમતિ તથા યદ્‌ભવિષ્ય નામે ત્રણ સહચારી માછલાં હતાં. ધરા આગળ થઈને માછી ચાલ્યા જાતા હતા તે બોલ્યા, કે 'કાલ પ્રભાતે અહિં જાળ નાંખશું.' આ વાત અનાગતવિધાતાએ સાંભળી, ને પોતાના મિત્રો આગળ સૂચના કરી, કે 'આપણે બીજે ધરે ભાગો.' પણ પ્રત્યુત્પન્નમતિ કહે: 'મચ્છીમાર આવશે તો સમયોચિત ઉપાય કરીને હું મારી

રક્ષા કરીશ.' અને યદ્દભવિષ્ય ખડખડ હસ્યો ને બોલ્યો: 'તારી મંત્રણા ઠીક નથી. કોક કાંઇક બોલી જાય એટલે પિતા-પિતામહની વારીનો જન્મઘરો ત્યજવો એ ક્યાંનો ન્યાય? જો આયુષ ક્ષીણ થયું હશે, તો બીજે જઈને પણ મરવું જ પડશે. એટલે હું તો મારે કાંઇ અહિંથી નહિ જાઉં.' એટલે અનાગતવિધાતા તો બીજે ચાલ્યો ગયો.

બીજે દિવસે માછી આવ્યા, પણ પ્રત્યુત્પન્નમતિ મરેલા જેવું રૂપ કરીને રહ્યો, એટલે માછીએ એને જાળમાંથી કાઢીને નદીના પ્રવાહમાં નાખી દીધો, એવો જ તે ગંભીર નીરમાં ચાલ્યો ગયો. પણ યદ્દભવિષ્યની મતિ મૂંઝાઈ ગઈ, શું કરવું તે એને સૂઝ્યું નહિ, ને હડિયાહડી કરતાં તે જાળમાં અટવાઈ ગયો.

એટલે કહું છું: 'અનાગતવિધાતા ને' ઇત્યાદિ."

ટીટોડો બોલ્યો: 'ભદ્રે, તું ન જાણતી કે હું યદ્દભવિષ્ય છું. ભય રાખ મા, મારા બાહુબળથી સુરક્ષિત તારો પરાભવ કરવા કોણ સમર્થ છે?' એટલે ટીટોડીએ ત્યાં જ ઈંડાં મૂકયાં.

સમુદ્રે વિચાર્યું: 'આ પક્ષીનો ગર્વ તો જો. આભ ભાંગી પડે એવા ભયથી એને ટેકવવા સારુ ટીટોડો પગ ઊંચા રાખે છે! કુતૂહલ સારુ પણ મારે આનું પરમાણું લેવું.' એમ કરીને એ ઈંડાં તાણી ગયો.

સૂનો માળો જોઈને ટીટોડીએ એના વરને કહ્યું, 'જોયું ને? હું કહેતી હતી પણ તમે માન્યું નહિ.'

ટીટોડો બોલ્યો: 'ભદ્રે, કાંઈ ચિંતા કરીશ મા, ને મારો બુદ્ધિપ્રભાવ જોજે, આ દુષ્ટ સમુદ્રને ચાંચથી શોષવી નાખું.'

ટીટોડી કહે: 'હે કાન્ત, જ્યાં ગંગાસિંધુ નવશત નવશત નદીઓને લઈને નિત્ય પ્રવેશ કરે એવા સમુદ્રને બિન્દુવાહિની ચાંચથી તું કેમ કરીને સૂકવીશ?'

ટીટોડો કહે: 'ધીરજ મોટી વાત છે, મારી ચાંચ લોઢા જેવી છે, ને રાતદિવસ લાંબાં છે; તો પછી સમુદ્ર ન શોષાય એ કાંઇ વાત છે?'

ટીટોડી કહે: 'જો સમુદ્ર હારે અવશ્ય વિગ્રહ કરવો હોય, તો બીજાં પક્ષીઓને બોલાવીને મિત્રોને ભેળા લ્યો. બહુ નબળાનો સમવાય થાય તો તે દુર્જય બને છે; તરણાં ગૂંથીને રાંઢવું કરિએ તો એનાથી હાથી પણ બંધાય છે. તથા

ચકલી કાઠફૂટો ને માખી તેમજ દેડકો ।
મહાજનવિરોધેથી કરી મરણ પામિઓ ॥૨૯॥

તે બોલ્યો: 'એ કેમ?' ટીટોડી કહે:

કથા ૧૯

"તમાલના ઝાડ ઉપર ચકલોચકલી રહેતાં હતાં. કાળ જાતાં એને સંતતિ થઈ. એક દિવસ એક મદોન્મત્ત હાથી ગરમીથી ત્રાસીને તમાલના છાયામાં આવ્યો, અને ચકલાંના માળાવાળી ડાળી સૂંઢથી ખેંચીને ભાંગી નાખી. આથી ચકલાંનાં ઈંડાં બધાંય ભાંગી ગયાં ને ચકલોચકલી માંડ બચ્યાં. ચકલી વિલાપ કરવા મંડી, તે સાંભળીને તેનો પરમ મિત્ર કાઠફૂટ નામે પક્ષી તેને દુઃખે દુઃખી થઈને આવ્યો ને કહ્યું: 'ભગવતિ, વૃથા વિલાપ શું કરવો, ને એકમાંથી બે અનર્થ શું સેવવા?' ચકલી કહે: 'કાઠફૂટ, ઠીક છે. પણ દુષ્ટ હસ્તીએ મારા સંતાનનો ક્ષય કર્યો છે, એટલે તું સાચો સુહૃદ્ હો તો હાથીનો વધ કરવાનો ઉપાય વિચાર, જે કરીને હું મારું દુઃખ હળવું કરું.' કાઠફૂટ બોલ્યો: 'ચટકાબાઈ, સાચું કહ્યું. આપત્તિમાં કામ આવે એ જ મિત્ર; એટલે મારું બુદ્ધિબળ જો. પણ મારી મિત્ર વીણારવા નામે માખી છે, એને મળીને આવું, પછી

દુરાત્મા હાથીને મારવાનો વિચાર કરિએ.' ચકલી ને કાઠકૂટ માખી આગળ ગયા ને વાત કરી તો માખી કહે: 'મારો મિત્ર મેઘનાદ નામે દેડકો છે, એને મોઢે થઈને યથોચિત કરિએ.' એટલે ત્રણે જણ મેઘનાદ આગળ ગયાં ને બધો વૃત્તાન્ત એને કહ્યો. એ બોલ્યો: 'મહાજન કોપે ત્યાં એ હાથીનું શું ગજું? એટલે મારા મંત્ર પ્રમાણે કરવું. મક્ષિકાબાઈ, તારે મધ્યાહ્ન-સમયે જઈને ઉદ્ધત હાથીના કાનમાં વીણારવ જેવો શબ્દ કરવો, એટલે શ્રવણસુખ ભોગવતો તે આંખ બંધ કરે. પછી કાઠકૂટ એને આંખ ફોડીને આંધળો કરે. અને તરષ લાગે ત્યારે ખાડને કાંઠે મારો તથા મારા પરિજનનો સાદ સાંભળી એને જળાશય જાણીને આવે, એવો જ ખાડમાં પડીને મરી જાય. આમ સમવાય કરવો એટલે વેરસાધન થઈ જાય.' આમ કર્યું એટલે મોટી ખાડમાં પડીને હાથી મરી ગયો.

એટલે કહું છું: 'ચકલી કાઠકૂટો ને' ઇત્યાદિ."

ટીટોડો કહે: 'ભદ્રે, એમ કરિએ ને મિત્રવર્ગના સમુદાયથી સમુદ્રને શોષવિએ.' એવો નિશ્ચય કરીને બગલા, સારસ, મોર આદિનો સમાજ બોલાવીને તેણે દુ:ખની વાત કરી.

બધા ય કહે: "આપણામાં વૃદ્ધ હંસ ડાહ્યું માણસ છે. એને પૂછો, એ આપણને સમયોચિત સુમતિ આપશે. અને કહ્યું છે:

સુણો વાક્ય જ વૃદ્ધોનું તે વૃદ્ધો જે બહુશ્રુત ।
હંસયૂથ વને બદ્ધ વૃદ્ધબુદ્ધિવિમોચિત ॥ ૩૦ ॥

કથા ૨૦*

એક વનમાં મોટો વડલો હતો, એના ઉપર હંસ રહેતા હતા. એ વડ નીચે કોશામ્બી નામે વેલ ઊગી, એટલે વૃદ્ધ હંસ

* પૂર્ણભદ્રની

બોલ્યો : 'આ વેલ વડ ઉપર ચડી તો આપણને વસમી વેળા આવવાની છે. એને આધારે ઉપર ચડીને આપણને કોઇ મારી નાખે. એટલે આ નાની તથા સુખચ્છેદ્ય છે ત્યાં જ એને કાઢી નાખો.' પણ ગરઢાનું કોણ સાંભળે ? એટલે વેલ કોઇએ કાપી નહિ અને ઝાડે ચડી. અને એક દિવસ હંસ ચરવા ગયા હતા ત્યાં લતાએ થઈને એક વાઘરી વડ ઉપર ચડ્યો ને હંસોના માળામાં જાળ નાખી ગયો, તેમાં હંસ જેવા ચરીને રાતે આવ્યા એવા જ ફસાઈ ગયા. વૃદ્ધ હંસ કહે : 'મારું કહ્યું ન કર્યું તો આ દશા થઈ.' હંસો કહે : 'સાચું. પણ હવે શું કરવું ?' વૃદ્ધ હંસ કહે : 'વ્યાધ આવે ત્યારે મરેલા જેવા દેખાવું, અને મરેલા જાણીને એ બધાને ભોંય ઉપર નાખે ત્યારે બધાએ એક હારે ઊડવું.' સવારે શિકારી આવ્યો, ને બધાને મૃતપ્રાય જાણીને ફાંસામાંથી છોડયા તથા નીચે ફેંકયા. અને જેવો એ નીચે ઊતરવા જાય છે એવા જ વૃદ્ધ હંસના મત પ્રમાણે બધાય એક જ વેળાએ ઊડીને આઘે નીકળી ગયા.

એટલે કહ્યું : 'સુણો વાકય જ વૃદ્ધોનું' ઇતિ."

વૃદ્ધ હંસ કહે : 'સમુદ્રશોષણ કરવા આપણે અશક્ત છિએ, એટલે વ્યર્થ પ્રયાસ શું કરવો ? પણ આપણા સ્વામી ગરુડરાજ આગળ જઈને રાવ ખાવી.'

દેવાસુરસંગ્રામનિમિત્તે પક્ષિરાજને નારાયણનું તેડું આવ્યું હતું, ત્યાં પક્ષીઓએ જઈને કહ્યું : 'દેવ, તારા જેવો નાથ અમારે માથે પ્રતપતો હોવા છતાં, અનાથ હોઇએ એમ અપરાધ વિના સમુદ્ર શિશુહરણ કરી ગયો; એટલે હવે પક્ષિકુલનું આવી બન્યું છે. સમુદ્ર બીજાને પણ સ્વેચ્છાએ મારશે. અને કહ્યું છે :

એકનું કામ દેખીને કરે બીજો ય ગર્હિત।
ગતાનુગતિકા લોકો ન લોકો પારમાર્થિક ॥ ૩૧ ॥

ચોર, દુરાચારી, સાહસિક, કૂડકપટી આદિથી પીડાતી પ્રજાની

રાજાએ રક્ષા કરવી જોઇએ.' આ સાંભળીને ગરુડને રીસ ચડી, પણ ત્યાં તો ત્રિકાલદર્શી નારાયણ જ રુક્મપુરમાં વૈનતેય આગળ આવ્યા, એને વૈનતેયે સમુદ્રે કરેલા પોતાના અપમાનની વાત કરી. એટલે નારાયણે સમુદ્રને કહ્યું: 'ટીટોડાના ઈંડાં દઈ દે, નકર આગ્નેયાસ્ત્રથી જળને ઠેકાણે સ્થળ કરી નાખું છું.' ભગવાનની આજ્ઞા માથે ચડાવીને સમુદ્રે ઈંડાં ટીટોડાને આપી દીધાં.

એટલે કહું છું: 'શત્રુશક્તિ ન જાણીને' ઇતિ. તેથી પુરુષે ઉદ્યમ ન છોડવો."

સંજીવકે પૂછ્યું: 'ભાઇબંધ, એનો યુદ્ધક્રમ કેવો છે?'

દમનક કહે: 'ગવેન્દ્ર, તું આવો હો ત્યાં તારા સામું જુએ, પૂછડું ઊંચું કરે, ચાર પગ ભેળા કરે, મોઢું ફાડે તથા કાન ઊભા કરે તો એની મતિ બગડી છે એમ જાણવું ને તારો વિક્રમ દેખાડવો.'

એમ કહીને એ કરટક કને આવ્યો, અને કહ્યું: 'બેય વચ્ચે ફૂટ પડાવી છે, ને નીતિનું બીજ વાવ્યું છે; હવે જે થાય તે દૈવાધીન છે.' કરટક કહે: 'આ બાપડા સુખિયા સ્નેહીઓને તેં કોપસાગરમાં ફગાવ્યા તે અઘટિત કર્યું. નિર્દોષ સુખિયાને દુ:ખી કરનાર જન્મજન્માન્તરમાં દુ:ખી થાય એમાં સંશય નથી. વળી તું વેર ઊભું કરીને હરખે છે તે પણ અજુકતું છે, કેમ કે બગાડવું સોયલું છે, પણ સુધારવું દોયલું છે. નીચ માણસ બીજાનું કામ બગાડી જાણે છે, પકવી જાણતો નથી; વાયુ ઝાડને પાડે છે પણ ઊભાડી શકતો નથી. આવા મંત્રી હોય? અને કહ્યું છે:

બાળિયો બાવકો નાગો રાજાની પ્રીતિ મેળવી ।
બલભદ્ર સુમન્ત્રીએ આત્માની ચડતી કરી ॥ ૩૨ ॥

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૧*

"કોસલ દેશમાં અયોધ્યા નગરી છે, ત્યાં સુરથ નામે રાજા હતો. જંગલી જાતના ખંડિયા રાજા એક વિન્ધ્યકને નેતા કરીને એના સામા થયા, તેનો વિરોધ શમાવવા સુરથે બલભદ્ર મંત્રીને મોકલ્યો. મંત્રી પાછો નહોતો આવ્યો ત્યાં એક નાગો બાવો અયોધ્યા આવ્યો, અને જોષ જોઈ જોઇને એણે લોકોને જાણે વેચાતા લઈ લીધા. જનપરંપરાએ એની વાત સુરથને કાને આવી, એટલે રાજાએ એને બોલાવ્યો ને પૂછ્યું: 'આપ સાચેજ બીજાનું ચિત્ત વર્તી જાઓ છો?' બાવો કહે: 'ફળથી આપ જાણશો.' એમ કહીને એ તો રાજાને ભોળવવા મંડચો ને એક દિવસ કહ્યું: 'આજ પ્રભાતે મઢીમાં આ શરીરને છોડી બીજું દેવલોકોચિત શરીર ધારણ કરી હું સ્વર્ગે ગયો હતો, કેમ કે બધા દેવ મને સંભારતા હતા. ત્યાં દેવોએ કહ્યું કે, "અમારા વતિ રાજાને કુશલપ્રશ્ન કરજો."' રાજા કહે: 'શું આપ સ્વર્ગે જાઓ છો?' બાવો કહે: 'મહારાજ, હું તો રોજ સ્વર્ગે જાઉં છું.'

જડમતિ રાજાએ આ વાત સાચી માની, એટલે એ તો સર્વ રાજકાજ તથા અન્ત:પુરકૃત્યમાં શિથિલ થઈ ગયો ને જોષી વાંસે ગાંડો તૂર બન્યો. એટલામાં અટવીરાજ્યને નિષ્કંટક કરી બલભદ્ર રાજા આગળ આવ્યો અને આવીને જુએ છે તો રાજા મન્ત્રિમંડળનો ભાવ પૂછતો નથી અને નાગા શ્રમણ આગળ પડચો પાથર્યો રહે છે. બલભદ્ર રાજા આગળ જઈ નમીને બોલ્યો: 'જયતુ દેવ: દેવાનાં પ્રિય:.' રાજાએ મંત્રીને કુશલપ્રશ્ન કરીને પૂછ્યું: 'આ આચાર્યને જાણો છો?' તે બોલ્યો: 'આચાર્યશિરોમણિને ન જાણું તે કેમ બને?' કહે છે કે પોતે

* પૂર્ણભદ્રની

સુરલોક જાય આવે છે.' રાજા કહે: 'એ સાચુ' છે' એટલે બાવો કહે: 'મન્ત્રીને કૌતુક હોય તો તે ભલે જુએ.' એમ કરીને તે મઢીમાં ગયો, ને બારણું વાસી દીધું. બે ઘડી પછી મંત્રી કહે: 'દેવ, આ કેટલી વારે આવશે?' પાર્થિવ કહે: 'કેમ ઊતાવળા થાઓ છો? એ તો પોતાનું કલેવર મઢીમાં મૂકીને બીજા દિવ્ય શરીરથી આવે છે.' મન્ત્રી કહે: 'એ સાચુ' હોય તો તો લાકડાં આણો એટલે આ મઢીને સળગાવું.' ભૂપતિ પૂછે: 'કેમ?' સચિવ કહે: 'આ કલેવરને દહન દઈ દઈએ એટલે સુરલોકગામી શરીરથી જ એ આપની સેવામાં રહેશે. અને આ વાર્તા સંભળાય છે:

કથા ૨૨*

રાજગૃહ નગરમાં દેવશર્મા નામે બ્રાહ્મણ હતો. તેની બ્રાહ્મણીને પ્રજા નહોતી, અને પાડોશીનાં છોકરાંને જોઈને એ બહુ રોતી, એટલે એક દિવસ બ્રાહ્મણે કહ્યું: 'ભદ્રે, સંતાપ કરો મા. મેં પુત્રેષ્ટિયજ્ઞ કર્યો ત્યાં કોઇ અદૃષ્ટ દેવતા બોલી કે, "બ્રાહ્મણ, તારે ઘેર સર્વ બીજા મનુષ્ય કરતાં રૂપસત્ત્વસૌભાગ્યવાન્ પુત્ર અવતરશે."' આ સાંભળીને બ્રાહ્મણી હરખી. ક્રમે કરીને એને ગર્ભ રહ્યો ને સર્પ અવતર્યો. તેને જોઈને પરિજન કહે: 'આનો ત્યાગ કરો.' પણ બ્રાહ્મણીએ તો દૂધમાખણ ખવરાવીને એને પુત્રવાત્સલ્યથી મોટો કર્યો. એકદાણ બ્રાહ્મણી પડોશીને ઘેર પુત્રવિવાહોત્સવ જોઈને રોઈ તથા ભર્તાને કહ્યું: 'હું તમને દવલી છું એટલે મારા દીકરાનો વિવાહોત્સવ કરવા તમે પ્રયત્ન નથી કરતા.' બ્રાહ્મણ કહે: 'આર્યે, કહો તો પાતાલ-પ્રવેશ કરી વાસુકિને પ્રાર્થના કરું. એના વિના બીજો કોણ

---

* પૂર્ણભદ્રની

સર્પને દીકરી આપે ?' આ સાંભળીને બ્રાહ્મણી વળી દીનવદન થઈ ગઈ, એટલે બ્રાહ્મણ ભાતું બાંધીને ચાલી નીકળ્યો ને થોડેક માસે કુક્કુટનગર આવ્યો, તથા એક જાણીતા બ્રાહ્મણને ઘેર ઊતર્યો. એણે પૂછ્યું: 'શું આવ્યા છો ? અહિંથી ક્યાં જવાનો વિચાર છે ?' તે બોલ્યો: 'પુત્રજોગી કન્યા ગોતવા આવ્યો છું.' આ સાંભળીને યજમાન કહે: 'મારે જ રૂડી રૂપાળી દીકરી છે તેની તમારા દીકરા વેરે સગાઈ થાય તો કેવું ?' બ્રાહ્મણે હા પાડી અને તેની કન્યાને લઈને એ ઘેર આવ્યો. કન્યાનું પરમ લાવણ્ય જોઈને લોકોએ એના પરિજનને કહ્યું: 'આવું કન્યારત્ન શું જોઈને સર્પ હારે પરણાવ્યું હશે ?' આ સાંભળીને પરિજને ઉદ્વેગ પામીને કન્યાને પાછી તેડી જવાનો વિચાર કર્યો, પણ કન્યા કહે: 'એવી વિડંબના ન કરાય, કેમ કે,

> એકદા બોલતો રાજા એકદા સાધુ બોલતા।
> એકદાણ દિએ કન્યા એકદા હોય આ ત્રણે ॥ ૩૩ ॥

એમ કરીને એ તો સર્પને પરણી, ને એની સેવા કરવા મંડી. હવે એક વાર રાતે આ સર્પ પેટીમાંથી નીકળીને એની સેજ ઉપર ચડ્યો. બાઈને થયું, આ પુરુષાકૃતિ કોણ હશે ? પરપુરુષ છે એમ જાણીને એ તો બારણું ઊઘાડીને ભાગવા મંડી તો તે બોલ્યો: 'ભદ્રે, હું તારો વર છું.' એમ કહી પેટીમાં રહેલા શરીરમાં જઈને પાછો એમાંથી નીકળ્યો, એટલે બાઈને વિશ્વાસ બેઠો. અને એનો વર હજી શય્યામાં સૂતો હતો ત્યાં તે વહેલી ઊઠી અને પેટીમાં પડેલો સર્પકોશ બાળી નાખ્યો.'

આ દાખલો રાજાને આપી બલભદ્રે નાગા બાવાની મઢી બાળી દીધી.

એટલે હું કહું છું: 'બાળિયો બાવકો નાગો' ઇતિ."

દમનક કહે: 'તું નીતિતત્ત્વનો જાણ નથી એટલે આમ કહે

છે. શત્રુ તથા રોગ તો જેવા જન્મે એવા જ એને શમાવવા ઘટે; નહિ તો પેધીને એ મહાબળને પણ હણે છે.'

સંજીવક મંદ મંદ ગતિએ સિંહ આગળ આવ્યો, અને એનો આકાર દમનકે વર્ણવ્યા પ્રમાણે જોઈને પ્રણામ કર્યા વિના દૂર બેઠો. પિંગલક પણ દમનકની વાત મળતી આવતી જોઈને એના ઉપર તૂટી પડચો. સંજીવકની પીઠ ઉપર સિંહના નખ લાગ્યા, પણ એના પેટમાં શીંગડાં મારીને સંજીવક એનાથી છટક્યો ને લડવા તૈયાર થઈને ઊભો.

આ જોઈને કરટકે દમનકને કહ્યું: "ધિક્ મૂઢમતિ, આ વિરોધ જગાડીને તેં બધું ય ડોળી નાખ્યું ને ભૂંડી કરી. સામથી સિદ્ધિ થાય ત્યાં દંડ કોણ યોજે? સાકરથી પિત્ત શમે ત્યાં કડવો પટોલ કોણ વાપરે? તારી વિદ્વત્તાનું તને મિથ્યાભિમાન છે, પણ જેનાથી ઇંદ્રિયનિગ્રહ ન થાય, જે ધર્મમાં વર્તતી નથી, જેને પામીને માણસ લોકો આગળ કેવળ વાક્યરચના જ કરે છે, જેનાથી ચિત્ત શાંત ન થાય તે વિદ્વત્તાને શું કરે? તારી બુદ્ધિ જ વિપરીત છે. જ્ઞાનથી મદ શાંત થાય છે, પણ દુષ્ટને એનાથી જ મદ થાય છે; તેજ જે આંખને જગાડે છે તેનાથી જ ઘૂડ આંધળો થાય છે. તારું કુળ જ એવું લાગે છે. પુત્ર પિતાને પગલે અવશ્ય ચાલે છે; કેતકીના ઝાડ ઉપર આમળાં ક્યાંથી થાય? હિતેચ્છુનું કહ્યું ન કરનારને ઉપદેશ શું કરવો? કહ્યું છે, કે

અનામ્ય ન નમે દારુ પત્થરે ન ક્ષુરક્રિયા ।
સૂચીમુખથકી જાણો મૂર્ખને શીખવે જ શું ॥ ૩૪ ॥

દમનક કહે: 'એ કેમ?' કરટક કહે:

કથા ૨૩

એક વનમાં વાંદરાનું જૂથ હતું. તે એકવાર હેમન્ત ઋતુમાં ટાઢે થરથરતું હતું એટલે આગિયાને અગ્નિ જાણીને એના ઉપર સૂકાં લાકડાં, સાંઠી ને ઘાસપાન મૂકતું હતું, અને કાખ, પેટ તથા છાતી ખંજોળતું તાપમનોરથનું સુખ અનુભવતું હતું ત્યાં એક વાંદરાને વિશેષ ઠંડી વાતી હતી એટલે તે માની લીધેલા અગ્નિ ઉપર ફૂંક મારતો હતો, તે જોઈને સૂચીમુખ નામે પક્ષી ઝાડ ઉપરથી ઊતર્યો ને બોલ્યો: 'ભદ્ર, દાખડો કર મા. આ અગ્નિ નહિ પણ આગિયો છે, એને ધમવાથી કાંઇ ન વળે.' એક વૃદ્ધ વાંદરાએ એને કહ્યું: 'મૂર્ખા, તારે તેની શી પંચાત? એટલે જા. હારેલા જુગારીની તથા જેના કામમાં ઉપરાઉપર વિઘ્ન આવે એની સાથે વાત ન કરવી.' તો પણ સૂચીમુખ કહે: 'અરે, ઠાલો કલેશ કાં ભોગવો?' આમ કેમે ય બોલતો રહ્યો નહિ, એટલે એક વાંદરાને શ્રમ વ્યર્થ કરતો હોવાથી ક્રોધ ચડ્યો ને પાંખ ઝાલીને તથા પત્થર ઉપર પછાડીને પક્ષીને મારી નાખ્યો.

એટલે કહું છું: 'અનામ્ય ન નમે દારુ' ઇતિ."

વળી કરટક કહે: 'ઉપદેશથી મૂર્ખો કોપે છે, શમતો નથી; ભુજંગને દૂધ પાવાથી એનુ વિષ જ વધે છે. કહ્યું છે કે,

ઉપદેશ દિઓ છો કાં જેવા તેવા મનુષ્યને ।
જુઓ વાનર મૂર્ખાએ સુગૃહી નિર્ગૃહી કરી ॥ ૩૫ ॥

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૪

એક વનમાં શમીનું ઝાડ હતું, તેમાં ચકલોચકલી રહેતાં હતાં. ત્યાં એકવાર હેમન્ત ઋતુમાં મેહ મન્દ મન્દ વર્ષવા

મળ્યો. એનાથી ટાઢે ઠરતો દન્તવીણા વગાડતો એક વાંદરો શમીના મૂળ આગળ આવીને બેઠો. એની દુર્દશા જોઈને ચકલી બોલી: 'ભદ્ર,

હાથ ને પગવાળો તું દેખાય પુરુષાકૃતિ ।
ટાઢથી ઠરતો મૂઢ ઘર કેમ કરે નહિ ॥ ૩૬ ॥

આ સાંભળીને વાંદરાએ ક્રોધ સહિત કહ્યું: 'અધમે, તું મૌનવ્રત કેમ સેવતી નથી? અહો, આની ધૃષ્ટતા! મારી ઠેકડી કરે છે?

સૂચીમુખી દુરાચારી રંડા પંડિતવાદિની ।
બકતાં ન ડરે લેશ એને કેમ ન મારવી ॥ ૩૭ ॥

ચટકાબાઈ, તું મારી ચિંતા કરીને દૂબળી થા મા. અને કહ્યું છે:



શમીનું ઝાડ હતું તેમાં ચકલોચકલી રહેતાં હતાં.

શ્રદ્ધાલુને કરે। વાત પૂછતાને વિશેષતઃ ।
શ્રદ્ધાવિહીનને કીધું અરણ્યરુદિતોપમ ॥ ૩૮ ॥

તે પણ ચકલી તે બોલતી જ રહી એટલે વાંદરે શમી ઉપર ચડી માળે ભાંગીને ભૂકો કરી નાખ્યો.

એટલે હું કહું છું: 'ઉપદેશ દિએ છે કાં' ઇતિ. વળી કોકે ઠીક કહ્યું છે:

ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ જાણ્યા પુરુષ બે જ મેં ।
વ્યર્થ પાંડિત્યથી પુત્રે ધૂમમાં તાત મારિયો ॥ ૩૯ ॥

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૫

એક નગરમાં ધર્મબુદ્ધિ ને પાપબુદ્ધિ નામે બે વણિક્-પુત્ર મિત્ર હતા. એણે કમાવા સારુ દેશાન્તર જવાનો વિચાર કર્યો. કહ્યું છે કે,

'દેશાન્તરમાં વિવિધ ભાષા તથા વેશ જેણે જાણ્યાં નથી એનો જન્મ અફળ ગયો જાણવો.'

'એક દેશથી બીજે દેશ હરખતો હરખતો માણસ ન ફરે ત્યાં લગી વિદ્યા, શિલ્પ કે ધન તે સરખી રીતે પામતો નથી.'

પરદેશ ખેડીને ધર્મબુદ્ધિના પ્રભાવથી પાપબુદ્ધિએ પણ બહોળી કમાણી કરી. એટલે બેય ઘેર આવવા નીકળ્યા. પોતાનું ગામ પાસે આવ્યું એટલે સ્વાર્થસાધુ પાપબુદ્ધિ ધર્મબુદ્ધિને કહે: 'ભદ્ર, આ સર્વ ધન ઘેર લઈ જવું એ ઠીક નથી, કારણ કુટુંબી તથા બાંધવો એની માગણી કરે. એટલે અહિં જ ગહનવનમાં ક્યાંક ઝાડના મૂળ આગળ દાટી થોડુંક લઈને ઘેર જઇએ. ફરી પ્રયોજન હશે ત્યારે વળી પાછું એટલું જ અહિં આવીને લઈ જઈશું. ડાહ્યો માણસ અલ્પ ધન પણ

કોઇને દેખાડતો નથી, કેમ કે તે જોઈને મુનિવરનું મન પણ ચળી જાય છે.' ધર્મબુદ્ધિ કહે: 'ઠીક, એમ કરો.'

બેય જણ ઘેર આવ્યા પછી એક દિવસ મધ્યરાતે ત્યાં જઈને પાપબુદ્ધિ બધું ધન કાઢી ખાડો પૂરી ને ભોંય સમી કરીને પોતાને ભવને આવતો રહ્યો. ધર્મબુદ્ધિ વસ્તારી હતો, એટલે કાંઈક વધારે ધન કાઢવા સારુ પાપબુદ્ધિને તેડીને તે વનમાં ગયો, ને ઝાડ આગળ ખોદ્યું તો કાંઇ ન મળ્યું. એટલે પાપબુદ્ધિ પાષાણ ઉપર પોતાનું માથું કૂટવા મંડચો ને કહ્યું: 'ધર્મબુદ્ધિ, આ ધન તું જ હરી ગયો. બીજું કોઈ નહિ એટલે એનું અર્ધું મને દે. નહિ તો રાજકુળમાં મારે શાવ ખાવી પડશે.' ધર્મબુદ્ધિ કહે: 'દુરાત્મન્, હું ચોરી કદાપિ ન કરું. કહ્યું છે:

માતૃવત્ પરદારાને શિલાવત્ પરદ્રવ્યને।
આત્મવત્ સર્વભૂતોને જુએ છે સજ્જનો સદા ॥૪૦॥

આમ પરસ્પર વિવાદ કરતા બેય જણ ધર્માધિકારી આગળ ગયા, ને એક બીજા ઉપર દોષ ચડાવ્યો. હવે અધિકારીએ એને દિવ્ય કરવા કહ્યું, તો પાપબુદ્ધિ કહે: 'આપે ઠીક ન્યાય ન કર્યો. પહેલાં પત્ર, પછી સાક્ષી, ને એ બેયને અભાવે દિવ્યનો આશરો લેવાય. પણ મારે તો વૃક્ષદેવતા સાક્ષી છે, તે અમારામાંથી એકને ચોર કે સાહુકાર સિદ્ધ કરશે' એટલે કાલ સવારે આવજો એવી આજ્ઞા કરીને અધિકારીએ બેયના પ્રતિભૂ (જામીન) લીધા ને છોડી મૂક્યા.

ઘેર જઈને પાપબુદ્ધિએ પોતાના પિતાને પ્રાર્થના કરી, 'તાત, ધન મેં ચોર્યું છે, તે તમારા વચનથી મને પચી જાય એમ છે; નહિ તો ધન ને મારું જીવનધન બેય જવા બેઠાં છે.' તે બોલ્યો: 'વત્સ, એવું શું છે, જે બોલવાથી ધન આપણા ઘરમાં સ્થિર થઈ જાય?' પાપબુદ્ધિ કહે: 'પિતાજી, તે પ્રદેશમાં

શમીનું મોટું ઝાડ છે. તેમાં મોટી બખોલ છે. એ બખોલમાં તમે આ ઘડીએ જ પ્રવેશ કરો. પછી હું પ્રભાતે પૂછું ત્યારે તમારે કહેવું કે ધર્મબુદ્ધિ ચોર છે.' બાપ કહે: 'દીકરા, આમ તો આપણે બેય મરવાના છિએ. આ ઊંધો ઉપાય છે કહ્યું છે કે, ઉપાય જેમ વિચારિએ તેમ અપાય પણ વિચારવો. એમ ન કરે તો મૂર્ખ બગલાના દેખતાં નોળિયાએ એનાં બચ્ચાં ખાધાં હતાં એવું થાય.'

પાપબુદ્ધિ કહે: 'એ કેમ?' પિતા કહે:

કથા ૨૬

"ઉત્તરાપથવર્તી ગૃધ્રકૂટ પર્વત ઉપર એક પીપળાનું ઝાડ હતું, તેમાં બગલોબગલી રહેતાં હતાં. એનાં બચ્ચાંને પાંખ ન આવી હોય ત્યાં પીપળા તળે ભોણમાં રહેતો કાળો નાગ ખાઈ જાતો. આથી ઉદ્દાસ થઈને બગલો સરસ્તીરે ઊભો હતો, એને જોઈને કરચલો બોલ્યો: 'મામા, આજ કેમ આમ કોચવાઓ છો?' તે બોલ્યો: 'ભદ્ર, મારાં મન્દભાગ્યનાં બાળકોને સર્પ ખાઈ ગયો, એનો નાશ કરવાનો કાંઇ ઉપાય હોય તો કહે.' આ સાંભળીને કરચલે વિચાર્યું, 'આ અમારી જાતનો સહજવેરી છે, એટલે એવો ઉપદેશ દઉં કે, જેથી બીજા બગલાનો યે સોથ વળી જાય. કહ્યું છે કે,

નવનીતસમી વાણી કરીને ચિત્ત નિર્દય ।
શત્રુને બોધ દે એવો વંશ સોતો મરી રહે ॥૪૧॥

એટલે તે બોલ્યો: 'મામા, એમ હોય તો નોળિયાના ભોણથી સર્પના ભોણ લગી માછલાંના માંસની અવિચ્છિન્નપરંપરા કરો, એટલે નોળિયો એ માર્ગે જઈને દુષ્ટ સર્પને મારી નાખશે.' બગલાએ આમ કર્યું એટલે મત્સ્યમાંસાનુસારી નોળિયાએ નાગને માર્યો ને પછી ધીરે ધીરે તે ઝાડના આશ્રિત બગલાઓને

પણ મારી નાખ્યા. એટલે ઉપાય અપાય બેય વિચારવા ઘટે.

પણ લોભાન્ધ પાપબુદ્ધિએ બાપની વાત ગણકારી નહિ, અને તે એને પરાણે રાતે વનમાં તેડી ગયો ને તરુકોટરમાં બેસાડયો. સવારે અધિકારી સમક્ષ વનસ્પતિને ધર્મશાસ્ત્રનાં વચન સંભળાવ્યાં એટલે વનસ્પતિમાંથી આવી વાણી નીકળી: 'ધર્મબુદ્ધિએ આ ધન લીધું છે.'

આ સાંભળીને વિસ્મિત થયેલા રાજપુરુષો ધર્મબુદ્ધિને શું દંડ દેવો એનો વિચાર કરતા હતા, ત્યાં તેણે શમીને ફરતાં અગ્નિભોજ્ય દ્રવ્યો ખડકીને સળગાવ્યાં. આથી ઝાડને આગ લાગી એવો જ અર્ધદગ્ધ શરીરે તથા ફૂટી ગયેલી આંખે પાપબુદ્ધિપિતા કરુણ આક્રન્દ કરતો નીકળ્યો, ને 'આ દુષ્ટપુત્રે મારી આ દશા કરી,' એમ કહેતોક ને મરી ગયો. પછી રાજપુરુષોએ ધર્મબુદ્ધિનું ધન પાપબુદ્ધિ આગળથી એને અપાવ્યું, અને પાપબુદ્ધિને શૂળીએ ચડાવ્યો.

એટલે હું કહું છું: 'ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ' ઇતિ. દમનક, તુંયે પાપિયો છે, સજ્જન નથી; નહિ તો સ્વામીની આવી અવસ્થા તું ન કરત. અને જેણે સ્વામીનું આટલું બગાડ્યું એ અમારા જેવા માથે શું ન કરે? અને કહ્યું છે:

સહસ્રલોહનું તોલું જ્યાં ખાઈ જાય ઊંદરો।
હાથીને યે હરે બાજ છોકરામાં ન વિસ્મય ॥ ૪૨ ॥

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨૭

એક ઠેકાણે જીર્ણવિભવ નામે વણિક્પુત્ર હતો. તે કામવા સારુ પરદેશ જાવા નીકળ્યો. એના ઘરમાં હજાર પલ* લોઢાથી

* પાશેર કાચો.

ઘડેલી પૂર્વપુરુષોપાર્જિત તુલા હતી, તે એણે કોઈ શેઠને ઘેર થાપણ દાખલ મૂકી. દેશાંતરમાં એને દુર્ભાગ્યે કમાણી ન થઈ એટલે ગયો હતો એવો જ પાછો આવ્યો, અને થાપણ પાછી માગી. તે બોલ્યો: 'તોલું તો ઊંદરડા ખાઈ ગયા.' જીર્ણવિભવ મનમાં હસીને કહે: 'તો તેમાં તારો શું દોષ? આ સંસાર જ એવો અસાર છે. પણ હું નદીએ સ્નાન કરવા જાઉં છું, એટલે આ તારા પુત્ર ધનદેવને સ્નાનોપકરણ લઈને મારી હારે મોકલ.' ચોરી માથે પડવાની બીકે શેઠે છોકરાને કહ્યું: 'વત્સ, આમળાં ને લઈને કાકા ભેગો જા.' છોકરો તો હરખાતો હરખાતો અભ્યાગત ભેળો ગયો. ન્હાઈને પાછા આવતાં છોકરાને એક મિત્રના ઘરમાં સંતાડીને જીર્ણવિભવ શેઠ આગળ આવ્યો. શેઠે પૂછ્યું: 'છોકરો ક્યાં?' તે બોલ્યો: 'એને તો સરિતાતટથી બાજ ઉપાડી ગયો.' શેઠ કહે: 'મિથ્યાવાદી, બાજ તે કદી બાળકને ઊપાડી શકે કે?' તે બોલ્યો: 'સત્યવાદી, બાજ બાળકને ન ઊપાડે તો ઊંદર પણ લોઢાનું તોલું ન ખાય, એટલે છોકરાનું પ્રયોજન હોય તો તોલું સોંપી દે.' આમ વિવાદ કરતા બેય રાજકુળમાં ગયા. શેઠ તાણીને બોલ્યા: 'અબ્રહ્મણ્યમ્, અબ્રહ્મણ્યમ્, આ દુરાત્માએ મારા છોકરાને ક્યાંક ગુપ્ત રાખ્યો છે.' ધર્માધિકારીએ પૂછ્યું તો જીર્ણવિભવ બોલ્યો: 'હું શું કરું? મારા દેખતાં શિશુને નદીકાંઠેથી બાજ ઊપાડી ગયો.' અધિકારી કહે: 'એ તો અલૌકિક વાત થઈ. બાજ છોકરાને ઊપાડવા કેમ સમર્થ થાય?' તે બોલ્યો:

> **'સહસ્રલોહનું તોલું જ્યાં ખાઈ જાય ઊંદરો ।**
> **હાથીને યે હરે બાજ છોકરામાં ન વિસ્મય ॥'**

એમ કરીને એણે સભ્યો આગળ બધો વૃત્તાન્ત કહ્યો. એટલે સભ્યોએ એકને તોલું ને બીજાને છોકરો અપાવીને સંતોષ્યા.

એટલે હું કહું છું: 'સહસ્ત્રલોહનું તોલું' ઇતિ.

વળી કરટક બોલ્યો: 'હે દમનક, તારા જેવાનો સંગ કરવો એ જ ખોટું છે. કદાચ તારા સંગથી અમને પણ અનર્થ થાય.

અસત્સંગતણે દોષે વિક્રિયા થાય સાધુની ।
દુર્યોધનપ્રસંગેથી ભીષ્મ ગોહરણે ગયો ॥ ૪૩ ॥

અને આ ઠીક કહ્યું છે:

માતા એક પિતા એક મારા ને એ વિહંગના ।
મને મુનિજને લીધો એને લીધો ગવાશને ॥ ૪૪ ॥

તેણે કહ્યું: 'એ કેમ?' કરટક કહે છે:

કથા ૨૮

એક પર્વત ઉપર એક પોપટના માળામાં બે બચ્ચાં અવતર્યાં. એની મા ચરવા બહાર ગઈ હતી ત્યાં વાઘરી એને ઉપાડી ગયો. તેમાંથી એક દૈવવશાત્ ભાગી છૂટ્યો, અને બીજાને પાંજરામાં રાખી વાઘરી પઢાવવા મંડયો. ભાગેલો પોપટ કોઈ ઋષિને હાથ આવ્યો, તેણે એને પોતાના આશ્રમમાં લઈ જઈને પોષ્યો. એમ કરતાં કોઇ રાજા ઘોડા ઉપર પોતાની સેનાથી આઘો નીકળી ગયો હતો; તે જ્યાં વાઘરી રહેતા હતા તે વનમાં આવી ચડયો. એને જોઈને પંજરસ્થ પોપટ કલકલ કરવા મંડયો: 'સ્વામી, આ કોઈ ઘોડે ચડીને આવે છે. એને બાંધો, મારો.' શુકવચન સાંભળીને રાજા ઘોડાને દોડાવીને બીજા પ્રદેશમાં નીકળી ગયો તો ત્યાં મુનિઓનો આશ્રમ હતો. ત્યાં પણ પંજરસ્થ પોપટ બોલ્યો: 'આવ, આવ રાજા. વીસામો ખા. શીતળ જળ પી, મીઠાં ફળ ખા. હે ઋષિઓ, આને અર્ઘ્ય આપો ને આના પગ ધુઓ.' આ સાંભળીને રાજાને વિસ્મય થયો ને એ વિચારમાં પડી ગયો. એણે પોપટને

પૂછ્યું: 'મેં વનના બીજા ભાગમાં તારા જેવો પોપટ દીઠો, પણ એ તો ક્રૂર હતો, ને બાંધો મારો એવું બોલતો હતો, એ કેમ?' એટલે પોપટે પોતાનો વૃત્તાન્ત એને સંભળાવ્યો.

એટલે હું કહું છું: 'માતા એક પિતા એક' ઇતિ. તથા કહ્યું છે:

દુષ્ટ લોકો કરે ભૂંડું ને સાધુ ફળ ભોગવે ।
દશાનન હરે સીતા બંધાય જ મહોદધિ ॥૪૫॥

વળી

તારે દુર્જનની હારે ઊભવું ન ન ચાલવું ।
કાગસંગે મુઓ હંસ ઊભો જાતો જ વર્તક ॥૪૬॥

દમનક કહે: 'એ કેમ?' કરટક કહે:

કથા ૨૯*

ઉજ્જયિનીની વાટની ધારે પ્લક્ષનું ઝાડ હતું, એના ઉપર હંસ ને કાગડો વસતા હતા. એકવાર ગ્રીષ્મઋતુમાં એક થાકેલો પથિક તરુતળે ધનુષ મૂકીને સૂતો. થોડી વારે એના મુખ ઉપરથી ઝાડની છાયા ખસી ગઈ, અને મોઢા ઉપર તડકો આવ્યો તે જોઈને ઝાડ ઉપર રહેલા હંસે કૃપાથી પાંખ પસારીને પાછી એના મુખ ઉપર છાયા કરી. પછી નિદ્રાસુખિયા વટેમાર્ગુનું ઊંઘમાં મોઢું ઊઘડી ગયું, તેમાં પરસુખઅસહિષ્ણુ સ્વભાવદુર્જન કાગડો ચરકીને પલાયન કરી ગયો. પાન્થ ઊઠીને નિરખે છે, તો તેણે હંસને જોયો તથા બાણથી વીંધીને મારી નાખ્યો.

---

* હિતોપદેશ.

કથા ૩૦*

એકવાર ભગવાન્ ગરુડની યાત્રાના પ્રસંગમાં સર્વ પક્ષીઓ સમુદ્રતીરે ગયા, તેમાં કાગડા ભેળો વર્તક ચાલી નીકળ્યો. હવે તે કાગડો માર્ગે જાતા ગોવાળના દધિભાંડમાંથી વારે વારે દહિં ખાવા મંડ્યો. ગોવાળે દોણું હેઠું મૂક્યું ને ઊંચે અવલોકન કર્યું, તો તેણે કાગડા તથા વર્તકને જોયા, પણ કાગડો તો ચેતીને ભાગી ગયો, અને સ્વભાવે નિરપરાધ વર્તકની ગતિ મંદ હતી, એટલે એ ગોવાળને હાથ આવી ગયો ને માર્યો ગયો.

એટલે હું કહું છું: 'તારે દુર્જનની હારે' ઇત્યાદિ.

કરટકે એનું વ્યાખ્યાન આગળ ચલાવ્યું: 'હે દમનક, તું કરવા ગયો હિત પણ કરી બેઠો અહિત, અને કહ્યું છે:

પંડિત શત્રુ છે સારો ન મૂર્ખ હિતકારક ।
વાંદરાએ હણ્યો રાજા વણિક્ ચોરે બચાવિયો ॥૪૭॥

દમનક કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૩૧

એક રાજા આગળ એક વાંદરો ભક્તિપરાયણ વિશ્વાસુ અંગસેવક હતો. એક વાર રાજાને નિદ્રા આવી ગઈ હતી અને વાનર વીજણો લઈને પવન નાખતો હતો, ત્યાં એક માખી રાજાની છાતી ઉપર બેઠી. વાંદરાએ એને વીજણાથી વારંવાર વારી, તો પણ માખી ફરી ફરીને ત્યાં જ બેસે. એટલે સ્વભાવ-ચપલ વાંદરો ધખ્યો અને તીક્ષ્ણ ખડ્ગ આણીને માખી ઉપર પ્રહાર કર્યો. પણ માખી તો ઊડી ગઈ, અને રાજાની છાતી

* હિતોપદેશ.

કપાઈ ગઈ ને એ મરી ગયો. તેથી ચિરાયુષ ઇચ્છનાર રાજાએ મૂર્ખ અનુચર ન રાખવો.

કથા ૩૨

બીજું, એક નગરમાં મહાવિદ્વાન્ વિપ્ર હતો, તે પૂર્વજન્મને યોગે ચોરી કરતો. પરદેશથી આવેલા ચાર વાણિયા ચૌટામાં અમૂલ્ય રત્ન આદિ બહુ વસ્તુ વેચાતી લેતા હતા તે જોઈને એને થયું કે, કાંઈક ઉપાય કરીને અનું ધન પડાવી લેવું. એટલે એની આગળ જઈને ચોર કઈક શાસ્ત્રસુભાષિત તથા મધુરવચન બોલ્યો અને એના મનમાં વિશ્વાસ ઊપજાવીને એની સેવા કરવા મંડ્યો. અથવા ઠીક કહ્યું છે:

અસતી હોય સલજ્જા ખારું પાણીય શીતળું હોયે ।
દંભી હોય વિવેકી પ્રિયવક્તા હોય ધૂતારો ॥૪૮॥

બધું લેવાઈ રહ્યું એટલે વાણિયા સ્વદેશ જવા ઊપડ્યા તે જોઈને ધૂતારો બ્રાહ્મણ ચિંતાથી વ્યાકુળ થઈ ગયો, અને વાણિયા ભેળા જઈ માર્ગમાં એને વિષ ખવરાવી મારી નાખવા તથા રત્ન હાથ કરવાં એવો વિચાર કર્યો. એટલે ગળગળા થઈને એણે કહ્યું: 'મિત્રો, તમે મને એકલો મૂકીને ભાગવાનો ઉદ્યમ કરો છો, એટલે તમારી સાથે સ્નેહપાશથી બંધાયેલું મારું મન તમારા વિરહનું નામ પડતાં જ વ્યાકુળ થઈ ગયું છે તે કેમેય ઠરતું નથી. માટે મારા ઉપર અનુગ્રહ કરો ને મને પણ ભેળો લ્યો.' આથી વાણિયાએ એને સંઘાતે લીધો ને ચાલી નીકળ્યા.

માર્ગમાં એ ચાલ્યા જાય છે ત્યાં એક ગામડા આગળ કાગડા બોલવા મંડ્યા: 'રે રે કિરાતો, ધાઓ, ધાઓ. સવા લાખના ધણી આ જાય; એને મારીને ધન લઈ લ્યો.' આ

સાંભળીને કિરાત તરત આવ્યા અને વાણિયાને લાકડીએ લાકડીએ જર્જર કરી વસ્ત્ર ઊતરાવી જડતી લીધી. પણ કાંઇ ધન ન નીકળ્યું. એટલે કિરાત કહે: 'અરે વટેમાર્ગુઓ, પ્રથમ કદાપિ કાગવાણી ખોટી નહોતી પડી, એટલે તમારી આગળ ધન છે તે આપી દિઓ. નકર સર્વનો વધ કરી ચામડી ચીરી અંગપ્રત્યંગ તપાસીને ધન હાથ કરશું.' કિરાતવચન સાંભળીને વિપ્રચોરે વિચાર કર્યો: 'આ વાણિયાને મારીને એની જાંત્રમાં સંતાડેલાં રત્ન કિરાતો લેશે તો પણ મને તો મારી જ નાખશે. એના કરતાં મારા રત્નરહિત દેહનું સમર્પણ કરીને હું આ વાણિયાને મૂકાવું. અને કહ્યું છે:

મૃત્યુથી કાં ડરે બાલ ડર્યાથી નહિ છૂટકો।
આજ કે શતવર્ષાન્તે પ્રાણીને ધ્રુવ મૃત્યુ છે ॥ ૪૯ ॥

તથા

ગાઅર્થે માનુષાર્થે જે પ્રાણત્યાગ કરે નર।
સૂર્યમંડળ ભેદીને પામતો શ્રેષ્ઠ તે ગતિ ॥ ૫૦ ॥

આમ નિશ્ચય કરીને તે બોલ્યો: 'હે કિરાતો, એમ હોય તો પહેલાં મને હણીને જુઓ.' કિરાતોએ એને માર્યો ને જોયું તો તે ધનરહિત નીકળ્યો, એટલે બીજા ચારેયને છોડી દીધા.

એટલે હું કહું છું: 'પંડિત શત્રુ છે સારો' ઇતિ.

આમ કરટકદમનકસંવાદ ચાલે છે ત્યાં પિંગલકે સંજીવકને મારી નાખ્યો, એટલે એનો કોપ શમી ગયો, ને એને ખૂંટિયાના ગુણસ્મરણથી શોક તથા પશ્ચાત્તાપ થયો, તથા એ બોલ્યો: 'અરે, બીજા ખોળિયા જેવા સંજીવકને મેં પાપિયાએ માર્યો તે બહુ દારુણ કામ કર્યું, કેમ જે વિશ્વાસઘાતના જેવું બીજું એકે પાપ નથી. અને કહ્યું છે:

મિત્રદ્રોહી કૃતઘ્નો ને વળી વિશ્વાસઘાતક।
આ સર્વે નરકે જાય યાવચ્ચંદ્રદિવાકરૌ ॥ ૫૧ ॥

પિંગલકની આ દશા જોઈને દમનક કહે: 'સ્વામિન્, આ નૂતન ન્યાય કયા ગામનો કે શત્રુને મારી સંતાપ કરો છો? અને કહ્યું છે:

દારા મિત્ર પિતા ભ્રાતા અથવા હોય દીકરો।
પ્રાણદ્રોહ કરે જ્યારે મારતાં નહિ પાતક ॥ ૫૨ ॥

મહારાજ, મોટો પણ ઉપદ્રવ ન કરે તો તે પૂજાતો નથી. લોકો નાગને પૂજે છે, પણ નાગઘાતક વૈનતેયનો ભાવ પૂછતા નથી.'

આથી પિંગલક સ્વસ્થ થયો, તથા ખાધું પીધું ને રાજ કીધું.

ઇતિ મિત્રભેદ નામે પ્રથમ તન્ત્ર સમાપ્ત.

બીજું તન્ત્ર : સુહૃલ્લાભ

આ તન્ત્રનો આદ્ય શ્લોક આમ છે:

અસાધન વિત્તહીન બુદ્ધિમન્ત સુહૃત્તમ ।
સાધે છે કામ પોતાનાં કાકકૂર્મમૃગાખુવત્ ॥ ૨ ॥

રાજકુમારો બોલ્યા: ‘એ કેમ?’ વિષ્ણુશર્મા કહે છે:

ગોદાવરીતીરે શાલ્મલીનું વિશાળ ઝાડ હતું. તેમાં લઘુપતનક નામે કાગડો રહેતો હતો. એક દિવસ પ્રભાતમાં એણે યમકિંકર જેવા શિકારીને દીઠો ને વિચાર્યું: ‘અટાણમાં વ્યાધનું કાળમુખ જોયું છે તે આજનો દિવસ કોણ જાણે કેવો જાય?’ ત્યાં તો લુબ્ધકે ધાનનાં કણ વેરીને જાળ પાથરી અને થોડેક આઘે સંતાઈને બેઠો. હવે ચિત્રગ્રીવ નામે કબૂતરનો રાજા પરિવાર સહિત આકાશમાં ભમતો હતો. તેણે ચોખાના દાણા જોયા તથા એના ઉપર તૂટી પડતાં કબૂતરોને કહ્યું: ‘આ નિર્જન વનમાં અનાજ કેવું? આનું ફળ હું સારું જોતો નથી. કંકણનો લોભી પંથી બુઢ્ઢા વાઘને હાથે માર્યો ગયો એવી જ દશા કણલોભી આપણી યે ક્યાંક ન થાય.’ કબૂતરો બોલ્યાં: ‘પારાવતપતિ, એ કેમ?’ તે બોલ્યો:

કથા ૧*

એક ગલઢો બુઢ્ઢો વાઘ ન્હાયો, હાથમાં કુશ લીધું ને સરોવરકાંઠે બોલ્યો: 'હે પથિકો, આ સોનાનું કંકણ લ્યો.' એ જોઈને એક વટેમાર્ગુને લોભ લાગ્યો ને વિચાર કર્યો: 'આમાં જોખમ છે ખરું, પણ જોખમ ન ખેડિએ તો પ્રાપ્તિ શેની થાય? જોઈએ તો ખરા.' પછી તાણીને વાઘને કહ્યું: 'ક્યાં તારું કંકણ?' વાઘે હાથ પ્રસારીને દેખાડ્યું, એટલે પંથી કહે: 'તારો મારકણાનો વિશ્વાસ કેમ કરીને થાય?' વાઘ કહે: 'સાંભળ, હે મુસાફર. પહેલાં યૌવનદશામાં મારું બહુ દુષ્ટ વર્તન હતું. અનેક ગાય ને માણસને મેં માર્યાં; એને પાપે મારી વહૂ ને દીકરા મરી ગયાં અને હું નિર્વંશ થઈ ગયો. એટલે એક ભગતે મને દાનધર્મ કરવા કહ્યું. એના ઉપદેશથી હું નિત્ય સ્નાન કરું છું ને દાન દઉં છું, તથા મારા નખ ને દાંત પડી ગયા છે, તો ય મારો વિશ્વાસ ન આવે? હું એટલો લોભરહિત છું કે આ સુવર્ણકંકણ ગમે એને મારે દઈ દેવું છે, તથાપિ વાઘ માણસને ખાય એ લોકવાક્ય કેમ ટળે? તું અત્યંત દુ:ખી છે એટલે તને કંકણ દેવા હું યત્ન કરું છું. અને કહ્યું છે:

દાન દે તું દરિદ્રોને ધનાઢ્યોને ન દે કદી।
દવાને શું કરે સાજો એ રોગીને જ કામની ॥ ૨ ॥

એટલે આ સરોવરમાં ન્હાઈ ધોઈને કંકણ લે.'

હવે જેવો લોભિયો ન્હાવા સરોવરમાં પ્રવેશે છે એવો તે ગારામાં ખૂતી ગયો ને ભાગવા અશક્ત થઈ ગયો. તે જોઈને વાઘે કહ્યું: 'અહહ, ગારામાં પડ્યો? લે, તને કાઢું.' એમ

* હિતોપદેશની

કડી ધીરે ધીરે એની પાસે જઈ એને ઝાલ્યો તથા ફાડી ખાધો.

એટલે અવિચારી કામ ન કરવું.'

આ સાંભળીને એક પારેવો બોલ્યો: 'આ: આ કેવી વાત છે? વૃદ્ધનું વચન તો આપત્તિ આવે ત્યારે કરવું, પણ વારંવાર એમ વિચાર કરવા બેસિએ તો ખાવા ભેળા જ ન થવાય.' એટલે બધા કબૂતર ચોખા ઉપર ઊતર્યાં ને જાળમાં બંધાઈ ગયા. પછી જેના કહેવાથી ઊતર્યાં હતા તેનો તિરસ્કાર કરવા મંડ્યા, એટલે ચિત્રગ્રીવ કહે: 'કપોતભાઇઓ, એમાં એનો દોષ નથી. જેમનું હરણ હોય નહિ એનું શ્રીરામને યે ધ્યાન રહ્યું નહોતું. હવે તો ધીરજ રાખીને છૂટવાનો ઉપાય વિચારો. આમ કરિએ, બધા એકચિત્ત થઈને જાળ ઊપાડીને ઊડિએ.' એટલે બધાં પારેવાં જાળ ઊપાડીને ઊડયાં. લુબ્ધકે કહ્યું:

> સંઘાતે તો હરે છે આ મારી જાળ વિહંગમ।
> વિવાદ કરશે જ્યારે મારે વશ થઈ જશે ॥ ૩ ॥

એમ કરીને પક્ષી વાંસે દોડ્યો, પણ તે અદૃશ્ય થઈ ગયાં, એટલે નિરાશ થઈને પાછો વળ્યો; પણ પારેવાં પછી શું કરે છે તે જોવાના કૌતુકથી લઘુપતનક એની પાછળ ગયો.

લુબ્ધક ગયો જાણીને ચિત્રગ્રીવ કહે: 'પારાવતબન્ધુઓ, એ દુરાત્મા હઠી ગયો. હવે ગંડકીતીરે આપણો મિત્ર હિરણ્યક નામે ઊંદરરાજ રહે છે ત્યાં ચાલો. એ આપણા બંધ કાપશે.' એટલે બધા મૂષકરાજના સો બારવાળા ભોણ આગળ આવ્યા. હિરણ્યક બહાર આવ્યો ને ચિત્રગ્રીવનો બંધ છેદવા મંડ્યો, પણ ચિત્રગ્રીવે કહ્યું: 'સખે, એમ નહિ. પ્રથમ તો મારા પરિજનના ફાંસા કાપ, પછી મારા.' હિરણ્યક કહે, 'એ તે કયા ગામનો ન્યાય? પહેલાં સ્વામી ને પછી

સેવક એ સાચો ક્રમ છે.' ચિત્રગ્રીવ કહે: 'તે હશે, પણ આ બાપડા કુટુંબ ત્યજીને આવ્યા છે, તો મારે એટલું તો એનું સંમાન કરવું જોઈએ. વળી કદાચ મારા પાશ કાપતાં તારા કોમળ દાંત તૂટી જાય કે વાઘરી આવી પહોંચે તો તો મારો નરકવાસ જ થાય. અને કહ્યું છે:

માંસમૂત્રપુરીષાસ્થિનિર્મેલું આ કલેવર।
ચિનશ્વર જવા દે ને મારું રાખ જ નામ તું॥૪॥'

હિરણ્યક હરખીને બોલ્યો: 'હું સ્વામિધર્મ જાણું છું, પણ મેં તારી પરીક્ષા કરી. એટલે પહેલાં બધાયનો પાશચ્છેદ કરીશ. આવા આશ્રિતવાત્સલ્યથી તારે પણ બહુ કપોતોનો પરિવાર થાય. અને કહ્યું છે:


ભૂતો પર દયા રાખે ભાગ આપે જ સર્વદા।
આવા વિધિ થકી શક્ય ત્રિલોકીનીય નાથતા॥૫॥'

એમ કરીને એણે જાળ કાપી નાખી, એટલે કપોતરાજ ઘેર ગયો અને હિરણ્યક બોણમાં પેઠો.

જેવા તેવા ભલે મિત્ર પાંચસો તું કર્યા કર।
મૂષકમિત્રથી જો ને કપોતો મુક્તબન્ધન ॥ ૬ ॥

સર્વવૃત્તાન્તદર્શી લઘુપતનકે વિચાર્યું: 'અહો, આ હિરણ્યકની કેવી બુદ્ધિ, શક્તિ અને દુર્ગસામગ્રી છે! એટલે જો કે હું ચંચલ પ્રકૃતિનો છું, કોઈનો વિશ્વાસ કરતો નથી ને કોઈથી છેતર્યો જાઉં એવો નથી, તો પણ હું યે એની હારે પ્રીત કરું.' એમ કરીને એણે હિરણ્યકના બોણ આગળ જઈને એને બોલાવ્યો. હિરણ્યક કહે: 'તું કોણ છે?' વાયસ કહે, 'હું લઘુપતનક નામે કાગડો છું, ને તારી હારે મિત્રતા ઇચ્છું છું.' હિરણ્યક કહે: 'તારી હારે મૈત્રી કેવી?

હું ભોજન તમે ભોક્તા પ્રીત કેમ કરી બને।



વાયસ કહે. 'હું લઘુપતનક નામે કાગડો છું, ને તારી હારે મિત્રતા ઇચ્છું છું.'

વળી

ભક્ષ્યભક્ષકની પ્રીતિ વિપત્તિનું જ કારણ ।
શિઆળે જે ફસાવ્યો તે મૃગ કાકે બચાવિયો ॥ ૮ ॥'

કાગડો કહે: 'એ કેમ?' હિરણ્યક કહે છે:

કથા ૨ *

મગધદેશમાં ચમ્પકવતી નામે અરણ્ય છે, તેમાં હરણ ને કાગડો બે સ્નેહી રહેતા હતા. હરણ હૃષ્ટપુષ્ટ હતો, એને કોઇ શિઆળે સ્વેચ્છાએ ભમતો જોયો, ને વિચાર્યું: 'આ:

* હિતોપદેશની

આનું સુલલિત માંસ કેમ કરીને ખાઉં? ઠીક છે, વિશ્વાસ તો ઊપજાવું.' એમ કરીને એ પાસે આવ્યો ને બોલ્યો: 'મિત્ર, છે તો કુશળ ને?' મૃગ કહે: 'તું કોણ છે?' તે બોલ્યો: 'હું ક્ષુદ્રબુદ્ધિ નામે શિઆળ છું, ને બન્ધુ વિના મરેલા જેવો આ વનમાં રહું છું. પણ હવે તું મિત્ર મળ્યો એટલે પાછો સબન્ધુ થઈને જીવલોકમાં પેઠો છું ને તારો દાસ છું.' હરણ કહે: 'ભલે.' સાંઝે બેય જણ મૃગને ઘેર ગયા. ત્યાં ચંપકની શાખા ઉપર સુબુદ્ધિ નામે કાગડો હરણનો ચિરમિત્ર રહેતો હતો. તેણે આ બેને જોઈને કહ્યું: 'સખે ચિત્રાંગ, આ બીજું કોણ?' મૃગ કહે: 'આ શિઆળ છે ને આપણી મિત્રતા ઇચ્છતો આવ્યો છે.' કાગડો કહે: 'મિત્ર, અકસ્માત આવી ચડે એની હારે મૈત્રી કરવી એ અજુકતું છે. તથા કહ્યું છે:

કુલશીલ ન જાણો તો દિઓ વાસ ન કોઇને।
જરદ્ગવ મુઓ ગીધ બિલાડાના જ પાપમાં ॥ ૯ ॥'

તે બે બોલ્યા: 'એ કેમ?' કાગડો કહે:

કથા ૩*

ભાગીરથીતીરે ગૃધ્રકૂટ નામે પર્વત ઉપર પર્કટીનું એક મોટું ઝાડ હતું. એની બખોલમાં દુર્દૈવથી ગળી ગયેલાં નખનયનવાળો જરદ્ગવ નામે ગીધ રહેતો હતો. ઝાડ ઉપર રહેનારાં બીજાં પક્ષી પોતાના આહારમાંથી થોડું થોડું એને ખાવા આપતાં, એવી રીતે એનો નિર્વાહ ચાલતો. હવે કદાચિત્ દીર્ઘકર્ણ નામે બિલાડો પક્ષીનાં બચ્ચાં ખાવા ત્યાં આવ્યો. એને આવતો દેખીને ભયભીત થયેલાં બચ્ચાંએ કોલાહલ કર્યો.

* હિતોપદેશની

તે સાંભળીને જરદ્ગવ કહે: 'કોણ છે એ?' દીર્ઘકર્ણે ગીધને જોઈને ડરીને કહ્યું: 'હાય, મારું તો હવે આવી બન્યું. પણ

ત્યાં લગી ભેથકી બીવું જ્યાં લગી ભે અનાગત।
આવેલું ભય જોઈને કરો નર યથોચિત ॥ ૧૦ ॥

હવે આની આગળથી પલાયન કરાય એમ નથી, એટલે જે થવું હોય તે થાય. પહેલાં તો વિશ્વાસ ઉપજાવીને આની સમીપે જાઉં.' એમ વિચારી પાસે આવીને બોલ્યો: 'આર્ય, તને વન્દના કરું છું.' ગીધ કહે: 'તું કોણ છો?' તે કહે: 'હું બિલાડો છું.' ગીધ કહે: 'તો દૂર જા. નહિ તો મારે હાથે માર્યો જાઈશ.' બિલાડો કહે: 'મારું વચન સાંભળો. પછી જો હું વધ્ય હોઉં તો મને હણજો.' ગીધ કહે: 'કહે, કેમ આવ્યો છો?' તે બોલ્યો: 'હું ગંગાતીરે રહું છું. નિત્ય ન્હાઉં છું, બ્રહ્મચર્ય પાળું છું. ને ચાન્દ્રાયણવ્રત આચરું છું. આપ જ્ઞાનના રસિયા વિશ્વાસપાત્ર છો એમ સર્વે પક્ષીઓ સર્વદા મારી આગળ આપનાં બે મોઢે વખાણ કરે છે. એટલે વિદ્યાવયોવૃદ્ધ આપ આગળ હું ધર્મનાં બે વેણ સાંભળવા આવ્યો છું. અને આપ તો એવા જ્ઞાની કે મને અતિથિને મારવા તૈયાર થઈ ગયા! પણ ગૃહસ્થને ઘેર ભલે શત્રુ આવે તો પણ એનું આતિથ્ય કરવું એવો તેનો ધર્મ છે; માણસ ઝાડને કાપવા જાય, તો પણ ઝાડ એના ઉપર છાયો કરે છે. અને ધન ન હોય તો પ્રીતિવચનથી જ પણ અતિથિપૂજા કરવી ઘટે. કેમ, કે

ઘાસ ભૂમિ તથા પાણી ચોથું મધુરભાષણ।
આનો સજ્જનને ઘેર ઉચ્છેદ ન કદી બને ॥ ૧૧ ॥

અને બીજું,

નગુણાં હો ભલે સત્ત્વ તોય સાધુ દયા કરે।
નહિ સંહરતો જ્યોત્સ્ના ચન્દ્ર ચાંડાલગેહથી ॥ ૧૨ ॥

વળી અતિથિ જેને ઘેરથી આશાભંગ પામીને પાછો વળે છે એને તે દુષ્કૃત દેતો જાય છે, ને એનું પુણ્ય લેતો જાય છે. અને ઉત્તમવર્ણને ઘેર નીચો આવે તો તેની યથાયોગ્ય પૂજા કરવી જોઇએ; કેમ કે અતિથિ સર્વદેવમય છે.'

ગીધ કહે: 'હે માર્જાર, તારી જાતિને માંસ ઉપર રુચિ હોય છે, અને અહિં પક્ષીનાં બચ્ચાં વસે છે, એટલે મેં એમ કહ્યું.' બિલાડાએ ભોંયને અડીને કાનને સ્પર્શ કર્યો તથા કહ્યું: 'મેં ધર્મશાસ્ત્ર સાંભળ્યું છે, ને વીતરાગ થઈને ચાન્દ્રાયણનું દુષ્કર વ્રત લીધું છે. શાસ્ત્રોનો પરસ્પર વિવાદ ગમે એટલો હોય તો ય અહિંસા પરમ ધર્મ છે એ વિષે તો બધાં એકમત છે. સાંભળો:

સ્વચ્છન્દે વનજન્મેલાં શાકથી યે ભરાય છે।
તે દગ્ધોદરને અર્થે મહાપાતક કાં કરે ॥૧૩॥

આમ ગીધને ઊંડાં ભણાવીને બિલાડો તરુકોટરમાં રહ્યો.

પછી તે તો બચ્ચાંને ઝાલી બખોલમાં આણીને નિત્ય ખાવા મંડ્યો. એટલે જેનાં બચ્ચાં ખવાઈ ગયાં તે પક્ષીઓ વિલાપ કરતાં કરતાં તપાસ કરવા મંડ્યાં. તે જોઈને બિલાડો બખોલમાંથી નીકળીને ભાગી ગયો. પછી પક્ષીઓએ જોયું તો બખોલમાં બચ્ચાંનાં હાડકાં જડ્યાં. એટલે એ કહે, 'આ જરદ્‌ગવે જ આપણાં બચ્ચાં ખાધાં છે.' એમ કરીને એણે જરદ્‌ગવને મારી નાખ્યો. એટલે હું કહું છું: 'કુલશીલ ન જાણો તો' ઇતિ.

આ સાંભળી શિઆળ કોપ કરીને બોલ્યો: 'મૃગનું આપને પ્રથમ દર્શન થયું ત્યારે આપનાં કુલશીલ એ ક્યાં જાણતા હતા? છતાં આપની સાથે એનો સ્નેહ ઉત્તરોત્તર કેમ વધે છે? આગંતુક છતાં પરમ ઉપકારી વીરવરની આખ્યાયિકા તમે નથી સાંભળી?' મૃગ કહે: 'એ કેમ?' શિઆળ કહે:

કથા ૪*

શૂદ્રક રાજાના રાજદ્વાર આગળ વીરવર નામે મહારાજપુત્ર કોક દેશથી આવ્યો અને પ્રતીહારને કહ્યું: 'હું રાજપુત્ર છું ને નોકરી શોધું છું, એટલે મને રાજદર્શન કરાવો.' પ્રતીહાર એને રાજા આગળ લઈ ગયો, ત્યાં એણે કહ્યું: 'દેવ, મારી સેવાનું પ્રયોજન હોય તો મને જીવાઈ બાંધી આપો.' શૂદ્રક કહે: 'તમારી વરત શું છે?' વીરવર બોલ્યો: 'મને એક દિવસના પાંચસો સોનૈયા આપો.' રાજા કહે: 'તારી આગળ સામગ્રીમાં શું છે?' 'બે બાહુ ને ત્રીજી તલવાર.' રાજા કહે, 'એ તો શક્ય નથી.' એ સાંભળીને વીરવર ચાલતો થયો, ત્યાં મન્ત્રીઓ કહે: 'દેવ, ચાર દિનની વરત આપીને આનું સ્વરૂપ જાણી લઈએ કે કાંઇ ઉપયોગી થાય છે કે નહિ.' મન્ત્રીના કહેવાથી રાજાએ વીરવરને બોલાવી તાંબૂલ તથા ૫૦૦ સોનૈયા દીધાં. એમાંથી અર્ધા વીરવરે દેવ તથા બ્રાહ્મણને આપ્યા, વધ્યું એનું અર્ધું દુખિયાંને દીધું અને અવશિષ્ટ રહ્યું એમાંથી ભોજનવિલાસ ઊડેલ્યાં. આમ નિત્યકર્મ કરીને વીરવર રાજદ્વાર આગળ રાતદિન ઊઘાડી તલવારે ઊભનો, અને રાજા પોતે આદેશ આપે ત્યારે ઘેર જાતો.

એકદાણુ કૃષ્ણચતુર્દશીની રાતે રાજાએ રોણાનો ધ્વનિ સાંભળ્યો. એટલે કહે: 'કોઈ બાર આગળ છે કે?' એણે કહ્યું: 'દેવ, આ હું વીરવર છું.' રાજા કહે: 'કોણ રુએ છે તે જુઓ.' 'જેવી આજ્ઞા' કરીને વીરવર ચાલ્યો. રાજાને થયું, કે 'આવા સોઈએ વીંધાય એવા અંધકારમાં આ રાજપુત્રને એકલો મોકલ્યો તે ઉચિત ન થયું, એટલે વાંસે જાઉં અને

* હિતોપદેશની

જોઉં કે શું છે.' એટલે રાજા પણ ખડ્ગ લઈને એની પાછળ નગર બહાર નીકળ્યો. વીરવરે જોયું તો એક રૂપયૌવનસંપન્ન સર્વાલંકારભૂષિત સ્ત્રી રોતી હતી. એણે પૂછ્યું: 'તમે કોણ છો ને કેમ રુઓ છો?' સ્ત્રી કહે: 'હું આ શૂદ્રકની રાજલક્ષ્મી છું. ચિરકાળથી એના બાહુની છાયામાં વિશ્રામ લીધો છે, પણ હું હવે બીજે જાઉં છું.' વીરવરે કહ્યું: 'તમે અહિં જ રહો એવો કાંઇ ઉપાય છે?' લક્ષ્મી બોલી: 'જો તું તારા બત્રીશલક્ષણા પુત્ર શક્તિધરને ભગવતી સર્વમંગલા આગળ ધરી દે તો હું પાછી અહિં સુચિર રહું.' એમ કહેતીક ને એ અદૃશ્ય થઈ ગઈ.

વીરવરે ઘેર જઈને નિદ્રાધીન વધૂ તથા દીકરાને જગાડ્યાં, અને લક્ષ્મીવચનની વાત કરી. તે સાંભળીને શક્તિધર કહે: 'સ્વામીના રાજ્યની રક્ષા સારુ મારો ઉપયોગ થાય તો તો મારા જેવો ધન્ય કોણ? હવે વિલંબ શું કામ કરતો? કેમ કે

ધનજીવન આનન્દે પરાર્થે પ્રાજ્ઞ છોડતો।
સન્નિમિત્તે કરો ત્યાગ નાશ એનો અવશ્ય છે ॥૧૪॥

શક્તિધરની માએ પણ સંમતિ આપી, ને બધાં દેવીને સ્થાનકે ગયાં. ત્યાં પૂજા કરીને વીરવર કહે: 'દેવિ, પ્રસન્ન થાઓ, ને આ નિવેદનો સ્વીકાર કરો. શૂદ્રક મહારાજનો વિજય થાઓ.' એમ કહીને તેણે પુત્રનો શિરચ્છેદ કર્યો. પછી વીરવર કહે: 'રાજાનું લૂણ ખાધું છે તે પ્રમાણ થઈ ગયું. હવે અપુત્ર દશામાં જીવીને શું કરવું?' એમ વિચારીને એણે માથું કાપી દેવી આગળ ધર્યું. પછી સ્ત્રીએ પણ સ્વામી ને પુત્રના શોકથી એમ જ કર્યું.

આ જોઈને રાજાએ આશ્ચર્યચકિત થઈને કહ્યું:

જીવે છે ને મરે છે યે હુંસમા ક્ષુદ્ર જન્તુઓ।
આના જેવો જીવલોકે ન ભૂતો ન ભવિષ્યતિ ॥૧૫॥

હવે મારે રાજ્યનું પણ શું પ્રયોજન છે?' એમ કહીને પોતાનું માથું કાપવા ખડ્ગ ઉગામે છે, ત્યાં દેવીએ એનો હાથ ઝાલ્યો ને કહ્યું: 'પુત્ર, હું તારા ઉપર પ્રસન્ન છું. સાહસ રહેવા દે. તારું રાજ્ય અમર તપશે.' સાષ્ટાંગ પ્રણામ કરીને રાજા કહે: 'દેવિ, મારે રાજ્યને કે જીવનેયે શું કરવો છે? જો મારા ઉપર તમને અનુકંપા હોય તો મારું બાકીનું આયુષ લઈને સ્ત્રીપુત્ર સહિત વીરવરને સજીવન કરો, નહિ તો જે એની દશા એ મારી દશા.' દેવી કહે: 'વત્સ, હું તારા સેવક-વાત્સલ્યથી તૂઠી છું. જા, એ સપરિવાર જીવશે.' એમ કહીને દેવી અલોપ થઈ. પછી વીરવર વહૂદીકરા સહિત ઘેર ગયો. એ ન દેખે એમ રાજા પણ અંતઃપુરમાં ગયો.

પ્રભાતે દ્વારસ્થ વીરવરને ભૂપાળે પૂછયું તો કહે: 'દેવ, રોનારી મને જોઈને અદૃશ્ય થઈ ગઈ. બીજી કાંઈ વાત નથી.' એ સાંભળીને રાજા કહે: 'દાનીએ પ્રિય વચન બોલવું, શૂરાએ બડાઈ ન મારવી, દાતાએ અપાત્રે ન વર્ષવું, એમ કહે છે. આ મહાપુરુષલક્ષણ બધું આનામાં છે.' એમ કરીને એણે સવારે શિષ્ટસભા બોલાવી, વીરવરનો વૃત્તાંત કહ્યો અને એને કર્ણાટકનું રાજ્ય દીધું.

પ્રવચન પૂરું કરતાં શિઆળ કહે:

'અલ્પધી પણ ત્યાં શ્લાઘ્ય જ્યાં વિદ્વાન મળે નહિ।
નિરસ્તપાદપે દેશે એરંડો રૂખમાં ખપે ॥૧૬॥
આ પોતાનો પરાયો આ ગણના લઘુચિત્તની।
ઉદારચરિતોને તો વસુધા જ કુટુમ્બક ॥૧૭॥

જેમ આ મૃગ મારો બન્ધુ છે તેમ આપ છો.' મૃગ કહે: 'આ ચર્ચા નિરર્થક છે. સઉ હળીમળીને સાથે રહિએ.' કાગડો કહે 'ઠીક.'

એક દિવસ શિઆળે એકાન્તમાં કહ્યું: 'હરણભાઈ, આ

વનના એક ભાગમાં લીલા મોલનું ખેતર છે, તે તું ભેગો આવ તો તને દેખાડું.' મૃગે ખેતર જોયું ને નિત્ય ત્યાં જઈને મોલ ચરવા મંડ્યો. એટલે ક્ષેત્રપતિએ ફાંસો નાંખ્યો. તેમાં બંધાયેલો હરણ વિચાર કરે છે: 'મિત્ર વિના બીજું કોણ આ કાલપાશથી મને બચાવે?' ત્યાં શિઆળ આવી ચડ્યો. એને થયું, કે 'કપટપ્રબન્ધથી ઠીક આપણો મનોરથ સિદ્ધ થયો. આનાં માંસલોહીલિપ્ત હાડકાં મને અવશ્ય મળશે.' પણ મૃગને તો એને જોઈને ઉલ્લાસ થયો ને કહ્યું: 'ભાઈ જંબુક, મારો બંધ છેદી નાખ ને મને ઝટ બચાવ, કેમ કે

આપદે મિત્રને જાણો યુદ્ધે શૂર ઋણે શુચિ।
ભાર્યા નિર્ધનતામાં ને વ્યસનોમાં જ બાન્ધવ ॥ ૧૮ ॥'


શિઆળે ફરી ફરી જોઈ જોઈને વિચાર્યું, બંધ છે તો કઠણ, અને કહ્યું: 'મિત્ર, આ ફાંસો રનાયુનો બનાવેલો છે, એને આજે રવિવારે કેમ કરીને દાંત લગાડું? જો તને ખોટું ન લાગે તો પ્રભાતે તું કહીશ એમ કરીશ.' એમ કહી એની પાસે સંતાઈને રહ્યો. પ્રદોષકાળ થઈ ગયો તો ય હરણ આવ્યો નહિ એટલે કાગડો એને ગોતવા નીકળ્યો અને એની દશા જોઈ કહ્યું, 'મિત્ર, આ શું?' મૃગ કહે: 'મિત્રનું કહ્યું ન માન્યું, એનું આ ફળ છે. તથા કહ્યું છે:

હિતેચ્છુ સુહૃદોકેરું કહ્યું જે સાંભળે નહિ।
સમીપે ભીડ છે એને નર એ શત્રુનન્દન ॥ ૧૯ ॥

કાગડો કહે: 'એ ઠગારો ક્યાં છે?' મૃગ કહે: 'મારા માંસની લાલચથી અહિં જ ઊભો છે.' કાગડો કહે: 'મેં તો પ્રથમ જ નહોતું કહ્યું? ઉપકારીનું બગાડનારા પાપીને ભગવતી ધરતીમાતા કેમ ઝીલતી હશે? અથવા

કદાપિ ન કરો ભાઈ મિત્રતા દુર્જનોતણી।
ઊનો અંગાર બાળે છે ટાઢો કાળા કરે કર ॥ ૨૦ ॥

સવારે ક્ષેત્રપતિ હાથમાં લાકડી લઈને ત્યાં આવતો હતો તે કાગડાએ જોયું, અને કહ્યું: 'સખે હરણ, તું પોતાને મૃતવત્ દેખાડી પેટને વાયુથી ભરી પગ સ્તબ્ધ કરીને રહે, અને હું સાદ કરું એટલે ઊઠીને ઝટપટ ભાગજે.' હરણ એ પ્રમાણે રહ્યો. 'આ પોતાની જાતે જ મુઓ છે,' એમ કરીને ક્ષેત્રપતિ મૃગના બંધ છોડીને જાળ સંકેલવા મંડયો, એવો જ કાગડાએ સાદ દીધો એટલે હરણ ઊઠીને પલાયન કરી ગયો, અને તેના ઉપર ક્ષેત્રપતિએ લાકડી ફગાવી એ શિઆળને વાગી ને તે મરી ગયો. મહાપુણ્ય તથા મહાપાપનું ફળ અહિં જ ત્રણ વર્ષમાં, ત્રણ માસમાં, ત્રણ પક્ષમાં અથવા ત્રણ દીમાં પણ મળી જાય છે. એટલે હું કહું છું 'ભક્ષ્યભક્ષકની પ્રીતિ' ઇત્યાદિ.



'લીલા મોલનું ખેતર છે, તે તું ભેળો આવ તો તને દેખાડું.' મૃગે ખેતર જોયું ને નિત્ય ત્યાં જઈને મોલ ચરવા મંડયો.

કાગડો કહે: 'ઉંદરજી, તમને ખાઉં એમાં મારું કયાં પેટ ભરાઈ જવાનું હતું, પણ તમે જીવો તો જેમ ચિત્રગ્રીવનો એમ મારો જીવ પણ તમે કોક દી બચાવો, એટલે મારી પ્રાર્થનાનો અનાદર તમારે ન કરવો.'

હિરણ્યક કહે: 'તું ચપળ છો. ચપળનો સ્નેહ કરીને શું સાર ? બિલાડી, પાડો, મેંઢો, કાગડો ને કાપુરુષ આટલાનો વિશ્વાસ નહિ. વળી તું અમારો વેરી છો. સુસંધિ કરિએ તોય શત્રુ તે શત્રુ; પાણીને ગમે એટલું તપાવિએ તોયે તે દેવતાને ઠારી જ નાખે.' લઘુપતનક કહે: 'એ ઠીક છે, પણ મારો સંકલ્પ છે, જે તારી હારે અવશ્યં મૈત્રી કરવી; નહિ તો અનાહાર કરીને હું તારા દ્વાર આગળ પ્રાણ તજીશ.' એટલે હિરણ્યકે એની હારે મિત્રતા કરી. પછી બેય જણ અન્યોન્ય ખાવાનું આપે છે, તથા કુશલપ્રશ્ન અને ગોઠડી કરે છે, એમ દિવસ વીતે છે.

એકવાર લઘુપતનકે હિરણ્યકને કહ્યું: 'મિત્ર, આ દેશમાં દુર્ભિક્ષ પડ્યું છે ને આહાર મેળવતાં કષ્ટ પડે છે, એટલે આ દેશ ઉપર મને વિરાગ આવી ગયો છે, અને પાસેજ દક્ષિણાપથના વનગહનમાં કર્પૂરગૌર નામે મહાસરોવર છે, ત્યાં મારો પ્રિય મિત્ર મન્થરક નામે કાચબો વસે છે એની પાસે હું જાઉં છું.' હિરણ્યક કહે: 'વાયસભાઇ, તો પછી મારે અહિં રહીને શું કરવું છે ? હું યે તમારા ભેગો આવીશ.' એમ કરીને બેય જણ મન્થરક આગળ આવ્યા. મન્થરકે બેયનું આતિથ્ય કર્યું અને પછી હિરણ્યક સામું જોઈને પૂછ્યું: 'આ ઉંદર કોણ છે અને વિજનવનમાં કેમ આવ્યો છે ?' એટલે લઘુપતનકે ચિત્રગ્રીવનું ઉપાખ્યાન કહ્યું, અને હિરણ્યકે આત્મકથા માંડી:

કથા ૫

ચંપકપુરીથી થોડે દૂર પરિવ્રાજકોનો એક મઠ છે. ત્યાં ચૂડાકર્ણ નામે સાધુ રહેતો હતો. નગરીમાંથી એ ભિક્ષા માગી આવતો, અને ભિક્ષામાંથી પોતાને ખાતાં વધે તે પાત્રમાં મૂકીને એ પાત્રને તે ઊંચે સારંગશૃંગે ટીંગાડતો. પણ રાત પડે ને એ નિદ્રાધીન થાય એટલે પરિજન સહિત હું ત્યાં પહોંચી જતો, પોતે ખાતો ને મારા સેવકને ખવરાવતો. ભોજનને મારાથી બચાવવા સાધુ એને આજ અહિં, કાલે બીજે, ને પરમ દિવસે ત્રીજે ઠેકાણે વધારે ઊંચું રાખતો, પણ તોય હું અનાયાસે એને હાથ કરતો.

એક વાર એનો પ્રિય મિત્ર મહોદર નામે સાધુ તીર્થયાત્રા-પ્રસંગમાં અતિથિ થઈને આવી ચઢ્યો. રાત્રે બેય ખાવા સાથરા ઉપર બેઠા છે, અને મહોદર પુષ્કર, ગંગાદ્વાર, પ્રયાગ, વારાણસી આદિ તીર્થનું વર્ણન કરે છે ત્યાં ચૂડાકર્ણ મને ત્રાસ પમાડવા સારુ ભિક્ષાપાત્રને વાંસના પરોણાથી ખખડાવતો હતો. આથી મહોદરને ખોટું લાગ્યું, પણ ચૂડાકર્ણે ક્ષમા માગીને મારો ઇતિહાસ કહ્યો. મહોદર કહે: 'ઊંદરની આટલી શક્તિ ન હોય. આમાં કાંઇક કારણ હોવું જોઈએ. અને કહ્યું છે:

'શાંડિલીમાતા અમથી અમથી તલ સાટે તલ નહિ દેતી હોય. એમાં કાંઇક કારણ હશે.'

ચૂડાકર્ણે કહ્યું, 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૬

વર્ષા માથે આવી હતી એટલે હું એકવાર એક બ્રાહ્મણને ઘેર રહ્યો હતો. એક દિવસ વહેલો ઊઠ્યો તો બ્રાહ્મણબ્રાહ્મણીનો સંવાદ મારે કાને પડ્યો. બ્રાહ્મણ કહેઃ 'બ્રાહ્મણિ, કાલે પરણ છે એટલે યથાશક્તિ બ્રાહ્મણ જમાડજે.' બ્રાહ્મણી બોલીઃ 'આપણે સાવ દરિદ્ર છિએ તો બ્રાહ્મણભોજન ક્યાંથી કરિએ? તમારે પનારે પડીને મેં સુખ કેદી ભોગવ્યું છે? નથી કોઈ દી મિષ્ટાન્ન ચાખ્યું, કે નથી હાથે પગે કે કંઠે ભૂષણ પહેર્યાં.' આ સાંભળીને બ્રાહ્મણને કોઇએ પોતાને કૂવામાં નાખ્યો હોય એવું થયું એટલે એ થોડી વાર તો કાંઇ ન બોલ્યો. પછી ફરીને કહ્યુંઃ "બ્રાહ્મણિ, એમ કહેવું યોગ્ય નથી. નિર્ધને પણ થોડામાંથીયે ભલે થોડું પણ દાન કરવું જોઇએ. અને કહ્યું છેઃ 'કોળિયામાંથી પણ અર્ધો કોળિયો અર્થીને કેમ આપતા નથી? ઇચ્છાનુરૂપ વૈભવ કોને ક્યારે થાય છે?'

'સાહુકાર બહુ દાન કરીને જે ફળ મેળવે તે એક કોડી આપવાથી દરિદ્રને મળે એવી અમારી શ્રુતિ છે.'

'દાતા નાનો હોય તો પણ સેવ્ય છે, પણ કૃપણ મોટો સમૃદ્ધિશાળી હોય તોય કોઇ એનો ભાવ પૂછતું નથી. કૂવામાં મીઠું પાણી હોય એટલે એને જોઈને લોકોને પ્રીત આવે છે, પણ સમુદ્રને જોઈને નથી આવતી.' વળી કહ્યું છેઃ

સંચય કરવો ઠીક ન કરો અતિસંચય।
અતિસંચયકારી આ શિઆળ ધનુષે મુઓ ॥ ૨૧ ॥

બ્રાહ્મણી કહે, 'એ કેમ?' તે બોલ્યોઃ

કથા ૭

એક દિવસ એક શિકારી વનમાં શિકાર કરવા ગયો. ત્યાં એક મૃગને મારીને તેનું માંસ લઈને એ પાછો આવતો હતો. ત્યાં તો એક સૂવરને એણે જોયો, એટલે મૃગમાંસ હેઠું મૂક્યું અને સૂવર ઉપર બાણ ફેંક્યું. બાણ મર્મસ્થાને વાગવાથી સૂવર મરું મરું થઈ ગયો. પણ મરતાં મરતાં ઘનઘોર ગર્જના કરી એણે દોટ મૂકી તથા પારાધિનું પેટ ફાડી નાખ્યું અને શિકારી તથા સૂવર બેય પંચત્વ પામ્યા. થોડી વારે દીર્ઘરાવ નામે એક ભૂખ્યો શિઆળ આહાર ગોતતો ત્યાં આવી ચડ્યો. એણે હરણ, સૂવર અને શિકારીને જોયાં અને વિચાર્યું: 'આજ ભાગ્યદેવી પાંશરી લાગે છે, એટલે અણચિંતવ્યું ભોજન આવી પડ્યું પણ એને એવી રીતે ખાઉં જેથી બહુ દિવસ લગી મારી પ્રાણયાત્રા થાય. એટલે આજ તો મૃગસૂવરવ્યાધનો અન્નકૂટ કરીને ધનુષને રનાયુની દોરી છે એ જ ખાઈને ચલાવી લઉં.' એમ કરવા જાય છે ત્યાં બંધ તૂટતાં ધનુષથી એનું તાળવું તૂટી ગયું ને એ મરી ગયો. એટલે હું કહું છું: 'સંચય કરવો ઠીક' ઇત્યાદિ.

બ્રાહ્મણના આ વચનથી બ્રાહ્મણી પલળી ને બોલી: 'તો ઠીક. આપણા ઘરમાં થોડા તલ ને ચોખા છે ને ખાંડી ને દૂધમાં પકવી બ્રાહ્મણને કૃશર જમાડીશ. એટલે તમે પરોઢિયે ઊઠી સમિધ તથા કુશ લેવા જાઓ અને હું તથા આ શિષ્ય કામન્દકી ત્રણ બ્રાહ્મણની રસોઈ કરીશું' એટલે તેણે પ્રભાતે તલ ખાંડ્યા, અને કામન્દકીને એનું ધ્યાન રાખવાનું કહીને તડકે સૂકવ્યા. બ્રાહ્મણી ઘરકામમાં વ્યગ્ર હતી, અને કામન્દકીનું બીજે ધ્યાન હતું ત્યાં એક કૂતરે તલમાં મોઢું નાખીને અભડાવી દીધા. એ જોઈને બ્રાહ્મણી કહે: 'કામન્દકી, આ તો ઠીક ન થયું,

બ્રાહ્મણતર્પણમાં વિઘ્ન આવ્યું. તો પણ ઝટ જા અને આ તલને સાટે કાળા તલ લઈ આવ. દૂધપાક ભલે કાળો થાય.' એટલે જે ઘેર હું ભિક્ષા માગતો હતો ત્યાં કામન્દકી તલનાં સાટાંપાટાં કરવા આવ્યો. તેમાં સ્ત્રી તો કાળા સાટે ધોળા તલ સોંઘામાં લેવા તૈયાર થઈ ગઈ, પણ ગૃહપતિએ હસીને કહ્યું, 'આમાં કાંઇક કારણ હશે.' એટલે હું કહું છું: 'શાંડિલીમાતા' ઇત્યાદિ.

આ આખ્યાન કહીને બાવો બોલ્યો: 'ચૂડાકર્ણ, આ ઊંદર આટલું બળ કરીને ભિક્ષા ખાઈ જાય છે એનું કાંઇક કારણ હશે. એની આગળ બહુ ધન હશે. તમારી આગળ કોદાળી છે કે?' 'આ રહી,' એમ કરીને ચૂડાકર્ણે કોદાળી આણી, એટલે મહોદરે મારો સંચરણમાર્ગ જાણી લઈને મારું ભોણ ખોદી નાખ્યું, અને મારું ચિરસંચિત સોનું ઉપાડી જઈને બે ય જણે અર્ધું અર્ધું વહેંચી લીધું. પછી મહોદર બોલ્યો: 'ચૂડાકર્ણ, હવે તું નીરાંતે સૂઈ રહેજે. આ ધનને પ્રતાપે ઊંદર તને જાગરણ કરાવતો હતો.' ધનનાશ થયો, એટલે કેમે કરીને મારા મનને શાન્તિ ન થાય. મૂળથી જ માણસ નિર્ધન હોય તો તેને, ધન પામીને એને ખોનાર સુખોચિત માણસ જેટલું દુઃખ ન થાય. કહ્યું છે, કે

સૂનું અપુત્રઘર છે સૂનું હૃદય જ મિત્ર નહિ જેને ।
દિશા મૂર્ખની સૂની સઘળું સૂનું દરિદ્રોને ॥ ૨૨ ॥
મુડિ અશ્રોત્રિયશ્રાદ્ધ મુઓ નિર્ધન પૂરુષ ॥ ૨૩ ॥

મારી સેવાથી હવે લાભ નથી પણ વિપત્તિ જ છે એમ જાણીને પુષ્પરહિત તરુવરને ભમરા છોડે અને નિર્જલ સરોવરને હંસ વર્જે તેમ મારા સેવકોએ મને ત્યજ્યો. મને થયું કે મારા જેવા વિત્તવિહીને હવે વનવાસ જ કરવો ઘટે. કારણ કહ્યું છે, કે

લાજે બાન્ધવ તેનાથી સંબન્ધ પણ ગોપવે ।
મિત્રો અમિત્રતાધારી જેને નહિ કપર્દક ॥ ૨૪ ॥

વસો માનાધિકો વાસ ભસ્મમાન ન સેવતા ।
માનહીન સુરો સાથે વિમાન પણ વર્જજો ॥ ૨૫ ॥

માગવું અને મરવું સમાન છે; કેમ કે

તૃણથી હળવું રૂ છે રૂથી યે લઘુ યાચક ।
વાયુએ ન ઉપાડયો કાં મારી આગળ માગશે ॥ ૨૬ ॥

કંઠે ગદ્ગદતા સ્વેદ મુખે વૈવર્ણ્ય વેપથુ ।
મરનારતણાં ચિહ્ન જે છે તે માગનારનાં ॥ ૨૭ ॥

પણ મારું ધન પાછું લેવાનો પ્રયત્ન કરી જોઉં. એમ કરતાં મરું તો ય ઠીક છે:

ગાયઅર્થે બ્રાહ્મણાર્થે સ્ત્રીવિત્તહરણે તથા ।
ત્યજે છે પ્રાણ જે યુદ્ધે એના લોક સનાતન ॥ ૨૮ ॥

એમ કરીને મહોદરના ઓશીસા આગળ ધનપેટી હતી તેમાં મેં છિદ્ર કર્યું, ત્યાં કુતપસ્વી જાગ્યો ને મને માથા ઉપર એવો વાંસડો માર્યો કે મારું આયુષ હજી શેષ રહ્યું હશે એટલે જ હું મરી ન ગયો, પણ મારો ધનમોહ છૂટી ગયો. કહ્યું છે, કે

વનમાં શાક ઊભાં છે નદીઓ વિમલોદકી ।
ચન્દ્ર સામાન્ય દીવો આ ધનનું શું પ્રયોજન ॥ ૨૯ ॥

સર્વ સંપત્તિઓ તેની જેનું સંતુષ્ટ માનસ ।
ઉપાનદ્ગૂઢપાદોને પૃથિવી ચામડે મઢી ॥ ૩૦ ॥

જ્ઞાન જ ચક્ષુ ન નયનો શીલ જ સુકુલીનતા ન કુલજન્મ ।
સંતોષ એ સમૃદ્ધિ પાંડિત્ય જ અકાર્યવિનિવૃત્તિ ॥ ૩૧ ॥

સપ્તદ્વીપાધિપતિને જો તૃષ્ણા વળગેલ છે ।
દરિદ્ર જાણવો એને સંતુષ્ટ પરમેશ્વર ॥ ૩૨ ॥

અને પછી લઘુપતનક ભેગો તમારે શરણે આવ્યો.'

હિરણ્યકની વીતકકથા સાંભળીને મન્થરકે એને આશ્વાસન આપ્યું, કે 'ભદ્ર, સ્વદેશપરિત્યાગ તમે કર્યો છે, એટલે સંતાપ ન કરતા. તમે સુજ્ઞ છો, એટલે મૂંઝાવું નહિ.

શાસ્ત્રો ભણે તો પણ હોય મૂર્ખ
જે છે ક્રિયાવાન્ નર તે જ વિદ્વાન્ ।
સુચિંતવ્યાં ઔષધ આતુરોને
ન નામમાત્રે જ કરે અરોગ ॥ ૩૩ ॥
ફલો કતકવૃક્ષોનાં જો કે અંબુપ્રસાદક ।
નામ લીધાથકી તેનું નહિ વારિપ્રસન્નતા ॥ ૩૪ ॥
દેશ છોડી ફરે છે જો સિંહ સત્પુરુષો ગજ ।
મરી જાય જ ત્યાં ને ત્યાં કાગ કાપુરુષો મૃગ ॥ ૩૫ ॥

અને ધન ગયું તો શું થઈ ગયું ? તમારામાં પ્રજ્ઞા ને ઉત્સાહ છે ત્યાં લગી ચિન્તા કેવી ? ઉદ્યોગીને મેરુ અતિઉચ્ચ નથી, રસાતલ અતિનીચું નથી અને મહોદધિ અપાર નથી. અહિં આ તમારું ઘર જ છે એટલે ખાઓ, પીઓ ને મોજ કરો.'

આમ જ્ઞાનગોષ્ઠી ચાલે છે ત્યાં ચિત્રાંગ નામે લુબ્ધકથી ત્રાસેલો હરણ તરસ્યો થઈને તે સરોવરે પાણી પીવા આવ્યો. એને જોઈને ભયચકિત થયેલા મન્થરકે પાણીમાં ડૂબકી મારી, હિરણ્યક ભોણમાં પેસી ગયો, અને લઘુપતનક આ તે શું છે એવી જિજ્ઞાસાથી ઊડીને વિશાલ વૃક્ષ ઉપર ચડી બેઠો. લઘુપતનકે આકાશમાં ઊડી યોજન જેટલે આંખ ફેરવી મન્થરકને કહ્યું : 'આવ, આવ, તને કાંઇ ભય નથી. મેં જોયું તો કેવળ મૃગલો


પાણી પીવા આવ્યો છે.' એટલે અભ્યાગતવત્સલ મન્થરક પાણી બહાર આવ્યો ને હરણને કહ્યું, 'સારંગભાઇ, પાણી સુખેથી પીઓ ને ન્હાઓ. આ વનગહનમાં કેમ આવી ચડ્યા?' હરણ કહે: 'અસ્વાર ને કૂતરા વાંસે લાગ્યા હતા એનાથી માંડ ભાગી છૂટ્યો છું ને હવે આપ સાથે મૈત્રી કરવા ઇચ્છું છું.' મન્થરક કહે: 'અમારી અલ્પકાયની હારે મૈત્રી કરીને શું કરવું છે? મૈત્રી તો પ્રત્યુપકારસમર્થની હારે કરવી ઘટે.' ચિત્રાંગ કહે: અલ્પકાયમહાકાયનો કાંઇ અર્થ જ નથી. અને એવું સંભળાય છે:

કરવા જ સદા મિત્ર બળવાન્ દૂબળા તથા ।
હસ્તિયૂથ વને બદ્ધ મૂષકે બંધ તોડિયા ॥ ૩૬ ॥

મન્થરક પૂછે છે: 'એ કેમ?' ચિત્રાંગ કહે છે:

કથા ૮ (પૂર્ણભદ્રની)

એક ઉજ્જડ ભૂમિપ્રદેશ હતો, ત્યાં ઊંદરનું મોટું ગામ વસી ગયું હતું. એક વાર ગજસહસ્રના પરિવારવાળો એક ગજપતિ ત્યાં થઈને નીકળ્યો, એના પગ નીચે કઇંક ઊંદર છૂંદાઈ ગયા. આમ વારંવાર બને તો આપણે બીજશેષ પણ નહિ રહિએ એમ વિચારીને કેટલાક ઊંદર ગજપતિ આગળ ગયા, અને પ્રણામ કરીને કહ્યું: 'દેવ, અહિં પડખે જ વંશપરંપરાએ ઊતરી આવેલો અમારો વાસ છે, ત્યાં પુત્રપૌત્રપરંપરાથી અમે વૃદ્ધિ પામ્યા છીએ. પણ આપ પાણી પીવા અહિંથી નીકળ્યા તેમાં અમારા જણ સહસ્રશ: નાશ પામ્યા અને ફરીને આપ જો એ જ માર્ગે જાઓ તો તો અમારો ઘાણ જ નીકળે એમ છે. એટલે અમારા ઉપર કૃપા કરીને બીજો પંથ લેજો. કારણ અમારા જેવા ક્ષુદ્રજન્તુનું પણ



ફાંસા છેદી નાંખ્યા, થડ હારે બાંધેલાં રાંઢવાં ચાવી નાખ્યાં અને યૂથપતિને મુક્ત કર્યો.

આપ જેવાને કદાચિત કામ પડી જાય.' યૂથપતિએ ઊંદરની વાત માન્ય રાખી.

હવે એક વાર રાજાએ હસ્તિબંધકને હાથી બાંધવાનો આદેશ આપ્યો. આ બંધકોએ યૂથપતિને પકડીને જાડા થડવાળા ઝાડ હારે બાંધ્યો. બંધક ગયા પછી યૂથપતિને થયું કે જો ઊંદર બચાવે તો જ બચાય એમ છે. એટલે એણે ગજબંધનભૂમિ બહાર રહેલી પોતાની પરિચારક હાથણીને સંદેશો લઈને ઊંદર આગળ મોકલી. વાત સાંભળતા વેંત જ હજારો ઊંદર પ્રત્યુપકાર કરવા ભેળા થઈ ગયા, ફાંસા છેદી નાખ્યા, થડ હારે બાંધેલાં રાંઢવાં ચાવી નાખ્યાં, અને યૂથપતિને મુક્ત કર્યો.

એટલે હું કહું છું 'કરવા જ સદા મિત્ર' ઇત્યાદિ.

મન્થરક કહે: 'ભદ્ર, ઠીક ત્યારે, આ તારું જ ઘર છે.' એટલે સર્વે મિત્રો સ્વેચ્છાએ આહાર કરે છે, અને મધ્યાહ્નવેળાએ વૃક્ષની છાયામાં બેસીને શાસ્ત્રવિવરણ અને સુભાષિતગોષ્ઠી કરે છે.

એક વાર ઉચિત વેળાએ ચિત્રાંગ ચરીને પાછો ન આવ્યો એટલે મિત્રો આકુળવ્યાકુળ થઈ ગયા ને ચિત્રાંગનું કાંઇ અકુશલ તો નહિ થયું હોય, એને સિંહ ખાઈ ગયો, કે શિકારી લઈ ગયો કે દાવાનળમાં દાઝી ગયો, થયું શું એમ વિચારમાં પડી ગયા. એટલે લઘુપતનક એની ભાળ કાઢવા નીકળ્યો, ને જુએ છે તો તળાવકાંઠે ખીલે બાંધેલા ચામડાના દઢ ફાંસામાં એ ફસાઈ ગયો છે. લઘુપતનકે ચિત્રાંગને પૂછ્યું: 'આ કેમ બન્યું?' ચિત્રાંગ કહે: 'ભદ્ર, આ આક્ષેપનો કાળ નથી, એટલે તું વિના વિલંબે જા, અને પાશચ્છેદકુશળ હિરણ્યકને તેડી આવ, તે શિકારી હજી નથી આવ્યો ત્યાં આ જાળ કાપી નાખે.' એટલે લઘુપતનક હિરણ્યકને ચાંચમાં લઈને તેડી આવ્યો. 'તારા જેવો જ્ઞાની આવી આપદામાં કેમ આવી પડ્યો?' એમ હિરણ્યકે કૌતુકથી પૂછ્યું. ચિત્રાંગ કહે: 'ભાઇ, માણસને માથે સંકટ આવવાનું થાય ત્યારે વિદ્વાનની બુદ્ધિ પણ કુબ્જગામિની થઈ જાય છે.' આમ વાતો થાય છે ત્યાં મિત્રસ્નેહથી તણાઈને મન્થરક પણ ધીરે ધીરે ત્યાં આવી પહોંચ્યો, એને જોઈને હિરણ્યક કહે: 'ભદ્ર, આ તો તેં ઠીક ન કર્યું. તારે તારો ગઢ નહોતો છોડવો. અહીં લુબ્ધકથી તું કેમ કરીને બચી શકીશ? અમે કોઇ એને હાથ આવિએ એમ નથી, કારણ ફાંસો છેદાઈ જાય એટલે ચિત્રાંગ નાસી છૂટશે, લઘુપતનક ઝાડે ચડી જશે, હું પણ દરબરમાં ઘરી જઈશ, પણ તું શું કરીશ?'

ત્યાં તો સાચે જ શિકારી આવી ચડ્યો. એને જોતાં વેંત જ હિરણ્યક જાળ કાપીને ભોણમાં પેસી ગયો, લઘુપતનક આકાશમાં ઊડી ગયો, ને ચિત્રાંગ વેગ કરીને ભાગી ગયો. પણ શિકારીએ સ્થળ ઉપર મન્દ મન્દ ચાલતા મન્થરકને જોઈને કહ્યું: 'મૃગલો છટકી ગયો, તથાપિ આ કાચબો દૈવવશાત્ ઠીક હાથ આવી ગયો.' એમ કરીને એણે છરીથી કુશ કાપીને દૃઢ દોરો બનાવ્યો અને તેનાથી કાચબાને બાંધી ધનુષે લટકાવીને ચાલતો થયો. એટલે મૃગ, ઉંદર અને કાગડો રોતા રોતા એની વાંસે ગયા.

હિરણ્યક કહે: 'કહે છે ને કે દૂધમાં સાકર અને છાશમાં મીઠું. એક દુ:ખનો અન્ત ન આવે ત્યાં બીજું મારે માથે પડ્યું જ હોય. અનર્થ આવે છે તો એક નહિ પણ બહુ આવે છે. ઠોકર ન ખાધી હોય ત્યાં લગી ઠીક, પણ એક વાર ખાધી એટલે પછી પદે પદે ઠોકરપરંપરા ખાવી પડે છે. કાળે મારું ધન હર્યું તો ભલે હર્યું, પણ થાકયાના વીસામા જેવી મિત્રચ્છાયા પણ લઈ લીધી, ને મિત્રવિયોગ કરાવ્યો. વાગ્યું હોય એના ઉપર જ ફરી વાગે, અન્નનો ક્ષય થાય એટલે જઠરાગ્નિ દીપે એવું જીવિતનું સ્વરૂપ છે. પણ અહો, આમ વિલાપ કર્યે શું વળે? મન્થરકને લઈને આ વન બહાર ન નીસરે ત્યાં મોક્ષઉપાય વિચારવો ઘટે. આમ કરિએ. ચિત્રાંગ વ્યાધના મોઢા આગળ જઈ નદી પાસે નિશ્ચેતન થઈને પડે. આ લઘુપતનક એના ઉપર બેસીને આંખ ઠોલતો હોય એવું કરે. આ હરણ મરેલો છે એમ જાણીને શિકારી કાચબાને હેઠો મૂકીને લોભથી હરણને લેવા આવશે. એ આઘો જાય ત્યાં હું મન્થરકનું બન્ધન છેદી નાખીશ, અને મન્થરક ઝટપટ નદીમાં પ્રવેશ કરશે. અને જેવો શિકારી પાસે આવે એવા જ લઘુપતનકચિત્રાંગ પલાયન કરી જાય.' આ ગોઠવણ પ્રમાણે નદીકાંઠે મરેલા મૃગ તથા એને ઠોલતા કાગડાને શિકારીએ

જોયા, એટલે કાચબાને ભોંય ઉપર ફગાવીને એ હરણુ આગળ ગયો. એટલામાં હિરણ્યકે મન્થરકના બંધ કાપ્યા, એટલે જ કાચબો નદીમાં પેસી ગયો. અને શિકારીને પાસે આવેલો જોઇને હરણુ તથા કાગડો નાસી ગયા. આ તે ઇન્દ્રજાળ છે કે શું એમ કરીને શિકારી પાછો આવ્યો, ને જુએ છે તો જાળ કાપેલ પડી છે, ને કાચબો યોગીની પેઠે અદૃશ્ય થઈ ગયો છે. એટલે શિકારી નિરાશ થઈને ઘેર ગયો. અને ચારે મિત્રોએ ખાધું પીધું તથા રાજ કીધું. એમ જાણીને વિવેકીએ મિત્ર-સંગ્રહ કરવો.

પશુ યે જો કરે સંપ આ રીતે લોકસંમત ।
મનુષ્ય ન કરે સંપ શું આશ્ચર્ય અતઃપરમ્ ॥ ૬૭ ॥

ઇતિ સુહૃલ્લાભ નામે બીજું તન્ત્ર સમાપ્ત.

ત્રીજું તન્ત્ર : સન્ધિવિગ્રહ અથવા કાકોલૂકીય

હવે આ સન્ધિવિગ્રહ નામે ત્રીજું તન્ત્ર આરંભાય છે, જેનો આ પ્રથમ શ્લોક છે:

રાખવો નહિ વિશ્વાસ મિત્રતાગત શત્રુમાં ।
ઘૂડપૂર્ણ ગુહા બાળી કાગડે આગ ચેતવી ॥ ૧ ॥

રાજકુમારોએ પૂછ્યું: 'એ કેમ?' વિષ્ણુશર્મા કહે:

એક વનમાં મોટો વડ હતો જે પક્ષિશબ્દે કરીને જાણે પથિકોને વીસામો ખાવા બોલાવતો હતો. ત્યાં સહસ્ર કાગડાના પરિવારવાળો મેઘવર્ણ નામે તમાલશામળો વાયસરાજ રહેતો હતો. એનાથી થોડે આઘે ગિરિગુહામાં હજાર ઘૂડના પરિવારવાળો અરિમર્દન નામે ઉલૂકરાજ વસતો હતો. એ એક વાર સહજ વેરને કારણે રાતવેળાએ મોટા ઘૂડસંઘ સહિત કાગડાઓ ઉપર તૂટી પડ્યો ને અનેક કાગડાનું કદન કરીને પાછો ગયો.

બીજે દિવસે પ્રભાતે હણાતાં શેષ રહેલા, ભાંગેલ ચાંચ, પાંખ ને ચરણવાળા તથા બીજા કાગડાઓની ભાળ લીધા પછી મેઘવર્ણ મન્ત્રીઓ હારે એકાન્તમાં મન્ત્રણા કરવા મંડ્યો, ને બોલ્યો: 'આ શત્રુની તરત પ્રતિક્રિયા કરવી જોઈએ. કહ્યું છે, કે

જન્મતાં વેંત જે શત્રુવ્યાધિને શમવે નહિ ।
અતિપુષ્ટાંગવાળો યે તે એનાથી હણાય છે ॥ ૨ ॥

એટલે વિચાર કરીને ઝટ બોલો, કે એનો ઘાત કયા ઉપાયથી કરવો.'

મેઘવર્ણના ઉજ્જીવી, સંજીવી, અનુજીવી, પ્રજીવી ને સ્થિરજીવી નામે પાંચ મન્ત્રી હતા, તેમાંથી ઉજ્જીવી કહે: 'શત્રુ બળવાન્ છે, પણ કદાચ આપણા સમાન હોય તો પણ સંધિ ઇષ્ટ છે, કારણ યુદ્ધમાં વિજય સંદિગ્ધ રહે છે. બૃહસ્પતિ કહી ગયો છે કે સંશયવાળું કામ કરવું નહિ. નેતરના જેવી વૃત્તિ રાખવી, સર્પના જેવી નહિ.'

સંજીવી કહે: 'સંધિ મને ન રુચે, કારણ પાણી ગમે એવું તપ્યું હોય તો પણ અગ્નિને ઠારે જ છે. એટલે વિગ્રહ કરવો એવી મારી મતિ છે. વનમાં રહીને હરણનાં ઓટેલાં પાણી પીવાં એ સારું, પણ પ્રભુત્વરસના સ્વાદિયાએ શત્રુઅધીન રહેવું નહિ સારું. શત્રુ બળવાન્ છે તો શું થઈ ગયું? નાનો સિંહ ઉત્સાહશક્તિસંપન્ન હોય છે તો મોટા હાથીને મારે છે. અને બળથી અવધ્ય રિપુને, ભીમે કીચકને માર્યો તેમ, છળ કરીને માયાથી મારવા.'

અનુજીવી કહે: 'રાજન, સંધિવિગ્રહ અયુક્તાં છે, ને મને તો યાન ઠીક લાગે છે. શત્રુનું બળ જોઈને યુધિષ્ઠિર જેવાએ પણ દેશત્યાગ કર્યો હતો.'

પ્રજીવી કહે: 'દેવ, આણે વિદેશગમન કરવા કહ્યું, પણ એમ ઝટપટ ગઢનો પરિત્યાગ ન કરવો ઘટે. મારું મત એવું છે કે દુર્ગમાં સ્થિર આસન કરીને આપણે લડવું. સ્વસ્થાને રહેલો મગર ગજેન્દ્રને પણ ખેંચી જાય છે, પણ એ જ જો સ્થાનભ્રષ્ટ થાય તો કૂતરા આગળ પણ હારી જાય છે. પોતાને સ્થાને રહીને એક જણ સો જણની સામે પણ ટક્કર ઝીલે છે.'

સ્થિરજીવી કહે: 'મને સંશ્રય ગમે છે. માણસ સમર્થ ને તેજસ્વી હોય તો પણ બીજાની સહાયતા વિના એ શું કરે? પવન નથી હોતો તો સળગેલો અગ્નિ પણ એની જાણે ઠરી જાય છે. એટલે કોઈ બળિયાનો આપણે આશરો લેવો.'

પાંચેનાં મત જાણીને મેઘવર્ણે પિતાના દીર્ઘાયુષી પ્રધાન ચિરજીવીને કહ્યું: 'તાત, હવે તું કહે કે શું કરવું.' ચિરજીવી કહે: 'આ ભાઈઓએ મને બોલવા સારુ અવકાશ રહેવા દીધો નથી, પણ બળવાન શત્રુ હારે વિરોધ કરવો તે હાથી હારે ચરણયુદ્ધ કરવા જેવું છે. કહ્યું છે, કે

પોતાનું પારકું તેમ ન વિચારી બલાબલ।
ઝૂઝવા મંડતો જે તે નોતરે માત્ર નાશને॥ ૩॥

આપણામાં યુદ્ધ કરવાનું સામર્થ્ય નથી, અને આ યુદ્ધકાળ પણ નથી. વિચાર કરીને કામ કરે એને, મહોદધિને નદીઓ ભજે છે તેમ, સંપત્તિઓ ભજે છે. જો યુદ્ધ થાય એમ નથી તો સંધિ પણ સહજવેરી હારે અશક્ય છે. એટલે મારી વાત સાંભળવી હોય તો આપણે એકાન્તે બેસિએ, કેમ કે વાત છ કાને ગઈ એટલે ફૂટી સમજવી.'

રાજા ને ચિરજીવી બે જ રહ્યા એટલે મેઘવર્ણે પૂછ્યું, 'બાપુ, આ ઘૂડ હારે આપણે કેમ કરીને પ્રાણાન્તિક વેર બંધાણું?' તે બોલ્યો, 'ભદ્ર, વચનદોષથી. કહ્યું છે, કે

ગ્રીષ્મમાં ચરતાં નિત્ય ઊભા મોલ અબુદ્ધિમાન।
દ્વીપિચર્મપ્રતિચ્છન્ન ખરે બોલી બગાડિયું॥ ૪॥

રાજા કહે, 'એ કેમ?' ચિરજીવી બોલ્યો:

કથા ૧

હસ્તિનાપુરમાં શુદ્ધપટ નામે ધોબી હતો. એની આગળ ગધેડો હતો તે અતિવાહનની પીડાથી તથા ઘાસ ન મળવાથી બહુ દૂબળો થઈ ગયો એટલે એને પોષણ મળે તો સારું એવી બુદ્ધિથી ધોબીએ એના શરીર ઉપર દીપડાનું ચામડું ઓઢાડીને એને રાતે પારકા જવમાં છોડી મૂક્યો. હવે તો ગધેડો ઇચ્છા-

નુસાર સસ્યભક્ષણ કરે છે, અને દીપડો જાણીને કોઇ એને વારતું નથી, એટલે એ હૃષ્ટપુષ્ટ થઈ ગયો. એક વાર એણે આઘેથી ગધેડીનું ભૂંકણ સાંભળ્યું અને તરત જ પોતે પણ ભૂંકવા મંડયો. આથી ક્ષેત્રપાળોએ આ તો ગધેડો જ છે એમ જાણીને લાકડી, પાણા તથા બાણ મારીને એને મારી નાખ્યો; એટલે હું કહું છું: 'ગ્રીષ્મમાં ચરતાં નિત્ય' ઇતિ.

આ આખ્યાન સાંભળીને મેઘવર્ણ કહે: 'ઘૂડ સાથે આપણું વેર વચનદોષથી કેમ ઊપજ્યું?' તે બોલ્યો:

કથા ૨

પહેલાં પક્ષીઓમાં અરાજક હતું, એટલે તેતર, ભાસ, ભારદ્વાજ, હંસ, શુક, બક, કોકિલ, ચાતક, ઘૂડ, મોર, પારેવાં પ્રભૃતિ પક્ષીઓ મળીને વિચારવા લાગ્યાં કે પક્ષિરાજપદે કોનો અભિષેક કરવો. વિચાર કરતાં કરતાં એમ ઠર્યું કે ઘૂડનો અભિષેક કરવો, અને અભિષેકની તૈયારી થવા મંડી. વિવિધ તીર્થનાં પાણી આણ્યાં, એકસો આઠ મૂળિયાં, છત્રચામર, વીજણો, ભદ્રપીઠ આદિ સમસ્ત વસ્તુ મેળવી, સિંહાસન માંડ્યું, વ્યાઘ્રચર્મ પસાર્યું, કાંચનકુંભ ભર્યા, દીવા પ્રકટાવ્યા, વાજાં વાગ્યાં, દર્પણ તથા એવી બીજી મંગલ વસ્તુ સજ્જ કરી, બન્દિજન પાઠ કરવા મંડ્યા, બ્રાહ્મણે વેદોચ્ચાર કર્યો, યુવતીઓ મંગળગીત ગાવા મંડી, ને ઘૂડ સિંહાસને બેસવા મંડ્યો, ત્યાં ક્યાંકથી કાગડો આવ્યો, એણે વિચાર્યું, કે 'અહો, આ મહાજનનો મેળો થયો છે ને મહોત્સવ વર્તે છે તે છે શું?' એને જોઈને પક્ષીઓએ કહ્યું: 'પશુમાં જેમ શિઆળ તેમ પક્ષીમાં કાગડો ચતુર ગણાય છે, એટલે એનું પણ મત લેવું.' કાગડે મહોત્સવનું કારણ પૂછ્યું, એટલે

પક્ષીઓએ વાત કરી ને એને મત આપવા કહ્યું. કાગડો હસીને બોલ્યો: 'અહો, આ તો કાંઇ ઠીક નહિ કે મયૂર, ચકોર, હંસ, કોકિલ, ચક્રવાક, ક્રૌંચ, સૂડો, હારીત, સારસ વગેરે પક્ષિપ્રધાન વિદ્યમાન છતાં આ વિકરાલવદન વરવા દિવાન્ધનો અભિષેક થાય. મારું મત તો એવું નથી. વળી વૈનતેય આપણો સ્વામી છે જ, પછી કૌશિકને રાજા શું કામ કરવો? એ કદાચ ગુણવાન્ હોય તો ય એક સ્વામી બેઠાં બીજો સ્વામી ન થાય. વળી આનું નામ લેવાથી કાંઈ અર્થ સરે એવું નથી. કહ્યું છે, કે

કરે પ્રભાવવાન્ રાજા જેનું નામ જ સિદ્ધિકૃત્।
શશિનામ વડાવીને વસે છે સસલા સુખે ॥ ૫ ॥

પક્ષીઓ કહે: 'એ કેમ?' કાગડો કહે:

કથા ૩

એક વાર બાર વર્ષનો દુકાળ પડ્યો. એટલે ખાબોચિયાં, ધરા, તળાવ, સરોવર શોષાઈ ગયાં, જીવમાત્ર મોટી આપદામાં આવી પડ્યા, અને વિશેષ કરીને હાથી. ચતુર્દન્ત નામે નાગરાજ હતો એને બીજા હાથીઓએ વીનવ્યો, 'ગજરાજ, તરસથી કેટલાંય બચ્ચાં મરી ગયાં, અને કેટલાંય મરવાની અણી ઉપર છે. એટલે તરસ છિપાવવાનો કોઇ ઉપાય વિચારો.' એટલે હસ્તિપતિએ વેગવંત હાથીને આઠે દિશાએ પાણી ગોતવા મોકલ્યા, તેમાંથી પૂર્વ દિશાએ ગયેલા હાથીઓએ પાતાળગંગા-જળથી ભરેલું કમલસુશોભિત ચંદ્રસર નામે સરોવર જોયું, અને હસ્તિરાજ આગળ નિવેદન કર્યું. એટલે ગજરાજ ને બીજા હાથી સરોવરકાંઠે આવ્યા, ત્યાં પ્રથમથી ઘર કરીને રહેલા સસલા એના પગ નીચે કચરાઈ ગયા. હાથી જલપાન

કરીને ગયા પછી શશકરાજ શિલીમુખે મન્ત્રીઓને પૂછ્યું, કે 'હવે આપણે કરવું શું? આ હાથી મારગ દેખી ગયા છે, એટલે નિત્ય ઊઠીને આવશે. એને રોકવા કઈ યુક્તિથી?' બહુવૃત્તાન્તદર્શી વિજય નામે વૃદ્ધ સસલો કહે: 'આપ નિશ્ચિંત રહો. એ ફરીને અહિં ન આવે એવું કરવાની મારી પ્રતિજ્ઞા છે.' શિલીમુખ કહે: 'તારા જેવા વચનચતુર નીતિશાસ્ત્રીએ કામ ઊપાડ્યું એટલે સિદ્ધ જ થાય.'

શશરાજની શીખ લઈને વિજય સસલો હસ્તિરાજ આગળ આવ્યો. પોતા જેવા અલ્પકાયનો બીજી રીતે હાથી સાથે સમાગમ જ અશક્ય,. એટલે એણે ગિરિશિખરે ચડીને યૂથનાથને પ્રણામ કર્યા. હાથીએ પૂછ્યું, 'તું કોણ છે?' સસલો કહે: 'ગજપતિ, હું ચંદ્રદેવનો દૂત છું. એણે સંદેશ કહેવરાવ્યો છે કે ચન્દ્રસરમાં મારો નિવાસ છે, ત્યાં સસલા છે તે મને પ્રિય છે, એટલે તો શશી એવી મારી પ્રથા પડી છે. એ સરોવર તેં બગાડ્યું ને સસલાને માર્યા તે ઠીક, પણ ફરી એવું કર્યું તો સારું ફળ નહિ આવે.' ગજેન્દ્રે કહ્યું: 'ભદ્ર, સાચું. ભગવાન્ ચન્દ્રમાનો અપરાધ મારાથી અજાણતાં થઈ ગયો. પણ હવે હું એનો વિરોધ નહિ કરું.' સસલો કહે, 'વારણેન્દ્ર, તો એની આગળ આવો ને એને ખમાવો.' એટલે સસલો ગજપતિને તળાવે લઈ ગયો, ને રાતે પાણીમાં પડતું ચન્દ્રનું પ્રતિબિંબ એને દેખાડ્યું એ જોઈને નાગેન્દ્ર વનમાં ગયો ને ફરી પાછો ન આવ્યો.

એટલે હું કહું છું: 'કરો પ્રભાવવાન્ રાજા' ઇત્યાદિ.

ત્યાંથી આગળ ચાલતાં કાગડો કહે: 'આ ઘૂડ નીચ છે તે શું પ્રજાને પાળવાનો હતો? કહ્યું છે, કે

નીચ ન્યાયકરો પામી વિવાદી બેયનો મરો।
જે રીતે ક્ષયને પામ્યા બન્ને શશકપિંજલ ॥ ૬ ॥

પક્ષીઓ કહે, 'એ કેમ?' તે બોલ્યો :

કથા ૪

એક ઝાડની બખોલમાં કપિંજલ નામે પક્ષી રહેતો હતો. હું યે એ જ ઝાડ ઉપર રહેતો, એટલે અમારે પ્રીત થઈ, અને પ્રતિદિવસ આહારવિહાર થઈ રહ્યા પછી પ્રથમ-પ્રદોષટાણે અમે સુભાષિતપ્રશ્નપ્રતિપ્રશ્ન કરતા. એક દિવસ સાંજે કપિંજલ આવ્યો નહિ, એટલે હું આકુળવ્યાકુળ થઈ ગયો ને વિચાર્યું : 'એ ક્યાંક બંધાઈ ગયો કે નાશ પામ્યો, કે એણે બીજે ક્યાંક વાસ કર્યો? થયું શું?' એમ કરતાં બહુ દિન વીતી ગયા, અને કપિંજલની સૂની બખોલમાં શીઘ્રગ નામે સસલો આવીને પેઠો. મિત્રસમાગમની મને હવે આશા નહોતી



સસલાને કહ્યું, 'આ મારું સ્થાન છે, એટલે અહિંથી શીઘ્ર નીકળ.'

એટલે હું કાંઇ બોલ્યો નહિ. સસલાને બખોલમાં વસ્યાં થોડો કાળ થયો ત્યાં કપિંજલ આવ્યો, એટલે સસલાને કહ્યું, 'આ મારું સ્થાન છે, એટલે અહિંથી શીઘ્ર નીકળ.' તે બોલ્યો: 'મૂર્ખા તેતર, તું જાણતો નથી કે ઘર તથા ભોજનનો તો જે પાસે આવી ચડે તે જ ઉપભોગ કરે?' કપિંજલ કહે: 'એ ઠીક છે, પણ તો પછી કોક વ્યાવહારિક આગળ નિર્ણય કરાવિએ.' સસલો કહે, 'ભલે.'

એમ કરીને બે ય વાંધો પતાવવા નીકળ્યા. હું પણ કૌતુકથી એની પાછળ ચાલ્યો. કપિંજલે સસલાને પૂછયું: 'પણ આપણો વ્યવહાર જોશે કોણ?' સસલો કહે: 'ભગવતી ગંગાને કાંઠે દીર્ઘવાલ નામે તપસ્વી બિલાડો છે તે આપણો ન્યાયદર્શી બનશે.' તેતર કહે: 'એવા ઢોંગીનો વિશ્વાસ કરવામાં લાભ નથી.' આ સાંભળીને બિલાડો સૂર્યાભિમુખ થઈને બે પગે ઊભો, હાથ ઊંચા કર્યા, આંખ વીંચી ગયો ને જપ કરવા મંડયો. એટલે એની આગળ બે ય જણાએ પોતાની વાત મૂકી અને કહ્યું: 'અમારે વિવાદ થયો છે, તેનો ધર્મશાસ્ત્રદ્વારા નિર્ણય કર.' બિલાડો કહે: 'ઘડપણને લીધે હું દૂરથી સાંભળતો નથી, પણ સાંભળ્યા વિના જયપરાજય કેમ સૂઝે?' એટલે બેય પાસે આવ્યા. પછી તો બિલાડો ધર્મશાસ્ત્રનો પાઠ કરવા મંડયો:

અહિંસાઅધિકો ધર્મ ન ભૂતો ન ભવિષ્યતિ।
રખડે ઘોર અંધારે પશુહિંસક યાજ્ઞિકો ॥ ૭ ॥
વૃક્ષ કાપી ઢોર મારી કરી રુધિરકર્દમ।
આમ જો જાય છે સ્વર્ગે નરકે કેમ જાય છે ॥ ૮ ॥

આમ શ્લોક બોલતાં બોલતાં એણે ઝપટ મારી, સસલા-તેતર બેયને પકડયા ને મારી નાખ્યા.

એટલે હું કહું છું: 'નીચ ન્યાયકરો પામી' ઇતિ. આ દુર્જન ઘૂડને રાજા ન જ કરવો જોઇએ.'

કાગડાનું ભાષણ સાંભળીને રાજા કરવા કોઈ વાર ફરી સમવાય મેળવીને મન્ત્રણા કરશું એમ કરીને બધા પક્ષી વિખરાઈ ગયા. પોતાના રાજ્યાભિષેકમાં કાગડે પાણો નાખ્યો એટલે ઘૂડ કહે: 'હવે મારે તારે વેર છે, કેમ કે કુહાડેથી છેદાયેલું ને દવમાં બળેલું વન ફરી ઊગે છે, પણ વચન-બાણના ઘા રૂઝાતા નથી.'

આમ કૌશિક હારે આપણે વેર થયું."

મેઘવર્ણ કહે: 'તો હવે, બાપુ, આપણે કરવું શું?'

વૃદ્ધ મંત્રી કહે, 'સ્વામિન્, છ ગુણમાંથી સંધિવિગ્રહની વાત થઈ ગઈ. ત્રીજું આસન કામ નહિ આવે, કેમ કે એમ કરતાં બળવાન્ શત્રુને હાથે ગઢનો ને આપણો બેયનો નાશ થાય. યાન એટલે આપણું સ્થાન છોડવું તે કેમ બને? એવો કોણ બળિયો છે જેનો સંશ્રય લઈ શકાય? અને દ્વૈધીભાવ કોની હારે કરવો? એટલે સામદામભેદદંડ એ ચાર નયનો અહીં અવકાશ નથી. પણ શાસ્ત્રમાં નહિ ગણાવેલો છલ નામે પાંચમો ઉપાય છે, એનો અંગીકાર કરીને હું શત્રુનો પરાભવ કરીશ. અને કહ્યું છે:

બુદ્ધિથી શત્રુને જીતે દૂબળા બહુ પૂરુષો।
ધૂતારે બકરો લીધો છેતરી બ્રહ્મદેવને ॥ ૯ ॥

મેઘવર્ણ કહે: 'એ કેમ?' ચિરજીવી બોલ્યો:

કથા ૫

મિત્રશર્મા નામે બ્રાહ્મણે અમાવાસ્યાને દિવસે યજ્ઞ કરવા સારુ કોઈ ગ્રામાન્તરવાસી યજમાન આગળથી બકરો માગીને લીધો, અને એને ખાંધે ચડાવીને પોતાને ગામ આવવા નીકળ્યો. અર્ધે માર્ગે એને ત્રણ ધૂતારા સામા મળ્યા, એણે

બ્રાહ્મણ આગળથી કળ કરીને બકરો પડાવી લેવાનો સંકલ્પ કર્યો. એટલે એ બધાય આગળ થઈ ગયા, ને પહેલાં એક ધૂર્ત બ્રાહ્મણને સામો મળ્યો અને કહ્યું: 'આ અપવિત્ર કૂતરાને કેમ ખાંધે ચડાવ્યો?' બ્રાહ્મણ વિચારમાં પડ્યો, કે 'આ દુરાત્મા શું બોલ્યો? કૂતરાને હું કેમ ખાંધે ચડાવું?' એમ કરી થોડેક આવે ચાલ્યો, ત્યાં બીજો ધૂર્ત મળ્યો, તે બોલ્યો: 'દ્વિજરાજ, આ કૂતરાને લોકવિરુદ્ધ થઈને ખાંધે ચડાવ્યો છે તે પશુ મારવામાં કુશળ છે કે શું? અને તું બ્રાહ્મણ છે કે વ્યાધ?' આ સાંભળીને બ્રાહ્મણે બકરાને ભોંય ઉપર મૂકી નિરખી જોયો ને વિચાર્યું: 'એ મૂરખ છે, તે આને કૂતરો કહે છે.' પણ તોય એનું મન હાલકડોલક થયું. થોડેક ગયો ત્યાં ત્રીજો ધૂર્ત મળ્યો, તે કહે: 'અમને સ્પર્શ કરીશ મા, એક પડખેથી જા, કારણ ઉત્તમ જાતિ થઈને કૂતરાને ઊપાડે એ શ્વપાક જ કહેવાય.' હવે બ્રાહ્મણે વિચાર્યું, કે 'મારાં ઇંદ્રિય વિકલ થઈ ગયાં છે કે શું? બહુમત વાતને પ્રમાણ જ ગણવી જોઇએ. કદાચ આ કૂતરારૂપી માયાવી રાક્ષસ જ હશે.' એમ કરી બકરાને મૂકી ન્હાઈને ઘેર ગયો. ધૂર્ત હસતા હસતા બકરાને લઈને ચાલતા થયા.

એટલે હું કહું છું: 'બુદ્ધિથી શત્રુને જીતે' ઇત્યાદિ.

વળી શત્રુ ભલે દુર્બળ હોય, પણ બહુ હોય તો એની હારે વિરોધ ન કરવો. કહ્યું છે, કે

બહુ નહિ વિરોદ્ધવ્ય મહાજન જ દુર્જય।
બહુ મળી કરી કીડી ખાય કાળા ય નાગને ॥ ૧૦ ॥

મેઘવર્ણ કહે: 'એ કેમ?' ચિરજીવી કહે:"

કથા ૬

એક રાફડામાં અતિદર્પ નામે મહાકાય કૃષ્ણસર્પ હતો. એ એક વાર નાનકડા છિદ્રમાંથી નીકળવા ગયો, એટલે એનું શરીર છોલાઈ ગયું ને એમાંથી લોહી નીકળ્યું. એ લોહીના ગન્ધ અનુસાર કીડી આવી નાગ ઉપર ફરી વળી ને એને વ્યાકુળ કર્યો. એમાંથી કેટલીકને એ મારે? પોતે બહુ રહી. એટલે કીડીએ એને આખે શરીરે ઘાયલ કર્યો ને એ મરી ગયો.

એટલે હું કહું છું: 'બહુ નહિ વિરોદ્ધવ્ય' ઇતિ.

હવે વાયસેશ્વર, મારાં પીંછાંનો લોચ કરો, મને નિષ્ઠુર વચન કહો, ક્યાંકથી લોહી આણીને મારે શરીરે લીંપો, આ વડ નીચે જ મને નાખીને ઋષ્યમૂક પર્વતે જાઓ તથા હું કૃતકૃત્ય થઈને આવું ત્યાં લગી ત્યાં પરિવાર સહિત રહો. મારી ચિન્તા ન કરવી.'

ચિરજીવીની શીખવણી પ્રમાણે એને તરતમાં છોડી મેઘવર્ણ બધા કાગડાને લઈને ઋષ્યમૂક ગયો. શત્રુ ભાગ્યાના સમાચાર ઘૂડરાજને મળ્યા, એટલે ભયભીત તથા પલાયનપરાયણ શત્રુ ક્વચિત જ હાથમાં આવે એમ કરીને અરિમર્દન રાતે ઝટપટ આવ્યો, પણ એકે કાગડાને જોયો નહિ, એટલે એ કયે માર્ગે ગયા તેની તપાસ કરવા મંડ્યો.

ચિરજીવીને થયું, કે 'આ એમ ને એમ જાય તો તો મારી જાત્રા અફળ જાય. અને કહ્યું છે:

અનારંભ જ કાર્યોનો પહેલું બુદ્ધિલક્ષણ।
પ્રારબ્ધઅન્તગમન એ બીજું બુદ્ધિલક્ષણ ॥ ૧૧ ॥

અનારંભ સારો, પણ આરંભવિઘાત નહિ સારો. એટલે હું બોલીને મને છતો કરું.' એમ વિચારીને તેણે કા કા કા એવો મન્દ મન્દ શબ્દ કર્યો. તે સાંભળીને ઘૂડ એને મારવા

આવ્યા, તો ચિરજીવી કહે: 'અહો, હું મેઘવર્ણનો મુખ્ય મન્ત્રી છું, ને એણે જ મારી આ અવસ્થા કરી છે. એટલે તમારા સ્વામીને મારી વાત કરો, એને મારે બહુ કહેવાનું છે.'

ઘૂડપતિ ચિરજીવી આગળ આવ્યો ને પૂછ્યું: 'તારી કેમ આ દશા થઈ?' ચિરજીવી કહે: 'દેવ, આ અવસ્થાનું કારણ સાંભળો. બહુ કાગડાને હણાયેલા જોઈને મેઘવર્ણે ઘૂડદુર્ગ ઉપર ચડાઈ કરવા ધાર્યું, પણ મેં કહ્યું કે શત્રુ બળવાન છે, એટલે આપણે કૌશિકેન્દ્રને નમવું જોઈએ. કહ્યું છે, કે

ગુણવાન નમે છે જો પુરુષો જેમ કાર્મુક।
નગુણા સ્તબ્ધ મેં દીઠા પુરુષો જેમ કાર્મુક ॥ ૧૨ ॥

આથી મને શત્રુપક્ષપાતી જાણીને મારી આ ગતિ કરી. હવે તમારા ચરણ જ મારું શરણ છે.'

એટલે અરિમર્દન એના મંત્રિમંડળ હારે મંત્રણા કરવા મંડ્યો. રક્તાક્ષ, ક્રૂરાક્ષ, દીપ્તાક્ષ, વક્રનાસ ને પ્રાકારકર્ણ આ પાંચમાંથી રક્તાક્ષ કહે: 'દેવ, અહિં શું વિચાર કરવાપણું છે? એને ઝટપટ હણવો ઘટે છે. કહે છે, કે

પ્રદીપ્ત ચિતિકા જો ને જો વાગ્યું ફણમાં મને।
એકવાર તૂટી પ્રીતિ ન સંધાય જ સ્નેહથી ॥ ૧૩ ॥

અરિમર્દન કહે: 'એ કેમ?' રક્તાક્ષ કહે:

કથા ૭

"એક અધિષ્ઠાને હરિદત્ત નામે બ્રાહ્મણ હતો. એ ખેતી કરતો, પણ એનો શ્રમ સદાય નિષ્ફળ જાય. એક દિવસ એ ઊનાળાના અવસાનમાં ગામથી ત્રાસીને પોતાના ખેતરમાં ઝાડની છાયામાં સૂતો, અને ત્યાંથી થોડે દૂર રાફડા ઉપર મોટી ફણ પસારીને પડેલા ભીષણ ભુજંગમને જોઈને વિચાર્યું:

'આ ક્ષેત્રપાળ છે, મેં એને કદાપિ પૂજ્યો નથી.' એમ કરી ક્યાંકથી દૂધ માગી આવી શરાવલામાં નાખી રાફડા આગળ જઈને એ બોલ્યો: 'હે ક્ષેત્રદેવતા, તારો અહિં વાસ છે એ હું જાણતો નથી, એટલે તને પૂજ્યો નથી એની ક્ષમા કર.' એમ કહી નાગને દૂધ પાઈને એ ઘેર ગયો. બીજે દિવસે સવારે આવીને જુએ છે તો શરાવલામાં એક સોનૈયો જોયો એટલે એ તો નિત્ય એકલો આવે, દૂધ પાય ને સોનૈયો લઈ જાય. એક દિવસ સર્પને પાવાનું કામ પુત્રને ભળાવીને બ્રાહ્મણ ગામતરે ગયો. તે દી છોકરે દૂધ પાયું ને બીજે દી સોનૈયો જોયો, એટલે એણે વિચાર કર્યો, કે 'આ રાફડો સોનૈયાથી ભરેલ હશે, એટલે સર્પને મારી બધાય એક હારે લઈ લઉં.' એમ ધારી બીજે દિવસે દૂધ પાતાં પાતાં એણે સર્પના માથા ઉપર લાકડી મારી. દૈવવશાત્ સર્પ મર્યો નહિ અને રોષથી બ્રાહ્મણપુત્રને તીવ્ર વિષવાળે દાંતે કરડ્યો, એવો જ એ મરી ગયો. એટલે સ્વજનોએ થોડે દૂર ખેતરનાં લાકડાં ખડકીને એનો સંસ્કાર કર્યો. બીજે દિવસે પિતા આવ્યો, ને પુત્રમરણની વાત સાંભળી. તો પણ એ તો દૂધ લઈને સર્પ આગળ ગયો. સર્પે રાફડામાં રહીને જ કહ્યું: 'બ્રાહ્મણ, પુત્રશોક મૂકીને તું લોભથી અહિં આવ્યો, પણ હવે તારે મારે પ્રીત ઉચિત નથી. તારા યૌવન-મદમત્ત પુત્રે મને માર્યું, ને હું એને કરડ્યો. હવે લાકડીનો પ્રહાર હું કેમ ભૂલું, અને પુત્રશોકનું દુ:ખ તને કેમ વીસારે પડે?' એમ કહી બ્રાહ્મણને હીરો આપી 'હવે તારે અહિં ન આવવું' એમ ફરી કહી સર્પ રાફડામાં ચાલ્યો ગયો, ને બ્રાહ્મણ મણિ લઈને ઘેર આવ્યો.

એટલે હું કહું છું 'પ્રદીપ્ત ચિતિકા જો ને' ઇતિ. આને માર્યો એટલે તારું રાજ્ય વિના પ્રયત્ને નિષ્કંટક થઈ જાય."

બીજો ક્રૂરાક્ષ કહે: "દેવ, આ તો નિર્દયતા કહેવાય. કારણ

શરણાગતનો વધ કરાય જ નહિ. કહ્યું છે કે,

સ્વમાંસે ધરવે પક્ષી શરણાગત શત્રુને । ૧૪ ।

અરિમર્દન કહેઃ 'એ કેમ?' ક્રૂરાક્ષ કહે:

કથા ૮

"પ્રાણીઓના કાળ જેવો એક ઘોર શિકારી મોટા અરણ્યમાં પાંજરું, ફાંસો ને લાકડી લઈને વિચરતો હતો, ત્યાં સર્વ દિશા



પ્રાણીઓના કાળ જેવો એક ઘોર શિકારી મોટા અરણ્યમાં પાંજરું, લાકડી ને ફાંસો લઈને વિચરતો હતો.

વાદળાંથી કાળી થઈ, અને અનરાધાર મેહ વરસવા મંડચો તથા આકરો પવન વાવા મંડ્યો. આથી ત્રાસ પામીને શિકારી કંપતો કંપતો એક ઝાડ આગળ આવ્યો ને બોલ્યો: 'જે કોઇ અહિં હોય એને હું શરણે છું.' એ ઝાડ ઉપર એક કબૂતર રહેતો હતો તે સ્રીના વિરહથી વિલાપ કરવા મંડચો, 'આંવું વાવાઝોડું થયું ને પ્રિયા આવી નહિ. એના વિના આ ઘર કેવું સૂનું લાગે છે?' આ સાંભળીને પાંજરામાં પૂરાયેલી કપોતિકા બોલી: 'હે કાન્ત, આ વાઘરી તારે શરણે આવ્યો છે એની તું પૂજા કર. એણે મને પકડીને પાંજરે પૂરી છે એ મનમાં આણીશ મા, કારણ હું બંધમાં પડી છું તે પૂર્વે કરેલાં કર્મોનું જ ફળ છે, ને એનો એમાં દોષ નથી.' એ સાંભળીને કબૂતરે શિકારીને કહ્યું: 'લુબ્ધક, તું ભલે આવ્યો, કાંઇ સંતાપ કર મા. આ તારું ઘર જ છે એમ જાણ.' શિકારી કહે: 'હે કપોત, મને ટાઢ બહુ વાય છે, એનાથી મને બચાવ.' એટલે કબૂતરે અંગારો આણીને દેવતા પાડચો, સૂકાં પાનથી એને ચેતવ્યો અને શિકારીને કહ્યું: 'તું નિર્ભયપણે તારું શરીર શેક. ખેદ માત્ર એટલો જ છે, કે તને આપવા સારુ મારી આગળ કાંઇ ખાવાનું નથી. મેં પુણ્ય કર્યું નથી એટલે મારું ભરણપોષણ કરવુંયે મને ભારે પડે છે; અતિથિને અન્ન આપવાની તો વાત જ કેવી? તો પછી આ ક્લેશમય ઘરમાં રહીને મારે શું કરવું છે? એટલે હવે એવી સાધના કરું, જેથી માગણને મારે ના ન પાડવી પડે.' આમ કબૂતરે પોતાની નિન્દા કરી, વાઘરીની ન કરી, અને કહ્યું: 'ઘડીક ખમ, હું હમણાં તારું તર્પણ કરું છું.' એમ કહી એણે હર્ષપૂર્વક અગ્નિની પરિક્રમા કરી ને એમાં પ્રવેશ કર્યો. કબૂતરને દેવતામાં પડેલો જોઈને વાઘરી કહે: 'હું પાપી ઘોર નરકમાં પડવો છું, પણ આ ધર્માત્મા કપોતે મને પ્રત્યાદર્શ દેખાડ્યો છે, ને પોતાનું માંસ મને આપ્યું છે.'

એમ કહીને એણે પાંજરું ભાંગીને કબૂતરીને છોડી મૂકી, એવી એ પણ આગમાં કૂદી પડી.

એટલે હું કહું છું, 'સ્વમાંસે' ઇતિ."

પછી અરિમર્દને વક્રનાસને પૂછ્યું. તે બોલ્યો: 'દેવ, આનો વધ ન કરવો, કેમ, કે

પરસ્પર વઢે વાદ શત્રુઓ તે હિતાવહ।
ચોરે જીવિત દીધું ને રાક્ષસે દીધ ગોયુગ ॥ ૧૫ ॥'

અરિમર્દન કહે: 'એ કેવી રીતે?' વક્રનાસ કહે:

કથા ૯

"એક દરિદ્ર બ્રાહ્મણ આગળ બે ગાય હતી, તેને ચોરવાનો વિચાર કરીને એક ચોર રાતે નીકળ્યો, ત્યાં મારગમાં એને બ્રહ્મરાક્ષસ મળ્યો. રાક્ષસ પૂછે, 'તું કોણ છે?' ચોર કહે: 'હું ચોર છું, ને બ્રાહ્મણની ગાય ચોરવા જાઉં છું.' રાક્ષસ કહે: 'ઠીક. હું યે ભૂખ્યો છું, એટલે એ બ્રાહ્મણને ખાવા તારા ભેગો આવું છું.'

ચોર ને રાક્ષસ એકાન્તમાં લપાઈને રહ્યા. બ્રાહ્મણ સૂતો એટલે રાક્ષસ એને ખાવા જાય છે ત્યાં ચોર કહે: 'આ ન્યાય ન કહેવાય. પહેલાં હું ગાય છોડી જાઉં, પછી તું બ્રાહ્મણને ખા.' રાક્ષસ કહે: 'તું ગાયને છોડવા જા ને ગાય ભાંભરે તો બ્રાહ્મણ જાગી જાય: પછી હું એને ક્યાંથી ખાઉં?' ચોર કહે: 'તું બ્રાહ્મણને ઝાલવા જા ને એ જાગી જાય તથા બીજાને જગાડે, તો પછી હું ગાય ક્યાંથી છોડું?' આમ આ બેયનો વિવાદ થયો તેથી બ્રાહ્મણ જાગી ગયો. એને ચોર કહે: 'બ્રાહ્મણ, આ રાક્ષસ તને ખાવા ઇચ્છે છે.' રાક્ષસ પણ કહે: 'બ્રાહ્મણ, આ ચોર તારી ગાય હરવા ઇચ્છે છે.' આ સાંભળીને

બ્રાહ્મણ ઊઠ્યો, સાવધાન થયો, તથા પોતાની ને ગાયની રક્ષા કરી.

એટલે હું કહું છું: 'પરસ્પર વદે વાદ' ઇતિ."

ઘૂડરાજાએ હવે પ્રાકારકર્ણને પૂછ્યું, તો એ કારભારી કહે: 'દેવ, આ અવધ્ય છે, કારણ આની રક્ષા કરશું તો કદાચ પરસ્પર પ્રીત થાય, અને કાળ સુખેથી જાય. કહ્યું છે કે:

પરસ્પરતણાં મર્મ જે રક્ષે નહિ જંતુઓ ।
મૃત્યુને નોતરે છે તે વલ્મીકોદરસર્પવત્ ॥ ૧૬ ॥'

અરિમર્દન કહે: 'એ કેમ?' પ્રાકારકર્ણ કહે:

કથા ૧૦ (પૂર્ણભદ્રની)

"કોઇ નગરીમાં દેવશક્તિ નામે રાજા હતો. એના પુત્રના પેટમાં જઈ વસેલા સર્પને કારણે એ બહુ લેવાઈ ગયો હતો. અનેક ઉપચાર ને ઔષધ કર્યાં, પણ ચિકિત્સાથી કાંઇ વળે નહિ, ને એ સ્વસ્થ થાય નહિ. એટલે રાજકુમાર કંટાળીને પરદેશ ગયો, ને કોક શહેરમાં ભિક્ષાટન કરી મોટા દેવળમાં દિવસ કાઢતો હતો. હવે આ ગામમાં બલિ નામે રાજા હતો, એને બે જુવાન દીકરીઓ હતી. રાજકુંવરીઓ નિત્ય ઊઠીને રાજાને નમસ્કાર કરતી. ત્યાં એક બોલી: 'મહારાજનો વિજય થાઓ, જેના પ્રસાદથી સર્વ સુખ મળે છે,' પણ બીજી કહે: 'મહારાજ કરેલાં સત્કર્મનાં ફળ ભોગવો.' આ સાંભળીને રાજા કોપાયમાન થયો ને બોલ્યો: 'હે મન્ત્રી, આ દુષ્ટભાષિણી કુંવરીને કોઇ વિદેશીને આપો, જેથી કરેલાં સત્કર્મનું ફળ એ પોતે ભોગવે.' એટલે મન્ત્રીએ કુંવરીને દેવળવાસી રાજપુત્ર વેરે પરણાવી દીધી. કુંવરી પણ પ્રસન્નચિત્તે પતિને દેવવત્ જાણી એને લઇને બીજે દેશ ગઈ. ત્યાં એક નગરને પડખે તળાવ હતું, એના તટ ઉપર પડાવ નાખ્યો, પડાવનું રખોપું

કરવા કુંવરને મૂક્યો, અને પોતે સીધો લેવા પરિવાર સહિત ગઈ. પાછી આવીને જુએ છે તો કુંવર રાફડા ઉપર માથું મૂકીને સૂતો હતો, અને તેના મુખમાંથી નીકળીને નાગ હવા ખાતો હતો, ત્યાં એ જ રાફડામાંથી બીજો નાગ બહાર નીકળ્યો. પરસ્પરદર્શનથી બેય નાગની આંખ રાતી થઈ, અને રાફડાવાસી સર્પ બોલ્યો: 'હે દુરાત્મન્, રૂપાળા કુંવરને તું શું કામ આમ પીડતો હઈશ?' ઉદરવાસી સર્પ કહે: 'હે દુરાત્મન્, સોનૈયાથી ભરેલા બે કળશ તારા રાફડામાં તું શું કામ રાખતો હઈશ?' આમ એકબીજાનાં મર્મ ઊઘાડાં પડ્યાં. વલ્મીકવાસી સર્પ ફરી કહે: 'આ તારું ઓસડ શું કોઇ જાણતું નથી, કે રાઈની કાંજી ઊકાળીને પાય તો તારો વિનાશ થાય?' ઉદરસ્થ સર્પ કહે: 'તારું પણ આ ઓસડ શું કોઇ જાણતું નથી કે ધગધગતા તેલ કે પાણીથી તારો નાશ થાય?' ઝાડ આડી રહેલી રાજકન્યાએ આ સાંભળ્યું, કુંવરને રાઈનો ઊકાળો પાયો, અને રાફડામાં ખળખળતું પાણી રેડ્યું. પછી પોતાના પતિને સાજો નરવો કરી, તથા અપાર સમૃદ્ધિ લઈને સ્વદેશ આવી. ત્યાં પિતામાતા આદિ સ્વજને એની પૂજા કરી, તથા કરેલાં સત્કર્મનું ફળ ભોગવીને એણે ખાધું પીધું ને રાજ કીધું.

એટલે હું કહું છું: 'પરસ્પર તણાં મર્મ' ઇતિ."

ઘૂડરાજને આમ ઊંધી શીખામણ મળતી જોઈને રક્તાક્ષ કહે: 'કષ્ટ, કષ્ટ. તમારી અનીતિથી આ રાજાનો ઘાણ નીકળવો છે. કહ્યું છે, કે

અપૂજ્યોની કરે પૂજા પૂજ્યોની જ્યાં વિમાનના।
ત્રણે ત્યાં તો પ્રવર્તે છે દુર્ભિક્ષ મરણું ભય ॥૧૭॥'

પણ એનો અનાદર કરી ચિરજીવીને ઊપાડીને ઘૂડગઢ લઈ ગયા ત્યાં ચિરજીવી કહે: 'ઘૂડરાજા, મને સંઘરીને તમે

શું કરશો ? આ અવસ્થામાં મારે જીવીને શું કરવું છે ? મને અગ્નિ દિઓ એટલે હું તેમાં પડું.' રક્તાક્ષ કહે: 'આગમાં પડીને તારે શું સાધવું છે ?' ચિરજીવી બોલ્યો: 'શરીરનો હોમ કરીને મારે ઘુડયોનિમાં જન્મ જોઇએ છે, એટલે પછી મારી આમ દુર્દશા કરનારા કાગડા ઉપર વેર વાળીશ.' રક્તાક્ષ કહે: 'દુષ્ટ, કૌશિકજાતિ તને દુર્લભ છે, કારણ

સૂર્યભર્તાર છાડીને મેઘ મારુત ને ગિરિ।
સ્વજાતિ મૂષિકા પામી સ્વજાતિ દુરતિક્રમ ॥ ૧૮ ॥'

તે બોલ્યો: 'એ કેમ ?' રક્તાક્ષ કહે:



ત્યાં બાજના મુખમાં પડેલી ઊંદરડી એના હાથમાં આવી પડી.

કથા ૧૧

"શાલંકાયન નામે મુનિ ગંગાતીરે સૂર્યોપસ્થાન કરતો હતો ત્યાં બાજના મુખમાંથી પંડ્કી ઊંદરડી એના હાથમાં આવી પડી. એને તપોબળથી કન્યા બનાવીને ઋષિ આશ્રમે લઈ ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું: 'ભદ્રે, લે આ તારે દીકરી અવતરી. જતનથી એને મોટી કર.' કન્યા વિવાહયોગ્ય થઈ, એટલે ઋષિએ સૂર્યને બોલાવીને કહ્યું: 'ભગવન્, તું બળવાન છે. એટલે મારી દીકરી તને વરે તો તું તેને પરણ.' ઋષિ દીકરીને કહે: 'આ ભુવનદીપક ભાનુદેવ તને ગમે છે?' કન્યા કહે: 'એનો તાપ બહુ છે, એટલે બીજો સારો વર ગોતો.' સર્વવૃત્તાન્તદર્શી સૂર્ય કહે: 'મારા કરતાં મેઘરાજ બળિયો છે; હું ઊગ્યો હોઉં છતાં તે મને અદૃશ્ય કરે છે.' એટલે ઋષિએ મેઘને બોલાવ્યો ને કન્યાને પૂછ્યું, તો તે બોલી: 'આ તો કાળો ને જડ છે.' મેઘ કહે: 'મારા કરતાં વાયુ અધિક છે, જે મને વિખેરી નાખે છે.' એટલે ઋષિએ વાયુને બોલાવ્યો, પણ કન્યાને તે અતિચપલ લાગ્યો, તેથી વાયુ કહે: 'મારાથી પર્વત ચડે, જે મને થંભાવે છે, પણ જેને હું ચલિત કરી શકતો નથી.' એટલે ઋષિએ શૈલેન્દ્રને બોલાવ્યો, તો કન્યા કહે: 'આ કઠણ છે.' ગિરિરાજ કહે: 'મારાથી ઊંદર બળિયો છે, તે મારા શરીરમાં છિદ્ર પાડે છે.' એટલે ઋષિએ ઊંદરને બોલાવ્યો તે કન્યાને ગમ્યો, એટલે ઋષિએ એને પાછી ઊંદરડી કરીને ઊંદર વેરે પરણાવી. એટલે કહું છું, 'સૂર્યભર્તાર છોડીને' ઇતિ.

ચિરજીવીએ વિચાર કર્યો,

કહ્યું વધ કરો આનો સ્વામીકેરા હિતેચ્છુએ ।
મન્ત્રીમાં એકલો એ છે નીતિશાસ્ત્રાર્થતત્ત્વવિત્ ॥ ૧૯ ॥

એનું કહ્યું આ કરત તો એને કાંઇ અનર્થ ન થાત ને મારી

આશા ફળત નહિ.'

ઘૂકદુર્ગનું દ્વાર આવ્યું એટલે અરિમર્દન કહે: 'આપણા હિતૈષી આ ચિરજીવીને એને ગમે એવું સ્થાન આપો.' એ સાંભળીને ચિરજીવીએ વિચાર્યું: 'મારે તો આના વધનો ઉપાય કરવો છે, તે મધ્યમાં રહું તો ન સધાય, કારણ એ મારી ચેષ્ટા જોઈને કદાચ સાવધાન થઈ જાય. એટલે ગઢને બારણે જ રહું.' એમ કરીને તે બોલ્યો: 'કૌશિકરાજ, સ્વામીએ કહ્યું તે યોગ્ય છે, પણ હું નીતિજ્ઞ છું, તથા તારો શત્રુ છું. તારા ઉપર ભલે મને અનુરાગ છે, ને હું ચોકખો છું, તો પણ ગઢ વચ્ચે વાસ કરવો મારે ન ઘટે. એટલે હું તો દુર્ગદ્વારે રહ્યો રહ્યો તારી સેવા કરીશ.' રાજા કહે, ઠીક.

ચિરજીવીને ઘૂકપતિના સેવકો માંસાહાર આણી આપતા તેથી થોડા દિવસમાં તે મોર જેવો બળવાન થઈ ગયો. એને જોઈને રક્તાક્ષ કહે: 'અહો, આ રાજા ને મન્ત્રીઓ મૂર્ખ છે. કુલક્રમાગત પ્રધાને કરવો ઘટે તે ઉપદેશ મેં રાજાને કરી દીધો. હવે મારા પરિવારને લઈને બીજા ગઢમાં જાઉં. ભય ન આવ્યું હોય ત્યાં એનો ઉપાય કર્યો શોભે, કેમ કે કહ્યું છે:

> વને વસંતો ઘરડો થયો હું ।
> વાચા ગુહાની ન કદાપિ મેં સુણી ॥ ૨૦ ॥'

પરિજને પૂછ્યું: 'એ કેમ?' રક્તાક્ષ કહે:

કથા ૧૨

"એક વનમાં ખરનખર નામે સિંહ હતો. ભૂખ કડકડીને લાગી હતી, એટલે એ એક વાર આમ તેમ ભમ્યો, પણ કાંઇ હાથ ન આવ્યું. પછી સૂરજ આથમવા ટાણે મોટી ગિરિગુહામાં પેસીને એણે વિચાર કર્યો: 'આ ગુફામાં કોક પશુ રાતે અચૂક

આવશે, એટલે લપાઈને બેસું.' એટલામાં ગુહાસ્વામી દધિમુખ નામે શિઆળ આવ્યો અને જુએ છે તો સિંહનાં પગલાં ગુફામાં ગયાં છે, પણ બહાર આવ્યાં નથી, એટલે એણે વિચાર્યું: 'અહો, માર્યો આ તો. આમાં સિંહ હોવો જોઇએ. તો કરવું કેમ? કેમ કરીને જાણવું?' બારણા આગળ ઊભા રહીને એણે પોકાર કર્યો: 'એ ગુફા, એ ગુફા.' એમ કહી ચૂપ રહ્યો ને પછી ફરી બોલ્યો: 'એ ગુફા, એ ગુફા, તને સાંભરે છે ને કે મેં તારી હારે બોલી કરી છે, જે હું બહારથી આવું તો મારે તને અને તારે મને બોલાવવો? તો પછી આજ કેમ મને બોલાવતી નથી? હું તો મારે આ ચાલ્યો બીજી ગુફાએ.' આ સાંભળીને સિંહે વિચાર્યું: 'ગુફા આને રોજ સાદ દેતી હશે, પણ આજે મારા ડરથી નહિ બોલતી હોય, એટલે હું જ આને બોલાવું, જેથી એ માલીકોર આવે ને મારું ભોજન બને.' એમ કરીને સિંહે આહ્વાન કર્યું. સિંહના શબ્દથી ચારે દિશા ગાજી ઊઠી, દૂર રહેલા જીવ પણ ત્રાસી ગયા અને શિઆળે પલાયન કરતાં કરતાં આ શ્લોકનો પાઠ કર્યો, 'વને વસંતો ઘરડો થયો હું' ઇત્યાદિ."

રક્તાક્ષ આમ પરિવારને લઈને દૂર દેશાન્તર ચાલ્યો ગયો. એ ગયો એટલે ચિરજીવી હરખ્યો ને વિચાર્યું: 'એ ટળ્યો એટલે આપણું કલ્યાણ થયું. એ દીર્ઘદર્શી હતો પણ આ સૌ મૂઢ છે એટલે સુખેથી હણાશે.' એમ કરીને ગુફા સળગાવી મૂકવા સારુ એ પોતાના માળામાં રોજ એક એક સાંઠી આણવા મંડ્યો. મૂર્ખા ઘૂડ જાણતા નથી કે આપણને બાળી મૂકવા આ માળો વધારે છે. માળાને બહાને ગઢના બાર આગળ સાંઠીનો ઢગલો થયો. એટલે સૂર્યોદયવેળાએ ઘૂડ આંધળા થઈ ગયા હતા, ત્યારે ચિરજીવી મેઘવર્ણ આગળ ગયો ને કહ્યું: 'સ્વામિન્, શત્રુની ગુફા મેં દાહસાધ્ય કરી છે. તમે પરિવાર

સહિત એક એક સાંઠી લઈને ચાલો; હું દેવતા લઉં છું. આપણે ઓચિંતા જઈને સર્વશત્રુસમેત શત્રુસ્થાનને બાળી મૂકિએ.' આમ કાગડા ઝટપટ પહોંચી ગયા, ઘૂડગઢ બાળ્યો ને શત્રુનો ઉચ્છેદ કર્યો.

મેઘવર્ણે ફરીને વડ ઉપર સિંહાસનસ્થ થઈને સભા કરી, તથા ચિરજીવીને પૂછ્યુંઃ 'શત્રુ વચ્ચે તું રહ્યો તે તને બહુ વસમું લાગ્યું હશે.' ચિરજીવી કહેઃ 'સાચું, શત્રુનો સહવાસ અસિધારાવ્રત જેવો છે. પણ કહ્યું છે:

શત્રુને વહતો ખાંધે સમો વર્તી સુબુદ્ધિમાન્ ।
કાળા નાગે જુઓ ભાઇ દેડકા બહુ મારિયા ॥ ૨૧ ॥'

મેઘવર્ણ કહેઃ 'એ કેમ?' ચિરજીવી કહે:

કથા ૧૩

"મન્દવિષ નામે એક બુઢ્ઢો કૃષ્ણસર્પ હતો. આમ ખાવાનું એને મળતું નહિ, એટલે બહુ દેડકાવાળા તળાવને કાંઠે જઈ અણુમણો થઈને એ બેઠો. એને ઉદાસ જોઈને એક દેડકો બોલ્યોઃ 'મામા, આજ પહેલાં પ્રમાણે આહાર સારુ કેમ વિહાર કરતા નથી?' સર્પ કહેઃ "મને ખાવા ઉપર રુચિ રહી નથી, કારણ કાલ રાતે હું એક દેડકાને પકડવા ગયો તે સ્વાધ્યાય કરતા બ્રાહ્મણોની વચ્ચે કૂદી પડ્યો, પણ ક્યાં ગયો તે મારા ધ્યાનમાં ન રહ્યું, ને મેં ઝપટ મારી તથા એક બ્રાહ્મણપુત્રને અંગૂઠે ડંખ્યો. ડંખ્યા ભેગો એ મરી ગયો, એટલે એના શોકાકુલ બાપે મને શાપ દીધોઃ 'દુરાત્મન્, મારા અનપરાધી દીકરાને તું કરડ્યો, એટલે જા, તું દેડકાઓનું વાહન થા, એનું દીધું ખા.' એટલે હું તમારું વાહન બનવા આવ્યો છું." દેડકે જઈને દેડકાના રાજા જાલપાદને વાત કરી. જાલ-

પાદ આવીને સર્પની પીઠે ચડ્યો ને સર્પે આમ તેમ ફેરવીને એને પ્રસન્ન કર્યો. એક દિવસ મન્દવિષ ઢોંગ કરીને ધીમે ધીમે ચાલ્યો. જાલપાદે પૂછ્યું: 'આજ તારી ગતિ કેમ મંદ છે?' સર્પ કહે: 'આહારવિરહથી હું દૂબળો થયો છું.' વાહનપ્રિય જાલપાદ કહે: 'તો મારી આજ્ઞાથી નાના દેડકાઓને ખા.' હવે સર્પ દેડકાઓને ખાવા મંડ્યો, ને થોડા દિવસમાં દેડકામાત્રનો ઘાણ કાઢી નાખ્યો, જેથી એનું બીજમાત્ર પણ રહ્યું નહિ.

એટલે કહું છું: 'શત્રુને વહતો ખાંધે' ઇતિ. હે રાજન્, જેમ મન્દવિષે મંડૂકોને માર્યા એમ મેં વેરીને હણ્યા. વનમાં અગ્નિ પ્રકટે છે તે ઝાડને બાળે છે, તો ય મૂળિયાં એનાથી બચી જાય છે, પણ મૃદુશીતલ જલપ્રવાહ મૂળિયાં સોત ઊખેડી નાખે છે. કહ્યું છે કે

ઋણ અગ્નિ અરિ વ્યાધિ નિઃશેષ કરતો સુધી ।૨૨।

રાજ્ય આમ નિષ્કંટક થયું છે, એને પ્રજાપાલનમાં તત્પર થઈને પુત્રપૌત્રાદિક્રમે ચિરકાળ ભોગવ."

ઇતિ સન્ધિવિગ્રહ નામે ત્રીજું તન્ત્ર સમાપ્ત.

ચોથું તન્ત્ર : લબ્ધનાશ


હવે આ લબ્ધનાશ નામે ચોથું તન્ત્ર આરંભાય છે, જેનો આ પહેલો શ્લોક છે:

મળેલી વસ્તુ જે છોડે મોહથી સાન્ત્વકારણે ।
છેતરાય સદા જેમ છળ્યો મગર વાનરે ॥ ૧ ॥

રાજપુત્રો કહે: 'એ કેમ ?' વિષ્ણુશર્મા બોલ્યા :

સમુદ્રકાંઠે જાંબુનું મોટું ઝાડ હતું, ત્યાં રક્તમુખ નામે વાનર રહેતો હતો. એક દિવસ કરાલમુખ નામે મગર સાગરમાંથી નીકળી એ ઝાડ નીચે બેઠો. એને અતિથિ જાણીને વાંદરાએ અમૃતતુલ્ય જાંબુ ખાવા આપ્યાં. આમ પરિચય થયો એટલે મગર નિત્ય ઊઠીને ત્યાં આવે, વાનર એને જાંબુ આપે ને બેય જણા જાંબુની છાયામાં બેસીને ગોઠડી કરે. ખાતાં વધેલાં જાંબુ મગર ઘેર લઈ જાય ને પત્નીને આપે. એક દિવસ પત્નીએ પૂછ્યું: 'નાથ, આવાં મધુર ફલ તું ક્યાંથી આણે છે?' મગર કહે: 'ભદ્રે, રક્તમુખ નામે વાનર મારો પરમ મિત્ર છે તે પ્રીતિપૂર્વક આ ફળ આપે છે.' તે બોલી: 'જે સદાય આવાં અમૃતફલ ખાય એનું કાળજું અમૃતમય હશે, એટલે તારે જો મારું કામ હોય તો વાનરનું હૃદય મને આણી દે.' મગર કહે: 'એ તો મારો ધર્મનો ભાઇ છે, વળી ફળદાતા છે. એને કેમ મરાય ? એટલે આ દુરાગ્રહ છોડી દે.' મગરી કહે: 'તેં મારું વચન કદાપિ ઉથાપ્યું નહોતું, એટલે આ વાનરી હશે. એના ઉપર તને અનુરાગ છે, એટલે આખો દિવસ તું એની આગળ રહે છે. ગમે તેમ પણ એનું હૃદય ખાવા ન મળે તો હું અનશનથી પ્રાણ તજીશ.'

હવે શું કરવું, વાનરને કેમ મારવો એનો વિચાર કરતો મગર વાનર પાસે ગયો. વાનરે પૂછ્યું: 'આજ કેમ મોડો આવ્યો? ને કેમ આનંદથી બોલતો નથી, તથા સુભાષિતપાઠ કરતો નથી?' મગર કહે: 'આજ તારી ભોજાઇએ મને કહ્યું કે તમે રોજ રોજ વાનર આગળ જાઓ છો તો આજ એને આપણે ઘેર તેડી આવજો. એટલે ચાલો આપણે ઘર.' વાનર કહે: 'તમારું ઘર તો પાણીમાં છે ત્યાં હું કેમ કરીને આવું?' મગર કહે, 'સમુદ્રની વચ્ચે બેટ છે ત્યાં અમારું ઘર છે. મારી પીઠે ચડીને તું આવ.' એટલે વાનર મકરારૂઢ થયો ને મગર ચાલી નીકળ્યો. અગાધ પાણી આવ્યું એટલે મગરે વિચાર કર્યો: 'હવે આ મારે વશ છે, એટલે મારો અભિપ્રાય



'ભાઇ, મેં તારું કે એનું શું બગાડયું છે જેથી મારો વધ કરવા ધાર્યું છે?'

એને જણાવું, જેથી ઇષ્ટદેવતાનું સ્મરણ કરે.' અને એ બોલ્યો:

'મિત્ર, પત્નીના કહેવાથી હું તને મારી નાખવા લઈ જાઉં છું, એટલે ઇષ્ટદેવને સંભારી લે.' વાનર કહે: 'ભાઇ, મેં તારું કે એનું શું બગાડ્યું છે જેથી મારો વધ કરવા ધાર્યું છે?' મગર કહે: 'અમૃતફળભક્ષણથી મીઠું બનેલું તારું કાળજું એને ખાવું છે.' પ્રત્યુત્પન્નમતિ વાનર કહે: 'ભદ્ર, એમ છે, તો મને ત્યાં જ કહેવું હતું ને, એટલે જાંબુની બખોલમાં મારું કાળજું સાંચવીને રાખું છું તે ભાભીને સારુ આણત. અને આ ઠીક કહ્યું છે:

> પહેલાં છોડતા કાર્ય ને પછી પ્રાર્થના કરે।
> તેને લોકો હસે સર્વે પલાંડુચોરને યથા ॥ ૨ ॥'

મગર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૧ (તન્ત્રાખ્યાયિકની)

"કોઇ એક નગરમાં ડુંગળીનો ચોર ઝલાઈ ગયો, એને બાંધીને રાજદ્વારે લઈ આવ્યા. ધર્માધિકારીએ એને કહ્યું: 'ભદ્ર, સો રૂપિયા દંડ દે, અથવા સો ચાબખા ખા, અથવા સો ડુંગળી ખા. બીજી રીતે તારી મુક્તિ નહિ થાય.' મૂઢમતિ ચોર કહે: 'ડુંગળી ખાઇશ.' એમ કહી સાતઆઠ ડુંગળી ખાધી ત્યાં નાક ને આંખમાં પાણી આવી ગયાં તથા ફીણથી મોં પૂરાઈ ગયું, એટલે કહે: 'ડુંગળી ખાવા હું સમર્થ નથી, રૂપિયા પણ અપાય એમ નથી, એટલે ચાબખા ખાઈશ.' હવે થોડાક ચાબુક માર્યા ત્યાં તે બોલ્યો: 'એ મારાથી નહિ સહન થાય, એટલે હું રૂપિયા આપીશ.' આમ એ ઉપહાસપાત્ર બન્યો તથા શરીરે પીડા ભોગવી. એટલે હું કહું છું: 'પહેલાં છોડતા કાર્ય' ઇતિ. ભાભી આગળ ઠાલે હાથે આવીને હું શું કરીશ?" મગર કહે:

'તો કાંઠે જઈને ઝટ કાળજું લઈ આવિએ.' એમ કરીને એ સમુદ્રકાંઠે પાછો આવ્યો, ને વાનર કૂદીને ઝાડની શાખાએ ચડી બેઠો. મગર કહેઃ 'ચાલો.' વાનર કહે, 'મૂર્ખા, શરીર બહાર હૃદય રહેતું હશે ખરું કે? હવે જા તારે ઘરે અને આ જાંબુવૃક્ષ નીચે ફરીને આવતો નહિ.'

મગર કહેઃ 'મિત્ર, હૃદયબુદયનું કાંઇ કામ નથી. એ તો હું તને હસતો હતો. એટલે ચાલ મારે ઘેર.' વાનર કહેઃ "દુષ્ટ, જા હવે. હું નહિ આવું. કારણ


ભૂખ્યા નરો શું ન કરે જ પાપ ।
ક્ષીણા નરોને કરુણા જ કેવી ।
પ્રિયદર્શનને ભદ્રે કહે ગાંગો ન આવશે ॥ ૩ ॥'

મગર કહેઃ 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૨

"એક કૂવામાં ગંગદત્ત નામે દેડકાનો રાજા હતો. તેને સગાઓએ દુઃખ દીધું, એટલે તે રેંટ ઉપર ચડીને કૂવા બહાર નીકળ્યો, ને સગાનું વેર કેમ કરીને વાળવું એનો વિચાર કરતો હતો ત્યાં તેણે દરમાં પેસતા પ્રિયદર્શન નામે કાળા નાગને જોયા. એને જોઈને દેડકાએ વિચાર કર્યો, કે 'આ કૃષ્ણ-સર્પને કૂવામાં તેડી જઈને બધા સગાનો ઉચ્છેદ કરું, ને કાંટેથી કાંટો કાઢું.' એમ કરી દરના નાકા આગળ જઈને એણે સર્પને કહ્યું: 'આવ, પ્રિયદર્શન. આવ.' એ સાંભળીને સર્પે વિચાર કર્યોઃ 'આ મને બોલાવે છે તે સ્વજાતીય નથી. સર્પની વાણી આવી ન હોય, ને બીજા કોઇ સાથે મારે સંબંધ નથી, એટલે અહિં બેઠાં બેઠાં જાણું કે આ કોણ છે. કદાચ

વાદી હોય તો હું બંધનમાં પડું.' પછી તે બોલ્યો: 'તમે કોણ?' દેડકો કહે: 'હું ગંગદત્ત નામે મંડૂકરાજ તારી આગળ મિત્રતા માટે આવ્યો છું.' સર્પ કહે: 'ખડ તથા અગ્નિને પ્રેમ બંધાય એ માનવા જેવી વાત નથી.' ગંગદત્ત બોલ્યો: 'સાચું, તું અમારો જન્મવેરી છે, પણ બીજાથી અપમાનિત થઈને હું તારી પાસે આવ્યો છું.' સર્પ કહે: 'કોણે તારું અપમાન કર્યું?' તે કહે: 'સગાઓએ.' સાપ બોલ્યો: 'તારો વાસ ક્યાં છે? વાવમાં, કૂવામાં, તળાવમાં કે ઘરમાં?' દેડકો કહે: 'પત્થરે બાંધેલા કૂવામાં.' સર્પ કહે: 'અમારે પગ ન મળે, એટલે મારાથી ત્યાં પેસાય નહિ, ને પેસું તો પણ એવું ઠેકાણું ત્યાં ન હોય, જ્યાં રહીને તારા સગાને મારું, એટલે જા.' ગંગદત્ત કહે: 'અરે, ચાલ ને. હું સુખેથી ત્યાં તારો પ્રવેશ કરાવીશ,



સર્પ કહે, 'ગંગદત્ત, એમ છે તો ચાલો જઈએ.'

તથા પાણીને પડખે રમ્ય બખોલ છે, ત્યાં રહીને તું મારા સગાને

મારજે.' સર્પ બુઢ્ઢો હતો, કોકવાર કેમે કરતાં એને એક ઊંદર મળતો, એટલે 'આ કુલાંગારે મને નિર્વાહનું સુખાવહ સાધન દેખાડ્યું છે, તો જાઉં ને દેડકા ખાઉં,' એમ વિચારીને બોલ્યો: 'ગંગદત્ત, એમ છે તો ચાલો જઇએ.' ગંગદત્ત કહે 'પ્રિયદર્શન, હું તને ત્યાં લઈ જઈશ ને રહેવાનું ઠેકાણું બતાવીશ, પણ તારે મારા પરિજનની રક્ષા કરવી; કેવળ જે હું બતાવું એને જ મારવા.' સર્પ કહે: 'ભલે', એટલે સર્પ ને દેડકો રેંટે થઈને કૂવામાં ગયા. દેડકાએ સગા બતાવ્યા એને સર્પ ખાઈ ગયો, પછી તે બોલ્યો: 'તારા શત્રુ મરી ખૂટ્યા; હવે બીજું ખાવાનું દે.' ગંગદત્ત કહે: 'તેં મિત્રકૃત્ય કર્યું, હવે રેંટે થઈને જા.' સર્પ કહે: 'એ તેં કાંઇ ઠીક ન કીધું. મારા ભોણમાં પણ બીજો નાગ રહી ગયો હશે, એટલે અહિં જ એકએક દેડકો મને દેતો જા; નકર બધાને ખાઈશ.' આથી વ્યાકુળ થઈ ગંગદત્તે વિચાર કર્યો, કે 'સર્પને આણ્યો તે મેં ભૂંડું કર્યું હવે ના પાડીશ તો બધાને ખાશે. એટલે એકએક દેડકો દેતો જાઉં.' આમ મળેલા દેડકા ને બીજા દેડકા પણ સર્પ ખાવા મંડ્યો, તેમાં ગંગદત્તનો દીકરો યમુનાદત્ત અને કાલક્રમે દેડકા સમસ્ત માર્યા ગયા, ને એકલો ગંગદત્ત રહ્યો. એની આગળ પ્રિયદર્શને ખાવાનું માગ્યું, એટલે બીજા કૂવામાંથી દેડકાં તેડી આવવાનું બહાનું કાઢીને ગંગદત્ત કૂવા બહાર નીકળી ગયો. સર્પ એની વાટ જોતો બેઠો, અને બહુ વારે પણ એ ન આવ્યો, એટલે એને તેડવા સર્પે એક ઘોને મોકલી. ઘોએ સર્પનો સંદેશો આપ્યો, એટલે ગંગદત્ત બોલ્યો:

'ભૂખ્યા નરો શું ન કરે જ પાપ ।
ક્ષીણા નરોને કરુણા જ કેવી ।
પ્રિયદર્શનને ભદ્રે કહે ગાંગો ન આવશે ॥'

એટલે હે દુષ્ટ જલચર, હું પણ ગંગદત્તની ઘોડે તારે ઘેર

કદાપિ નહિ આવું.”

આ સાંભળીને મગર કહે, ‘હે મિત્ર, એ તો ઠીક નહિ. મારે ઘેર આવીને મારી કૃતઘ્નતાનો દોષ તું દૂર કરે તો સારું; નહિ તો હું અનશન કરીને અહિં તારા ઊંબરા આગળ જ પ્રાણત્યાગ કરીશ.’ વાનર કહે, ‘મૂઢ, હું લંબકર્ણ જેવો મૂર્ખ નથી, તે ચેતવણી મળ્યા છતાં તારા ભેળો મરવા આવું.

આવિયો ને ગયો ભાગી જોઈ સિંહપરાક્રમ ।
અકર્ણહૃદયી મૂર્ખો જે જઈ પુનરાવિયો ॥ ૪ ॥

મગર કહે: ‘ભદ્ર, એ લંબકર્ણ કોણ તે મને કહે.’ વાનર બોલ્યો :

કથા ૩

‘એક વનમાં કરાલકેસર નામે સિંહ રહેતો હતો, એનો ધૂસરક નામે શિઆળ સદાનુયાયી પરિચારક હતો. એક વાર સિંહને ને હાથીને યુદ્ધ થયું તેમાં સિંહને પ્રહાર લાગ્યા, એટલે એક ડગલું પણ એનાથી ચલાતું નહોતું. અને સિંહથી ચલાય નહિ, એટલે ધૂસરક ભૂખ વેઠી વેઠીને દૂબળો થઈ ગયો. એક દિવસ એણે સિંહને કહ્યું: ‘સ્વામિન્, ભૂખની પીડાથી હું ઊભો થઈ શકતો નથી, ત્યાં તારી શુશ્રૂષા કેમ કરીને કરું?’ સિંહ કહે: ‘જા, ને કોઇ પશુને ગોત, તો મારી આવી અવસ્થા છતાં હું એને મારું.’

શિઆળ પાસેના ગામમાં ગયો, તો ત્યાં તળાવકાંઠે લંબકર્ણ નામે ગધેડો ચરતો હતો. તેને શિઆળ કહે: ‘મામા, નમસ્કાર. બહુ દીએ તારાં દર્શન થયાં. તું આવો દુર્બળ કેમ થઈ ગયો?’ તે બોલ્યો: ‘ભાણિયા, શી તને હું વાત કરું? ધોબી નિર્દયપણે મારા ઉપર અતિભાર ભરે છે

ને મૂઠીભર ઘાસ પણ દેતો નથી. કેવળ ધૂળમાં મળેલી ધ્રો ઉપર હું રહું છું. પછી શરીરમાં પુષ્ટિ કેવી?' શિઆળ કહે: 'તો મામા, આ વનરાજિમાં લીલાછમ ઘાસવાળો નદીસનાથ રમણીય પ્રદેશ છે, ત્યાં ચાલ ને મારી સાથે ગોઠડી કર.' લંબકર્ણ કહે: 'ભાણાભાઇ, તારી વાત સાચી. પણ અમે ગ્રામ્યપશુ રહ્યા, તમે વનચારી અમને મારી નાખો એટલે એ ભવ્ય પ્રદેશ કાંઇ કામનો નહિ.' શિઆળ કહે: 'મામા, એવું બોલ મા. મારા બાહુબળથી એ પ્રદેશ સુરક્ષિત છે; ત્યાં બીજા કોઇનો પ્રવેશ નથી. પણ ધોબીપીડિત ત્રણ અનાથ ગધેડી છે, એણે મને એના જોગ પતિ આણવા કહ્યું, એટલે તને તેડી જાઉં છું.' લંબકર્ણ કહે: 'તો ચાલો.'

એટલે ગધેડો શિઆળ ભેળો સિંહ આગળ આવ્યો. એને જોઈને સિંહ જેવો ઊઠવા જાય છે, ત્યાં ગધેડો ભાગવા મંડ્યો. એને સિંહ મારવા ગયો પણ અભાગિયાના વ્યવસાયની પેઠે એનો ઘા વ્યર્થ ગયો. શિઆળ કહે: 'આ તારો ઘા કેવો કે ગધેડો પણ તારી આગળથી બળ કરીને સટકી ગયો? તો પછી તું ગજયુદ્ધ કેમ કરીને કરીશ? જોયું તારું બળ.' સિંહ કહે: 'હું તૈયાર નહોતો એટલે શું થાય? નહિ તો હાથી પણ મારા હાથમાંથી ન છટકે.' શિઆળ કહે: 'હજી એકવાર એને તારી આગળ આણીશ, પણ તારે તૈયાર રહેવું.' સિંહ કહે: 'ઠીક.'

વળી શિઆળ ગધેડા આગળ ગયો. ગધેડો કહે: 'ભાણેજ, તું પણ મને ભારે શુભસ્થાને લઈ ગયો. મોટો અનર્થ થાય એમ હતું. કોણ જાણે કોઇ ગિરિશિખરાકાર જનાવર મારા ઉપર તૂટી પડ્યું હતું.' શિઆળ હસીને કહે: 'મામા, એ તો તને આવતો જોઈને અદ્ભુતશૃંગારવતી ગધેડી ભેટવા આવતી હતી, પણ તું કાયર થઇને નાઠો. એટલે એણે તને ઝાલવા

હાથ પ્રસાર્યો, એટલું જ. હવે ચાલ; નહિ તો તારા વિના એ મરશે ને તને સ્રીહત્યા લાગશે.'

ગધેડો પાછો શિઆળ ભેળો આવ્યો, ને આજુફેરે સિંહે એને મારી નાખ્યો. એને મારી એને સંભાળવા શિઆળને રાખીને સિંહ સ્નાન કરવા નદીએ ગયો, ત્યાં શિઆળ ગધેડાના કાન ને હૃદય ખાઈ ગયો. સિંહ ન્હાઈ, દેવસેવા ને પિતૃતર્પણ કરી આવે છે; તો ગધેડાને કાનહૃદય ન મળે, એટલે કોપાયમાન થઈને એણે શિઆળને કહ્યું: 'પાપિયા, આ કેવું અનુચિત કામ તેં કર્યું ? ને કાનહૃદય ખાઈને આને એઠો કર્યો ?' શિઆળ સવિનય કહે: 'સ્વામિન્, એવું બોલ મા. આ ગધેડો કાન ને હૃદય વિનાનો જ હતો, એટલે તો અહિં આવી ને તને જોઈને ફરી પાછો આવ્યો.' સિંહે આ વાત માની, અને શિઆળ સાથે સંવિભાગ કરીને ભોજન કર્યું. એટલે હું કહું છું: 'આવિયો ને ગયો' ઇત્યાદિ."

વાનરે વ્યાખ્યાન આગળ ચલાવ્યું, 'એટલે મૂર્ખા, તેં કપટ કર્યું, પણ યુધિષ્ઠિર જેવા સત્યવક્તા થઈને તેં તારું કામ બગાડ્યું. અથવા આ ઠીક કહેવાય છે:

છોડીને સ્વાર્થ જે દંભી સાચું બોલે સુમન્દધી ।
સ્વાર્થભ્રષ્ટ બને નક્કી જાણે બીજો યુધિષ્ઠિર ॥ ૫ ॥'

મગર કહે: 'એ કેમ ?' તે બોલ્યો:

કથા ૪

"કોઇ ઠેકાણે કૂંભાર રહેતો હતો, તે બહુ વેગથી દોડતાં દોડતાં અર્ધાં ભાંગેલા ઘડાની ધારાળી ઠીકરી ઉપર પડી ગયો, તેથી એને કપાળે ફૂટ થઈ, શરીર લોહીલોહાણુ થઈ ગયું, ને

માંડ માંડ ઊઠીને ઘર ભેગો થયો. પછી પણ સારવાર સારી ન થઈ એટલે ઘા વકર્યો ને બહુ દિવસે રૂઝાણો.

હવે એક વાર દેશમાં દુષ્કાળ પડ્યો એટલે કૂંભાર રાજસેવક જોડે દેશાન્તર જઈને કોઈ રાજાને ત્યાં નોકર રહ્યો. કૂંભારના લલાટમાં ઘાનું ચાઠું જોઈને રાજાએ વિચાર્યું: 'આ કોઈ વીરપુરુષ છે, અને સામે મોઢે લડતાં કપાળમાં વાગ્યું લાગે છે.' એટલે બધા રાજપુત્રોની વચ્ચે રાજા એને વિશેષ માન આપતો. તે રાજપુત્રો આ દેખી શકતા નહિ પણ રાજાના ભયથી કાંઇ બોલતા નહિ.

એક દિવસ વિગ્રહપ્રસંગ ઊભો થયો હતો, રાજા વીર-સંભાવના કરતો હતો, હાથીઘોડા ને યોદ્ધા સજ્જ બનતા હતા ત્યારે રાજાએ કૂંભારને પ્રસ્તાવાનુગત પ્રશ્ન કર્યો: 'હે રાજપુત્ર, તારું નામ શું? ને જાત કઈ? કઈ લડાઈમાં તારે લલાટે આ પ્રહાર લાગ્યો?' તે બોલ્યો: 'દેવ, આ શસ્ત્રનો ઘા નથી. હું તો કૂંભાર છું. મારે ઘેર બહુ ઠીબ હતી, એના ઉપર માજમ પીને ભાન ભૂલેલો હું એક વાર પડી ગયો, તેથી મારા કપાળમાં વાગી ગયું હતું એનો આ ઘોબો છે.' એ સાંભળીને રાજા કહે: 'અહો, આ રાજપુત્રાનુકારી કૂંભારથી હું છેતરાઈ ગયો. એટલે ઝટપટ આપો એને અર્ધચન્દ્ર.' કુંભાર કહે: 'એમ કર મા. રણક્ષેત્રમાં મારી હાથચાલાકી તો તું જો.' રાજા કહે: 'તું ભલે સર્વગુણસંપન્ન હો, તો પણ જા. અને કહ્યું છે:

પુત્ર તું છો ભલે શૂરો વિદ્યાવાન્ દર્શનીય યે।
જે કુલે જન્મ છે તારો હાથી ત્યાં ન હણાય છે ॥ ૬ ॥'

કૂંભાર કહે: 'એ કેમ?' રાજા કહે:

કથા ૫

"એક ઠેકાણે સિંહદંપતી વસતાં હતાં. સિંહણે બે દીકરા
ણ્યા. સિંહ રોજ પશુ મારીને સિંહણને આપતો. એકવાર
ને કાંઇ મળ્યું નહિ ને વનમાં ભમતાં સૂરજ આથમ્યો. ઘેર
તાં એને શિઆળનું બચ્ચું મળ્યું, તેને બાળક જાણી જીવતું જ
ંહણને સોંપ્યું. સિંહી કહે: 'કાન્ત, કાંઇ ભોજન ન આણ્યું?'
ંહ કહે: 'પ્રિયે, આ બચલા વિના આજ કાંઇ ન મળ્યું.
ને બાળક તથા સ્વજાતીય જાણીને મેં એને માર્યું નહિ.
રત તો તું એને જ ખાઈ લે. પ્રભાતે બીજું કાંઇક લઈ
ાવીશ.' તે બોલી: 'તેં બાળક જાણીને એને ન માર્યો, તો
કેમ એને પેટ સારુ થઈને મારું? એટલે મારે ત્રણ પુત્ર
એમ જાણીને હું એને ઊછેરીશ.'

ત્રણે બચ્ચાં એક બીજાનો જાતિવિશેષ જાણ્યા વિના સાથે
ાહારવિહાર કરે છે. એકવાર એ વનમાં ફરતાં હતાં ત્યાં
ાથી મળ્યો. એને જોઈને સિંહનાં બચ્ચાં કોપાયમાન થઈને
ાની આગળ ગયાં, તો શિઆળ કહે: 'અહો, આ તમારો
ળશત્રુ હાથી છે. એની આગળ જાઓ મા.' એમ કહીને એ
ર ભાગ્યો. અને મોટો ભાઈ ભાગ્યો જાણીને સિંહનાં બચ્ચાં
ણ નિરુત્સાહ થઈ ગયાં. ઘેર આવીને એણે માબાપ આગળ
સતાં હસતાં જ્યેષ્ઠ બાંધવ હાથીને દેખીને દૂરથી નાસી ગયાની
ાત કરી. એ સાંભળીને શિઆળ રાતી આંખ કરીને કઠોર
ચન બોલ્યો. એટલે સિંહણ એને એકાન્તમાં લઈ જઈને કહે:
બચ્ચા, એવું કદી ન બોલતો. એ તારા નાના ભાઇ થાય.'
ાઆળ ધખીને કહે: 'આના કરતાં હું શૌર્ય, રૂપ, વિદ્યાભ્યાસ
કુશળતા, કોઇ વાતે ઊતરતો છું, તે મને આમ હસે છે?
ાટલે હું આને મારી નાખીશ.' આ સાંભળી એનો જીવ

બચાવવા ઇચ્છતી સિંહણ કહે:

'પુત્ર તું છો ભલે શૂરો વિદ્યાવાન્ દર્શનીય યે।
જે કુલે જન્મ છે તારો હાથી ત્યાં ન હણાય છે॥

એટલે સાંભળ. વત્સ, તું શિઆળનું બચ્ચું છો ને મેં કૃપા કરીને મારા સ્તનના દૂધથી તને પોષ્યો છે. એટલે આ મારા પુત્ર બાળપણને કારણે તને શિઆળ જાણતા નથી ત્યાં ઝટ જા ને સ્વજાતીલામાં ભળી જા. નહિ તો આને હાથે તું માર્યો જાઈશ.' સિંહણનું વચન સાંભળી વ્યાકુળ થઈને શિઆળ ભાગી ગયો ને શિઆળમાં ભળી ગયો. એટલે તું પણ આ સુભટ તને કૂંભાર નથી જાણતા ત્યાં ભાગી જા. નકર આ તારી વિડંબના કરીને તને મારશે.' આ સાંભળીને કૂંભાર તરત નાસી ગયો. એટલે હું કહું છું: 'છોડીને સ્વાર્થ જે દંભી' ઇતિ."

મગરવાનર આમ વાતચીત કરતા હતા, ત્યાં કોઇ જલચરે આવીને નિવેદન કર્યું, કે 'હે મગર, તારી સ્ત્રી અનશનથી મરી ગઈ છે, અને તારા ઘરમાં બીજો મગર ઘરી ગયો છે.' મગર કહે: 'વાનરમિત્ર, આ તો મારે દૂખતા અંગ ઉપર ઠેશ વાગ્યા જેવું થયું. હવે મારે કરવું કેમ?' વાનર કહે: 'મૂર્ખ, તને હિતોપદેશ કરવામાં કાંઇ સાર નથી. ઉજ્જવલક રથકારે એના માનીતા ઊંટને ગળે ટોકરો બાંધ્યો હતો. એ ઘંટોષ્ટ્રને એવી ટેવ, કે જૂથથી છૂટો પડી જાય ને મોડો મોડો ઘેર આવે. એને બીજા ઊંટોએ બહુ સમજાવ્યો, પણ એણે માન્યું નહિ, ને સિંહને હાથે માર્યો ગયો.' મગર કહે: 'મેં ભલે કૃતઘ્નતા કરી, તો પણ મને સારી શીખામણ દે.' વાનર કહે: 'તો ભદ્ર, ત્યાં જઈને તું એની સાથે યુદ્ધ કર. અને કહ્યું છે:

મરતાં સ્વર્ગનો લાભ જીવતાં ઘર ને જશ ।
ઝૂઝવાથી તને આમ ગુણદ્વય જ ઉત્તમ ॥ ૭ ॥
શ્રેષ્ઠને વંદના સારી ભેદથી શૂર સાધવા ।
અલ્પદાન થકી નીચ સમશક્તિ પરાક્રમે ॥ ૮ ॥

મગર કહે, 'એ કેમ?' તે બોલ્યો :

કથા ૬

"એક વનમાં ચતુરક નામે એક શિઆળ હતો. તેને એક વાર પોતાની જાણે મરેલો હાથી મળી ગયો. હાથીની આસપાસ ચતુરક ફરે છે, પણ એની કઠણ ચામડી ચીરી શકતો નથી. ત્યાં કોઇ સિંહ આવી ચડ્યો. એની આગળ હાથ જોડીને શિઆળ કહે: 'સ્વામિન્, તારે સારુ હું આ હાથીની રક્ષા કરું છું, એટલે તું એને ખા.' સિંહ કહે: 'બીજાએ મારેલા જીવને હું ખાતો નથી. એટલે આ હાથીનો પ્રસાદ મેં તને આપ્યો.'

સિંહ ગયા પછી કોઇ વાઘ આવ્યો, એની સામે જઈને ચતુરક કહે: 'મામા, તું અહિં મૃત્યુના મુખમાં ક્યાંથી આવી ચડ્યો? જેણે આ હાથીને માર્યો તે સિંહ એનું રક્ષણ કરવા મને અહિં મૂકી નદીએ ન્હાવા ગયો છે, ને કહેતો ગયો છે, કે 'કોઇ વાઘ આવે તો મને છાનો છાનો આવીને વાત કરજે, એટલે હું એને મારી નાખું.' એક વાઘ પહેલાં મારા મારેલા હાથીને એઠો કરી ગયો હતો તે દીથી વાઘમાત્ર ઉપર મને દાઝ છે.' આથી ત્રાસીને વાઘ કહે: 'ભાણેજ, મને પ્રાણદક્ષિણા દે, અને મારી વાત સિંહને કરીશ મા.' એમ કહીને એણે પલાયન કર્યું.

વાઘ ગયા પછી કોઇ ચિત્તો આવ્યો. એને જોઈને શિઆળે વિચાર્યું: 'આની દાઢમાં બહુ બળ છે, એટલે આની પાસે

હાથીની ચામડી ચીરાવી લઉં.' આમ કરીને એ બોલ્યો : 'ભાણેજ, બહુ દિવસે તું દેખાયો. તું ભૂખ્યો લાગે છે અને જમવાટાણે આવ્યો છે, એટલે તું મારો અતિથિ છે. આ હાથી સિંહનો મારેલો છે, અને એણે મને રખવાળ દાખલ યોજ્યો છે. પણ એ આવ્યો નથી ત્યાં તું ધરાઈને ગજમાંસ ખાઈ લે ને ઝટ જા.' ચિત્તો કહેઃ 'મારો જીવ એમ જોખમમાં નથી નાખવો.' શિઆળ કહેઃ 'આમ અધીરાઈ કેમ કરે છે? નીરાંતે ખા, અને સિંહ આવશે તો હું દૂરથી જ જાણ કરીશ.' દીપડાએ ચામડી ચીરી લીધી એમ જાણીને શિઆળ બોલ્યોઃ 'ભાણેજ, ભાણેજ, એ સિંહ આવે.' આ સાંભળીને ચિત્તો નાઠો.

ચિત્તાએ કરેલા ચીરા આગળથી શિઆળ માંસ ખાય છે, ત્યાં બીજો શિઆળ આવ્યો. એને તુલ્યપરાક્રમ જાણીને ચતુરક આ શ્લોક બોલ્યોઃ

શ્રેષ્ઠને વંદના સારી ભેદથી શૂર સાધવા ।
અલ્પદાનથકી નીચ સમશક્તિ પરાક્રમે ॥

બીજા શિઆળ ઉપર તૂટી પડ્યો, ને એને મારીને ચિરકાળ હાથીનું માંસ સુખેથી ખાધું.

એટલે તું પણ સ્વજાતીય શત્રુનો યુદ્ધમાં પરાભવ કર; નહિ તો એને હાથે તારો વિનાશ છે.'

આ સાંભળીને મગર ગયો, પોતાના ઘરમાં પેઠેલા મગર હારે વિગ્રહ કરીને એને માર્યો, ને પોતાનું ઘર પાછું હાથ કર્યું.

ઇતિ લબ્ધનાશ નામે ચોથું તન્ત્ર સમાપ્ત.

પાંચમું તન્ત્ર : અસંપ્રેક્ષ્યકારિતા

હવે આ અપરીક્ષિતકારિતા નામે પાંચમું તન્ત્ર આરંભાય છે, જેનો આ પહેલો શ્લોક છે:

કુદૃષ્ટ કુપરિજ્ઞાત કુશ્રુત કુપરીક્ષિત।
ન કરો કામ તે ભાઇ નાપિતે અહિં જે કર્યું ॥૧॥

તે આમ સંભળાય છે: પાટલિપુત્ર નગરમાં મણિભદ્ર નામે શેઠ રહેતો હતો. દૈવવશાત્ તે નિર્ધન તથા અપમાન-પરંપરાનું પાત્ર બન્યો, એટલે એક દિવસ રાતે વિચાર કર્યો: 'આ દરિદ્રતાને ધિક્કાર છે, એટલે હું અનશન કરીને મરું.' આમ નિશ્ચય કરીને સૂતો, ત્યાં નિશાવસાને સ્વપ્નમાં પદ્મનિધિએ ભિક્ષુરૂપે દર્શન દીધાં ને કહ્યું, 'હે શેઠ, હું તારા પૂર્વપુરુષોએ ભરેલો ભંડાર છું, એટલે આ જ રૂપે સવારે તારે ઘેર આવીશ, અને મને માથામાં લાકડી મારજે, જેથી હું સોનાનો બનીશ.'

સવારે જાગી સ્વપ્ન સંભારીને ચિન્તાચાકડે ચડેલો મણિભદ્ર વિચાર કરે છેઃ 'અહો, આ સ્વપ્ન સાચું હશે કે ખોટું કોણ જાણે. અથવા હું કેવળ ધનની ચિન્તા કરું છું, એટલે ખોટું જ હશે.' એવામાં વાળંદ ઘેર આવ્યો, અને સ્વપ્નસૂચિત ભિક્ષુ પણ એકાએક પ્રકટ થયો. એને મણિભદ્રે માથામાં ડાંગ મારી એટલે એ સોનાનો થઈને ભોંય ઉપર પડ્યો. શેઠે વાળંદને ઘરમાં તેડી જઈને કહ્યું: 'લે આ ધન અને વસ્ત્ર, પણ ભદ્ર, આ વૃત્તાન્ત તારે કોઇને કહેવો નહિ.'

વાળંદે ઘેર જઈને વિચાર કર્યો: 'ધનપ્રાપ્તિનો આ ઠીક ઉપાય છે. આ બધા બાવાને માથે દંડો માર્યો એટલે એ

સોનાના થાય છે. એટલે હું પણ સવારે બહુ બાવાને બોલાવી માથે લાકડી ફટકારું, એટલે મારે પુષ્કળ સોનું થાય.'

સવારે ઊઠીને વાળંદે ખેરનો મોટો દંડો સજજ કર્યો અને બાવાને અખાડે જઈને જમવાનું નોતરું દઈ આવ્યો. બપોરે જેવા બાવા જમવા આવ્યા એવી માથે વાળંદે લાકડીઓ મારી. એમાંથી કેટલાક મરી ગયા, ને કેટલાકનું માથું ફૂટયું એટલે રાડે રાડ કરી મૂકી. એ સાંભળીને ગામનો કોટવાલ કહે: 'અરે, નગરમાં આ મોટો કોલાહલ શેનો થાય છે? એટલે જાઓ ને જુઓ.' કોટવાળનાં માણસ આવીને જુએ છે તો લોહીલોહાણ થએલા બાવાઓ પલાયન કરતા હતા. એને પૂછયું એટલે એણે વાળંદની યથાસ્થિત વાત કરી. રખવાળો વાળંદ તથા બચેલા બાવાઓને ધર્માધિકારી આગળ લઈ ગયા. આણે વાળંદને પૂછ્યું: 'અરે, આ કાળું કામ તેં કેમ કર્યું?' વાળંદ કહે: 'શું કરું? મણિભદ્રશેઠને ઘેર મેં આવો બનાવ જોયો.' એમ કરીને એણે મણિભદ્રની વાત કરી. શેઠને બોલાવીને ધર્માધિકારી કહે: 'હે શેઠ, તેં કોઇ ભિક્ષુને માર્યો છે?' શેઠે ભિક્ષુની બધી વાત કરી. એટલે ધર્માધિકારી કહે, 'અહો, આ દુષ્ટ કુપરીક્ષિતકારી અવિચારી વાળંદને શૂળીએ ચડાવો.

કુદૃષ્ટ કુપરિજ્ઞાત કુશ્રુત કુપરીક્ષિત।
ન કરો કામ તે ભાઇ નાપિતે અહિં જે કર્યું॥

અથવા આ ઠીક કહેવાય છે:

અર્થતત્ત્વ ન જાણે ને ક્રોધને વશ થાય જે।
મિત્રથી ભ્રષ્ટ તે થાતો બ્રાહ્મણી નોળિયા થકી॥૨॥'

મણિભદ્ર કહે: 'એ કેમ?' ધર્માધિકારી કહે;

કથા ૧

એક ઠેકાણે દેવશર્મા નામે બ્રાહ્મણ રહેતો હતો. એની પત્નીને પુત્ર અવતર્યો તે જ દિને નકુલીએ નોળિયાને જન્મ આપ્યો, એને પણ બ્રાહ્મણીએ પાળી પોષીને મોટો કર્યો. પણ



પછી લોહીયાળે મોઢે જાણે વધામણી ખાવા માની સામો ગયો. એને જોઈને માને થયું કે આ દુરાત્માએ મારા દીકરાને માર્યો.

સ્વજાતિદોષને લીધે કદાચ પોતાના છોકરા વિરુદ્ધ આચરણ કરે એવા ડરથી એ તેનો વિશ્વાસ ન કરતી. એકવાર દીકરાને શય્યામાં સુવરાવી બેડું લઈને એણે પતિને કહ્યું: 'ઉપાધ્યાય, હું પાણી ભરવા જાઉં છું. તમે છોકરાને નોળિયાથી સાંચવજો.' બ્રાહ્મણી ગયા પછી બ્રાહ્મણ પણ ઘર રેઢું મૂકીને ભિક્ષાઅર્થે નીકળી ગયો.

એવામાં કાળો નાગ દરમાંથી નીકળ્યો. નોળિયાએ એને જન્મવેરી જાણી ભાઈને બચાવવા એની હારે યુદ્ધ કરીને મારી નાખ્યો. પછી લોહીયાળે મોઢે જાણે વધામણી ખાવા માની સામો ગયો. એને જોઈને માને થયું કે આ દુરાત્માએ મારા દીકરાને માર્યો, અને કોપાયમાન થઈને એના ઉપર પાણીનો કુમ્ભ નાખ્યો. આમ નોળિયાને મારી વિલાપ કરતી એ ઘેર આવી તો છોકરો અવ્યંગ સૂતો હતો, ને પડખે કાળો સર્પ કટકે કટકા થઈને પડ્યો હતો. તે જોઈને પુત્રવધશોકથી બ્રાહ્મણી માથું કૂટવા મંડી.

એવામાં બ્રાહ્મણ ભિક્ષા લઈને આવ્યો એને બ્રાહ્મણી કહે: 'અરેરે, તમને ભિક્ષાનો લોભ લાગ્યો ને તમે મારું કહ્યું કર્યું નહિ, એનું આ કડવું ફળ આવ્યું. અથવા આ ઠીક કહ્યું છે:

અતિલોભ ન કર્તવ્ય લોભ તેમ ન છોડવો ।
અતિલોભાભિભૂતોને ભમે છે ચક્ર મસ્તકે ॥ ૩ ॥'

બ્રાહ્મણ કહે: 'એ કેમ?' બ્રાહ્મણી કહે:

કથા ૨

"એક ઠેકાણે ચાર બ્રાહ્મણપુત્ર મિત્રો રહેતા હતા. એણે વિચાર કર્યો: 'ધિક્ આ દરિદ્રતાને. વાઘસનાથ વનમાં વલ્કલ પહેરી ઘાસપથારીએ સૂઈ રહેવું સારું, પણ સગાં વચ્ચે ધનહીન

થઈને રહેવું સારું નહિ. એટલે ધન સારુ આપણે ક્યાંક ચાલો.' એમ કરીને એ તો નીકળી પડ્યા.

એમ કરતાં કરતાં એ અવન્તી આવ્યા, ક્ષિપ્રામાં ન્હાયા, અને મહાકાલને પગે લાગીને બહાર નીકળ્યા ત્યાં ભૈરવાનન્દ નામે યોગી સામો મળ્યો એને મઠે ગયા. ભૈરવાનન્દે એને ચાર દીવી આપી, ને કહ્યું: 'હિમાલયની દિશાએ જાઓ; ત્યાં ગયા પછી જ્યાં દીવી પડે ત્યાં ખોદવાથી તમને અચૂક ધનભંડાર મળશે.'

આમ કરતાં એક જણના હાથમાંથી દીવી પડી, ત્યાં ખોદ્યું તો તાંબું નીકળ્યું એટલે તે બોલ્યો: 'અહો, સ્વેચ્છાએ તાંબું લ્યો.' બીજા કહે, 'અરે મૂઢ, તાંબાને શું કરે? એનાથી દાળદર ન ફીટે; એટલે ઊઠ, આગળ જાઇએ.' તે બોલ્યો: 'આપ જાઓ, મારે આગળ નથી આવવું.' એમ કહી જોઇએ એટલું તાંબું લઈને પહેલો પાછો વળ્યો.

ત્રણ જણ આગળ ચાલ્યા. થોડેક ગયા ત્યાં અગ્રેસરની દીવી પડી, ત્યાં ખોદ્યું તો રૂપું નીકળ્યું. એટલે તે હર્ષથી બોલ્યો: 'અરે, ઇચ્છાનુસાર રૂપું ઊપાડો. આગળ ન જવું.' બીજા બે બોલ્યા: 'પાછળ તાંબું હતું, આગળ રૂપું આવ્યું; એટલે હવે પછી પૃથ્વી સુવર્ણમયી હશે. રૂપું બહુ હોય તો ય એનાથી દાળદર ન ફીટે, એટલે અમે બે આગળ જાશું.' એમ કહીને બે ય આગળ ચાલ્યા, અને બીજો યથાશક્તિ રૂપું લઇને પાછો વળ્યો.

બે જણ ચાલ્યા ત્યાં એકની પાછી દીવી પડી, અને એણે હરખીને ખોદ્યું તો સુવર્ણભૂમિ જોઈ અને બીજાને કહ્યું: 'સ્વેચ્છાએ સોનું લ્યો. સોનાથી ઉત્તમ બીજું કાંઇ નહિ હોય.' ચોથો કહે: 'તું કાંઇ જાણતો નથી. પહેલાં તાંબું, પછી રૂપું, પછી સોનું આવ્યું એટલે એનાથી આગળ રત્ન હશે, જે એક મળે તો ય

બેડો પાર થઈ જાય. એટલે ઊઠ, આપણે આગળ ચાલો. ભારભૂત સોનું બહુ હોય તો ય શું?' તે બોલ્યો: 'તું જા. હું અહિં તારી વાટ જોઉં છું.'

ચોથો જણ આમ તેમ ભમે છે, ત્યાં તેણે લોહીલોહાણ શરીરવાળા ને માથે ભમતા ચક્રવાળા એક પુરુષને જોયો, ને એને કહ્યું: 'તમે કોણ છો? તમારે માથે આ ચક્ર કેમ ભમે છે? અહિં ક્યાંય પાણી છે કે?' આમ બોલે છે ત્યાં એ ચક્ર ઓલાના માથા ઉપરથી ઊતરીને બ્રાહ્મણને માથે ચડ્યું, એટલે તે બોલ્યો: 'ભદ્ર, આ શું?' ઓલો કહે: 'મારે માથે પણ એમ જ ચડ્યું હતું.' બ્રાહ્મણ કહે: 'મને બહુ વેદના થાય છે. આ હવે કેદી ઊતરે?' તે કહે: 'વળી કોઈ સાધક દીવી લઈને તારી જોડે વાત કરશે, ત્યારે ચક્ર એને માથે ચડશે.' બ્રાહ્મણ કહે: 'તને અહિં કેટલો સમય થયો?' તેણે કહ્યું: 'હમણાં ધરણી ઉપર કયો રાજા છે?' બ્રાહ્મણ કહે: 'વીણાવત્સરાજ'' તે બોલ્યો: 'કાળસંખ્યા હું ન જાણું, પણ રામ રાજા હતા ત્યારે હું અહિં દીવી લઈને આવ્યો હતો.' બ્રાહ્મણે પૂછ્યું: 'તમે ભોજનજલનું કેમ કરતા?' તે કહે: ચક્રધારી ભૂખતરષ-નિદ્રા વિના કેવળ વેદના જ ભોગવે છે, એટલે હવે આજ્ઞા હોય તો ઘેર જાઉં.' એમ કરીને એ ગયો.

ચોથાને આવતાં વિલંબ થયો, એટલે સુવર્ણસિદ્ધિ એને ગોતતો એનાં પગલાંની પંક્તિએ ચાલતો ચાલતો ગયો, તો એને માથે ચક્ર ભમતું જોયું ને પૂછ્યું: 'ભદ્ર, આ શું?' તે કહે: 'કરમ.' એમ કરીને એણે બધો વૃત્તાન્ત કહ્યો, એ સાંભળીને સુવર્ણસિદ્ધિ કહે: 'મેં તને બહુ વાર્યો, પણ મારું તેં સાંભળ્યું નહિ. હવે શું બને? તું વિદ્વાન્ ને કુલીન પણ બુદ્ધિરહિત છો અથવા આ ઠીક કહ્યું છે:

બુદ્ધિ સારી નહિ વિદ્યા વિદ્યાથી બુદ્ધિ ઉત્તમ ।
બુદ્ધિહીન મરે છે જો જેમ તે સિંહકારક ॥ ૪ ॥'

ચક્રધર કહે: 'એ કેમ ?' સુવર્ણસિદ્ધિ બોલ્યો:

કથા ૩

"એક ઠેકાણે ચાર બ્રાહ્મણપુત્ર મિત્રો રહેતા હતા. તેમાં ત્રણ શાસ્ત્રપારંગત પરંતુ બુદ્ધિરહિત હતા, અને એક બુદ્ધિમાન્ પણ શાસ્ત્રવિમુખ હતો. તે મિત્રોએ મન્ત્રણા કરી: 'દેશાન્તર જઈ રાજાને પ્રસન્ન કરી ધનપ્રાપ્તિ ન કરિએ તો વિદ્યામાં શું સાર ? એટલે ચાલો પૂર્વદેશ.'

એમ કરીને થોડેક ગયા ત્યાં એક કહે: 'અહો, આપણામાં એક ચોથો મૂઢ છે, કેવળ બુદ્ધિમાન જ છે. પણ રાજાની કૃપા વિદ્યા વિના બુદ્ધિથી નથી મળતી, એટલે હું આને મારી કમાણી આપીશ નહિ; ભલે એ ઘેર જાય.' બીજો કહે: 'અહો, આપણે નાનાથી ભેળા રમ્યા છિએ. એટલે એમ કરવું ઠીક નહિ. એ ભલે આવે, ને આપણી કમાણીનો સમભાગી થાય.'

આમ ચાલ્યા જાય છે ત્યાં વનમાં મરેલા સિંહનાં હાડકાં જોવામાં આવ્યાં. એટલે એક કહે: 'આજ વિદ્યાની કસોટી કરિએ. આ કાંઈક પ્રાણી મરેલું છે, એને વિદ્યાપ્રભાવથી જીવતું કરિએ. હું હાડકાં ગોઠવું છું.' એમ કરીને એણે હાડકાંનો સંચય કર્યો. બીજાએ ચામડું, માંસ, લોહી જોડ્યાં; અને ત્રીજો જીવ મૂકવા જાય છે ત્યાં સુબુદ્ધિ કહે: 'થોડીક વાર ખમ. આ સિંહ નીપજે છે. એને જીવતો કરીશ તો બધાયને મારશે.' એ સાંભળીને પેલો કહે: 'ધિક્, મૂર્ખ, મારી વિદ્યાને હું અફળ નહિ કરું.' એટલે સુબુદ્ધિ કહે: 'તો હું ઝાડ ઉપર ચડી જાઉં એટલી વાર ખમ.' એમ એ ઝાડે ચડ્યા પછી ઓલાએ

સિંહને સજીવન કર્યો તેણે ત્રણેયને મારી નાખ્યા; અને સુબુદ્ધિ ઝાડથી ઊતરી ઘેર ગયો. એટલે હું કહું છું: 'બુદ્ધિ સારી નહિ વિદ્યા' ઇતિ."

વળી સુવર્ણસિદ્ધિ કહે: 'અને કહ્યું છે:

વિદ્યાનિષ્ણાત જ છતાં લોકાચારવિવર્જિત ।
હાસ્યપાત્ર બને તે તો જેમ આ મૂર્ખ પંડિતો ॥ ૫ ॥'

ચક્રધર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૪

એક ઠેકાણે ચાર બ્રાહ્મણ મિત્રો વસતા હતા. નાનપણમાં એને વિચાર આવ્યો, કે 'પરદેશ જઈને વિદ્યાપ્રાપ્તિ કરિએ.' એમ કરીને એ કાન્યકુબ્જ ગયા, ત્યાં બાર વર્ષ એકચિત્તે ભણીને વિદ્યાકુશળ થઈ ગયા. એટલે ઉપાધ્યાયની આજ્ઞા લઈ પુસ્તકો ઊપાડીને એ સ્વદેશ આવવા નીકળ્યા.

થોડેક ગયા ત્યાં બે મારગ આવ્યા. એક કહે: 'કયે માર્ગે ચાલશું?' આ વેળાએ તે નગરમાં કોઇ વણિક્પુત્ર મરી ગયો હતો, એને દેન દેવા મોટો સમુદાય નીકળી પડ્યો હતો. એટલે ચારમાંથી એકે ચોપડીમાં જોયું:

'મહાજન ગયું જ્યાં તે માર્ગે જાઓ તમે પણ । ૬ ।

ને કહ્યું: 'એટલે આપણે મહાજનને માર્ગે ચાલો.'

એમ કરીને એ મહાજનના ટોળા ભેળા જાય છે, ત્યાં શ્મશાનમાં ગધેડાને જોયો. એટલે બીજાએ પુસ્તક ઊઘાડીને જોયું:

'ઉત્સવે વ્યસને તેમ દુર્ભિક્ષે શત્રુસંકટે ।
રાજદ્વારે શ્મશાને યે જે ઊભે તે જ બાંધવ ॥ ૭ ॥

એટલે અહો, આ તો આપણો બાંધવ છે.' ત્યાં તો કોઇ

ગધેડાને ગળે વળગે છે, કોઇ એના પગ ધુએ છે.

હવે તે પંડિતો દિશાઓનું અવલોકન કરે છે તો કોઇ ઊંટને દીઠો ને કહ્યું: 'આ શું?' એટલે ત્રીજાએ પુસ્તક ઊઘાડીને કહ્યું:

'ધર્મની ત્વરિતા ગતિ । ૮ ।

તો તો આ ધર્મ છે.' ચોથો કહે:

'ઇષ્ટ ને ધર્મ જોડવાં । ૯ ।'

એટલે એણે ગધેડાને ઊંટને ગળે બાંધ્યો. કોકે જઇને ધોબીને વાત કરી. ધોબી જેવો મૂર્ખ પંડિતને પ્રહાર કરવા આવ્યો તેવા તે નાઠા. થોડેક ગયા ત્યાં નદી આવી. એના પાણીમાં પલાશપત્ર આવતું જોઈને એક પંડિત કહે:

'આવશે પત્ર જે તે તો તારશે તમને સદા । ૧૦ ।'

આમ કહીને એ પાન ઉપર પડયો ને તણાવા મંડયો તે જોઈને બીજા પંડિતે એના કેશ ઝાલી કહ્યું:

'સર્વનાશ થવા બેઠે અર્ધું છોડે જ પંડિત ।
અર્ધાથી કામ ચલવે સર્વનાશ હિ દુ:સહ ॥ ૧૧ ॥'

એમ કરીને એણે એનું માથું કાપી લીધું.

પાછા ચાલતાં હવે તેઓ એક ગામમાં આવ્યા, ત્યાં ગ્રામીણે એને નોતર્યા તથા નોખે નોખે ઘેર લઈ ગયા. એકને ઘીખાંડવાળી સૂત્રિકા* ખાવા આપી, એટલે વિચાર કરીને પંડિત કહે:

'દીર્ઘસૂત્રીતણો મરે । ૧૨ ।'

એમ કરીને ભોજન છોડીને એ ગયો. બીજાને મોટા ખાખરા દીધા; તેણે પણ કહ્યું:

'અતિવિસ્તારવિસ્તીર્ણ ન તે થાય ચિરાયુષી । ૧૩ ।'

* સેવ

એ પણ ભોજન તજીને ગયો. ત્રીજાને વડાં દીધાં; તે પંડિત પણ કહે:

'છિદ્રે અનર્થો બહુલા બને છે ।૧૪।'

આમ ત્રણે પંડિત ભૂખે મરતા, ને લોકોનું ઉપહાસપાત્ર બનતા ત્યાંથી સ્વદેશ ગયા.

હવે સુવર્ણસિદ્ધિ કહે: 'તું લોકવ્યવહાર જાણતો નહિ છતાં મેં વાર્યો તોય રહ્યો નહિ અને તારી આવી અવસ્થા થઈ, એટલે હું કહું છું: 'વિદ્યાનિષ્ણાત જ છતાં' ઇતિ."

તે સાંભળીને ચક્રધર કહે: 'મારી દુર્દશાનું એ કારણ નથી. ભલભલા બુદ્ધિશાળી પણ દુષ્ટ દૈવને હાથે માર્યા જાય છે અને અલ્પબુદ્ધિ મોજ કરે છે. તથા કહ્યું છે:


શતબુદ્ધિ રહ્યો ખાંધે ટીંગાઓ આ સહસ્રધી ।
એકબુદ્ધિ જ હું ભદ્રે ખેલું છું વિમળે જળે ॥૧૫॥'

સુવર્ણસિદ્ધિ કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૫

એક જલાશયમાં શતબુદ્ધિ ને સહસ્રબુદ્ધિ બે માછલાં રહેતાં હતાં. એનો એકબુદ્ધિ નામે દેડકો મિત્ર હતો. ત્રણે ભાઇબંધ જલતીરે ગોઠડી કરી પાછા પાણીમાં પ્રવેશ કરે. આમ એક વાર વાતો કરે છે, ત્યાં હાથમાં જાળ લઈને માછી ત્યાંથી નીકળ્યા, અને જલાશય જોઈને બોલ્યા: 'અહો, આ ધરામાં માછલાં બહુ છે ને પાણી થોડું છે, એટલે પ્રભાતમાં અહિં આવશું.' એમ કહીને એ ઘેર ગયા. આ સાંભળીને ઉદાસ થયેલાં માછલાં મંત્રણા કરવા મંડ્યાં. દેડકો કહે: 'શતબુદ્ધિ માછી બોલ્યો તે તમે સાંભળ્યું? હવે શું કરવું? ભાગવું કે રહેવું?' સહસ્રબુદ્ધિ હસીને કહે: 'મિત્ર, વચન સાંભળતાં

વેંત જ ભયભીત બનવું એ ઠીક નહિ. કોણ જાણે માછી આવે કે ન યે આવે. ને આવ્યા તો પણ મારા બુદ્ધિપ્રભાવથી હું તારી ને મારી રક્ષા કરીશ, કારણ મને ચાલ ઘણી આવડે છે.' શતબુદ્ધિએ ટાપશી પૂરીઃ 'તમે ઠીક કહો છો. બુદ્ધિથી અગમ્ય કાંઇ નથી. નન્દ અસિધારી હતા, પણ ચાણક્યે બુદ્ધિ-બળથી એને હણ્યા હતા. વાયુ કે રવિ જ્યાં ન પહોંચે ત્યાં પણ બુદ્ધિ પહોંચી જાય છે. કોઇ કાંઇક બોલી ગયું એટલે બાપદાદાથી આવેલું જન્મસ્થાન છોડવું તે અશક્ય છે. બીજે જવાનું કાંઇ કારણ નથી.' દેડકો કહેઃ 'ભાઇઓ, મારે તો એક જ બુદ્ધિ છે, ને તે પલાયનપરાયણ છે. હું તો આજે જ પત્ની સંઘાતે બીજે જલાશયે આ હાલ્યો.' એમ કહીને દેડકો



એની દશા જોઈને વાવને કાંઠે આવેલા દેડકાએ પત્નીને કહ્યું, 'પ્રિયે, જો, જો.'

રાતે જ ભાગી ગયો.

સવારે માછી આવ્યા, અને શતબુદ્ધિસહસ્રબુદ્ધિએ બચવા સારુ કંઈક યુક્તિપ્રયુક્તિ કરી જોઈ, તો પણ જાળમાં પકડાઈને માર્યા ગયા. રોંઢે હરખેલા માછી ઘેર જવા નીકળ્યા. એનું શરીર ભારે હતું, એટલે એક જણે શતબુદ્ધિને ખાંધે નાખ્યો હતો અને સહસ્રબુદ્ધિને લટકતો લઈ જતા હતા. એની આ દશા જોઈને વાવને કાંઠે આવેલા દેડકાએ પત્નીને કહ્યું: 'પ્રિયે, જો, જો.

શતબુદ્ધિ રહ્યો ખાંધે, ટીંગાડ્યો આ સહસ્રધી।
એકબુદ્ધિ જ હું ભદ્રે ખેલું છું વિમળે જળે ॥

એટલે હું કહું છું, 'શતબુદ્ધિ' ઇતિ. બુદ્ધિ પણ સદાકાળ કામ જ આવે એમ નથી.'

સુવર્ણસિદ્ધિ કહે: 'એમ હોય તો પણ મિત્રનું વચન ન ઉથાપવું ઘટે. પણ થાય શું? મેં વાર્યો પણ અતિલોભ તથા અહંકારને લીધે તું રહ્યો નહિ. અથવા આ ઠીક કહ્યું છે:

'સારું માતુલ તેં ગાયું વાર્યો પણ રહ્યો નહિ।
અપૂર્વમણિ આ બાંધ્યો પામ્યો ગીતસુલક્ષણ ॥ ૬ ॥'

ચક્રધર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૬

"એક ઠેકાણે ઉદ્ધત નામે ગધેડો વસતો હતો. તે ધોબીને ઘેર ભારવહન કરી રાતે સ્વેચ્છાએ પર્યટન કરતો અને સવારે પકડાઈ જાય એવી બીકે ઘેર આવતો. તે આમ રાતે ખેતરમાં ફરતો હશે ત્યાં એને એક શિઆળની મૈત્રી થઈ, એટલે વાડ તોડી શિઆળ સહિત કાકડીના ખેતરમાં જાય, ત્યાં પેટ ભરીને ચીભડાં ઊડાવી સવારે સ્વસ્થાને આવે.

એક વાર મદોદ્ધત ગધેડાએ ખેતર વચ્ચે શિઆળને કહ્યું: 'ભાણેજ, જો, જો. કેવી નિર્મળ રજની છે! એટલે હું ગીત ગાઇશ. કહે કયો રાગ લલકારું?' તે બોલ્યો: 'રાસભમામા, આ અનર્થ વળી તમને ક્યાંથી સૂઝ્યો? આપણે ચોર રહ્યા, ને ચોરજારે છાના રહેવું જોઇએ. અને કહ્યું છે:

કાસીયુક્ત તજે ચોરી નિદ્રાલુ પણ તે તજે।
જિહ્વાલૌલ્ય રુજાક્રાન્ત જો ઇચ્છા હોય જીવવા ॥ ૧૭ ॥

બીજું, તારો સ્વર મધુર નથી, શંખનાદ જેવો દૂરથી પણ સંભળાય. તે સાંભળીને ખેતરના સૂતેલા રખોલિયા ઊઠે ને આપણને બાંધે કે મારી નાખે. એટલે અમૃતમય કોઠીંબડાં ખા ને ગીત ગાવાં રહેવા દે.'

ગધેડો કહે: 'તું ગમે તેમ તોય વનવાસી રહ્યો, એટલે ગીતરસનો અજાણ છે, અને આમ બોલે છે. અને કહ્યું છે:

શરત્પૂનમની રાતે હોય સ્વજન સંનિધે।
વહે ધન્યતણે કાને ગીતઝંકારની સુધા ॥ ૧૮ ॥'

શિઆળ કહે: 'મામા, સાચું, પણ તને ગાતાં નહિ પણ આરડતાં જ આવડે છે. એટલે આપણે પગે તારા ગીતનો કુહાડો મારવો રહેવા દે.' ગધેડો કહે: 'ધિક્ મૂર્ખ, હું ગીત નથી જાણતો એમ કે? એનો ભેદ તને સંભળાવું. ૭ સ્વર, ૩ ગ્રામ, ૨૧ મૂર્છના, ૪૯ તાલ, ૩ માત્રા ને ૩ લય હોય છે. યતિસ્થાન ૩, રસ ૯, રાગ ૩૬ ને ભાવ ૪૦ હોય છે. આમ ગીતનાં ૧૮૫ અંગ છે. દેવોને પણ ગીતથી પ્રિય એવું કાંઇ નથી. અને કહ્યું છે:

શુષ્કસ્નાયુસ્વરાહ્લાદે તોષ્યા શંકર રાવણે। ૧૯।

તો ભાણેજ, મને અનભિજ્ઞ કહીને તું કેમ રોકે છે?' શિઆળ કહે: 'મામા, જો એમ હોય તો હું વાડના ઝાંપા આગળ

ઊભો ઊભો ક્ષેત્રપાળની ચોકી કરું છું. તું મોજથી ગાયન કર.' શિયાળ આમ ખસી ગયો ને ગધેડાએ ગાન આરંભ્યું. એનું ભૂંકણુ સાંભળીને રખોલિયો દાંત કચડતો દોડયો, અને ગધેડાને એવી લાકડીઓ ઠોકી કે તે ભોંય ઉપર પડી ગયો. પછી એને છિદ્રવાળા ખાંડણિયામાં બાંધીને રખવાળ પાછો સૂઈ રહ્યો. ગધેડાને પણ જાતિસ્વભાવને લીધે તરત કળ વળી એટલે ઊઠ્યો, અને ખાંડણિયાને ઊપાડી વાડ તોડી ભાગવા મંડયો. એને આઘેથી જોઈને શિઆળ સ્મિત કરીને બોલ્યો:

સારું માતુલ તેં ગાયું વાર્યો પણ રહ્યો નહિ।
અપૂર્વમણિ આ બાંધ્યો પામ્યો ગીતસુલક્ષણ॥

આ સાંભળીને ચક્રધર કહે: 'મિત્ર, એ સાચું છે. અથવા આ ઠીક કહ્યું છે:

નથી જેને સ્વયં પ્રજ્ઞા ન કરે મિત્રનું કહ્યું।
મૃત્યુને પામતો તે તો જેમ મન્થર કૌલિક ॥ ૨૦ ॥'

સુવર્ણસિદ્ધિ કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૭

એક ઠેકાણે મન્થરક નામે વણકર રહેતો હતો. તે કદાચિત્ વણતો હતો ત્યાં સાળનાં લાકડાં ભાંગી ગયાં. એટલે કુહાડો લઈને એ વનમાં લાકડાં સારુ ગયો. ફરતો ફરતો એ સાગરતટે પહોંચ્યો, ત્યાં એણે શીશમનું ઝાડ જોયું, ને વિચાર કર્યો: 'આ ઝાડ મોટું છે. એને કાપવાથી ઘણું લાકડું થઈ પડશે.' એમ કરીને એણે કુહાડો ઊગામ્યો ત્યાં એ ઝાડ ઉપર એક વ્યન્તર રહેતો હતો તે બોલ્યો: 'અરે, આ ઝાડ મને આશરો આપે છે એની રક્ષા કર, કેમ કે હું અહિં મહાસુખમાં રહું છું

અને સમુદ્રકલ્લોલના સ્પર્શથી શીતળ બનેલો વાયુ ખાઉં છું.' વણુકર કહેઃ 'તું ઠીક કહે છે, પણ મારે કરવું કેમ? લાકડાની સામગ્રી વિના મારું કુટુમ્બ ભૂખે પીડાય છે, એટલે ઝટ બીજે જા. હું આને કાપીશ.' વ્યન્તર કહેઃ 'હું તારા ઉપર તૂઠયો છું, એટલે તારે જોઇએ તે માગી લે, અને આ ઝાડને રહેવા દે.' વણુકર કહેઃ 'એમ છે તો હું ઘેર જઇ મિત્ર તથા પત્નીને પૂછી આવું. પછી તારે દેવું.' વ્યન્તર કહેઃ 'ભલે.'

વણુકર હરખાતો હરખાતો ઘર કોર વળ્યો, અને ગામમાં પ્રવેશ કરતો હતો ત્યાં એણે પોતાના મિત્ર વાળંદને જોયો, ને કહ્યું: 'મેં એક વ્યન્તરને સાધ્યો છે, એટલે કહે શું માગું. હું તને પૂછવા આવ્યો છું.' વાળંદ કહેઃ 'એમ હોય તો રાજ માગ, જેથી તું રાજા થા, ને હું તારો મન્ત્રી. બે ય ઇહલોકમાં સુખ ભોગવી પરલોકમાં આનંદ કરિએ. રાજા નિત્ય દાનપરાયણ રહી અહિં કીર્તિ મેળવે છે, અને દાનના પ્રભાવથી સ્વર્ગમાં દેવો સાથે સ્પર્ધા કરે છે.' વણુકર કહેઃ 'એમ છે, તથાપિ પત્નીને પૂછું.' વાળંદ કહેઃ 'ભદ્ર, સ્ત્રીઓ સાથે મન્ત્રણા કરવી તે શાસ્ત્રવિરુદ્ધ છે, કેમકે એની મતિ અલ્પ હોય છે. ભાર્ગવ કહી ગયો છે કે જ્યાં સ્ત્રી કે બાળકનું શાસન ચાલે તે ઘરનો ક્ષય થાય છે. સ્ત્રીનું વચન પુરુષ એકાંતમાં ન સાંભળે ત્યાં લગી એનું મુખ પ્રસન્ન રહે છે, ને ગુરુજન ઉપર એને ભાવ રહે છે.' વણુકર કહેઃ 'તો પણ મારે એને પૂછવું છે, કેમ કે તે પતિવ્રતા છે. બીજું એને પૂછયા વિના હું કાંઇ કરતો નથી.'

એમ કરીને એ ઘેર આવ્યો, ને બધી વાત કરી, તો સ્ત્રી કહેઃ 'નાપિતભાઈમાં બુદ્ધિ કેવી? એટલે એનું કહ્યું ન કરવું. વાળંદ સાથે મન્ત્ર ન કરવો એવી શાસ્ત્રની આજ્ઞા છે. વળી રાજ્ય એટલે ક્લેશની પરંપરા જ જોઈ લ્યો. રામે ને પાંડવોએ

વનવાસ ભોગવ્યો, યાદવ નાશ પામ્યા, નળરાજા પદભ્રષ્ટ થયો, સહસ્રાર્જુન ને લંકાપતિ માર્યા ગયા. એ જોઈને કોઇએ રાજ્યની ઇચ્છા ન કરવી. જેને સારુ તો ભાઇ ભાઇનો ને પુત્ર પિતાનો વધ કરે છે એ રાજ્યથી દૂર જ ભાગવું.' વણુકર કહે: 'સાચી વાત. તો કહે, કઈ વસ્તુની પ્રાર્થના કરવી.' તે બોલી: 'તું નિત્ય એક કપડું વણે છે, તેનાથી બધો વરો નીકળી જાય છે. હવે તું તારે સારુ બીજા બે હાથ ને બીજું માથું માગ, જેથી આગળથી ને પાછળથી એમ બે કપડાં વણાય. એકના મૂલમાંથી ઘરખરચ નીકળે, અને બીજાના મૂલથી વિશેષ પ્રસંગ ઊકલે. આમ સુખમાં કાળ જાય, નાતીલા આપણાં વખાણ કરે, અને બે ય લોક સુધરી જાય.' વણુકર કહે: 'ભલે, પતિવ્રતે, ભલે. તેં યોગ્ય કહ્યું; એમ જ હું કરીશ એવો મારો નિશ્ચય છે.'

એટલે એણે વ્યન્તર આગળ જઈને યાચના કરી, કે 'મને મારું ઇષ્ટ દેતો હો તો બીજા બે હાથ ને માથું દે.' આમ બોલ્યો એવો જ એ બેમાથાળો ને ચતુર્બાહુ થઈ ગયો. પછી પ્રસન્ન મનથી ઘેર આવતો હતો ત્યાં રાક્ષસ છે એમ કરીને લોકોએ એને લાકડી તથા પથરા માર્યા ને એ મરી ગયો. એટલે હું કહું છું: 'નથી જેને સ્વયં પ્રજ્ઞા' ઇતિ."

વળી ચક્રધર કહે: 'કોઇ પણ માણસ આશાપિશાચિકાનો વિશ્વાસ કરે છે તો તે હાસ્યપાત્ર થાય છે. અથવા કોઇએ આ ઠીક કહ્યું છે:

અનાગતવતી ચિન્તા અસંભાવ્ય જ જે કરે ।
થઈ ધોળો સૂએ તે તો સોમશર્મપિતા યથા ॥ ૨૧ ॥

સુવર્ણસિદ્ધિ કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૮.

એક નગરમાં સ્વભાવકૃપણ નામે વિદ્યાભ્યાસી બ્રાહ્મણપુત્ર રહેતો હતો. તે એક વણિકને ઘેર નિત્ય ભોજન કરતો, ને જે દી ત્યાં ન જમે તે દી એક માપ સત્તુ એને મળતા. આ સત્તુથી એણે એક ઘડો ભર્યો. ઘડાને ખીંતીએ લટકાવી એની નીચે ખાટલો નાખી તે સતત એક દૃષ્ટિએ એના સામું જોયા કરતો.

એક દિવસે સૂતાં સૂતાં એણે વિચાર કર્યો: "આ કલશ તો સત્તુથી પરિપૂર્ણ છે. આમેય આજ ધાન્ય મોંઘું છે, તેમાં વળી દુકાળ પડે તો વળી વધારે મોંઘું થાય. એટલે વીશ રૂપિયાના સત્તુ છે તે વેચી બબ્બે રૂપિયાની દસ બકરી લઈશ. બકરી છ માસે પ્રસવે, ને એને બચ્ચાં થાય એ પણ એ જ પ્રમાણે પ્રસવે. આમ પાંચ વર્ષે ૪૦૦ બકરાંનું જૂથ થાય. ચાર બકરી સાટે સવત્સા બહુદૂધાળી ગાય મળે એમ કહે છે; એટલે બકરાં સાટે એક ગાયનું ધણ મારે થાય. ગાયોના વાછડાના બળદ બનાવી ખેતી કરી પુષ્કળ અનાજ પકવીશ. અનાજ વેચીને સોનું કરીશ, અને સાત ભોંવાળું ઘર ચણાવીશ, ને તેમાં દાસદાસી તથા ઘરવખરી વસાવીશ. મારી આ સંપત્તિ જોઈ કોઇ બ્રાહ્મણ એની તરુણ તથા રૂપવતી કન્યાને મારા વેરે પરણાવશે. એને પુત્ર અવતરશે, તેનું સોમશર્મા નામ પાડીશ. એ ભાખોડિયાંભર ચાલતાં શીખશે ત્યારે હું પુસ્તક લઈને અશ્વશાળાના પૃષ્ઠદેશમાં બેઠો બેઠો વાંચીશ. મને જોઈને સોમશર્મા માના ખોળામાંથી નીકળી રીખતો રીખતો ઘોડાની ખરી આગળ થઈને મારી પાસે આવશે. હું કોપાયમાન થઈને બ્રાહ્મણીને કહીશ: 'છોકરાને લઈ લે.' પણ એ ઘરકામમાં વ્યગ્ર હશે અને મારું વચન નહિ સાંભળે,

એટલે ઊઠીને હું એને પગનો પ્રહાર કરીશ." આમ ધ્યાનમાં ને ધ્યાનમાં એણે પાટુ માર્યું. એનાથી ઘડો ભાંગી ગયો, ને પોતે સત્તુ સત્તુ ભરાઈ રહ્યો. એટલે હું કહું છું: 'અનાગતવતી ચિન્તા' ઇતિ."



આમ ધ્યાનમાં ને ધ્યાનમાં એણે પાટુ માર્યું. એનાથી ઘડો ભાંગી ગયો, ને પોતે સત્તુ સત્તુ ભરાઈ રહ્યો.

સુવર્ણસિદ્ધિ કહે: 'એમ જ છે. તારો કાંઈ દોષ નથી. કેમ કે લોભનો માર્યો માણસ વિડંબના પામે છે. અને કહ્યું છે:

લૌલ્યથી જે કરે કામ પરિણામ જુએ નહિ ।
પામે વિડંબના તે તો જેમ આ ચન્દ્રભૂપતિ ॥ ૨૨ ॥'

ચક્રધર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૯

એક નગરમાં ચન્દ્ર નામે રાજા વસતો હતો. એના પુત્રોએ વાંદરાનું જૂથ પાળ્યું હતુ. રાજાના ભવનમાં નાના કુમારના વાહનયોગ્ય મેંઢાનું ટોળું પણ હતું, તેમાંથી એક ઘેટો જીભના લોભથી નિત્ય રસોડામાં ઘરીને જે દેખે તે ખાઈ જાય, અને રસોયા જે કાંઇ લાકડું, અથવા માટીનું, તાંબાનું કે કાંસાનું પાત્ર જુએ એનો તેના ઉપર છુટ્ટો ઘા કરે. આ જોઈને વાનરપતિએ વિચાર્યું: 'અહો, મેંઢારસોયાની વઢવેડમાંથી વાનરોનું મૃત્યુ ઊભું થાય એમ છે; કેમ કે ઘેટો સ્વાદલંપટ છે, ને મહાક્રોધી રસોયા જે હાથમાં આવ્યું તેનાથી પ્રહાર કરે છે. હવે બીજું કાંઇ ન મળ્યું, ને રસોયો સળગતું લાકડું મારશે તો ઊનને કારણે ઘેટો દાઝશે. દાઝેલો ઘેટો પાસે જ ઘોડાર છે તેમાં પ્રવેશ કરશે, એટલે ઘાસપ્રચુર ઘોડાર સળગશે, તથા ઘોડા પણ દાઝશે. અને શાલિહોત્રે કહ્યું છે કે વાનરની ચરબીથી ઘોડાનો દાહદોષ શમે છે. એટલે આવી રીતે આ બધા વાનરોનો નાશ ઉપસ્થિત છે એ નિશ્ચય છે.'

એટલે એણે સર્વે વાનરોને બોલાવીને એકાંતમાં કહ્યું: 'જ્યાં ઘેટાની ને રસોયાની લડાઈ થાય ત્યાં વાનરોનો ક્ષય સમજવો, એટલે હજી આપણા ઉપર આપત્તિ નથી આવી ત્યાં રાજઘર તજીને આપણે વનમાં ચાલો.'

મદોદ્ધત વાનરોએ એનું માન્યું નહિ, હસ્યા તથા કહ્યું: 'તું વૃદ્ધ થયો એટલે બુદ્ધિવિકલ પણ થયો એટલે આમ કહે છે. અમે તો સ્વર્ગ સમાન ઉપભોગ તથા નાના પ્રકારનાં અમૃત જેવાં ભોજન છોડીને ત્યાં વનમાં તૂરાં, કડવાં, તીખાં, ખારાં તથા લૂખાં ફળ નહિ ખાઇએ.'

અશ્રુકલુષ આંખે વાનરરાજ કહે: 'રે, રે, મૂર્ખો, આ સુખ

પરિણામે વિષવત્ નીવડશે તે તમે નથી જાણતા. હું પોતે તો કુલક્ષય જોવા અહિં નહિ રહું. આ ઘડીએ જ હું તો વનમાં જાઉં છું.' એમ કરીને યૂથપતિ તો અટવીમાં ચાલ્યો ગયો.

એ ગયા પછી એણે ભવિષ્ય ભાખ્યા પ્રમાણે જ ઘેટો રસોડામાં ગયો. એના ઉપર રસોયાએ અર્ધું બળેલું લાકડું માર્યું. જાજ્વલ્યમાન શરીરે રાડે રાડ પાડતો ઘેટો પાસેની ઘોડારમાં પેઠો, ને ત્યાં ઘાસ પાથરેલી ભોંય ઉપર આળોટ્યો એટલે સર્વત્ર આગ લાગી તેથી કેટલાક ઘોડાની આંખ ફૂટી ને એ મરી ગયા, તથા કેટલાકે બંધ તોડાવી અર્ધદગ્ધ શરીરે હણહણતાં આમ તેમ દોટ મૂકી અને આખા જનસમૂહને વ્યાકુળ કરી મૂક્યા.

રાજાએ વૈદ્યોને પૂછ્યું, કે 'ઘોડા દાઝી ગયા એની શાંતિનો ઉપાય શું?' તેઓએ શાસ્ત્રો જોઈને કહ્યું: 'દેવ, આ વિષે ભગવાન્ શાલિહોત્ર કહે છે:

કપિમેદથકી દોષો વહ્નિદાહસમુદ્ભવ ।
અશ્વોના નાશ પામે છે સૂર્ય ઊગ્યે નિશા યથા ॥ ૨૩ ॥

એટલે ઝટપટ આ ઓસડ કરો.' રાજાએ તો તરત આદેશ કર્યો કે વાનરસમસ્તનો વધ કરો. એટલે વિવિધ આયુધ, લાકડી ને પત્થરથી વાનરોને મારી નાખ્યા.

આ સાંભળીને વાનરપતિ વેર કેમ લેવું તેનો વિચાર કર્યા કરે છે. એક વાર એ તરસ્યો થઈને પદ્મિનીખંડમંડિત સરોવરે આવ્યો, ને સૂક્ષ્મ દૃષ્ટિ કરે છે તો વનચર તથા મનુષ્યોએ પ્રવેશ કર્યાનાં પગલાં છે, પણ નીકળ્યાનાં નથી. પાણીમાં દુષ્ટ મગર હશે એમ ધારીને કમળનાળ લઈને તેણે દૂરથી જ પાણી પીધું, ત્યાં તળાવ વચ્ચેથી રત્નમાળાધારી રાક્ષસ નીકળ્યો, ને કહ્યું: 'કપિરાજ, આ પાણીમાં જે પેસે તે મારું ભક્ષ્ય થાય છે. આ

વિધિથી તેં પાણી પીધું એટલે તારા જેવો ધૂર્ત કોઇ નહિ. હું તારા ઉપર પ્રસન્ન છું. એટલે વાંછિત વસ્તુ માગી લે.' વાનર કહેઃ 'તારી ભક્ષણશક્તિ કેટલી?' તે બોલ્યોઃ 'પાણીમાં લાખ પેસે તો લાખને મારું, ને બહાર તો શિઆળ પણ મને મારી જાય.' વાનર કહેઃ 'એક રાજા સાથે મારે અત્યંત વેર છે, એટલે જો આ રત્નમાળા તું મને દે તો વચનપ્રપંચથી રાજાને સપરિવાર લલચાવી આ સરોવરમાં મોકલું.'

રાક્ષસે રત્નમાળા આપી તે પહેરીને વાનર ફરતો હતો, એને લોકોએ પૂછ્યુંઃ 'વાનરોત્તમ, તમે આટલા દી કયાં હતા? રવિતિરસ્કારિણી આ રત્નમાળા કયાંથી આણી?' વાનર કહેઃ 'એક વનમાં કુબેરનું રચેલું ગુપ્ત સરોવર છે. ત્યાં રવિવારે સૂર્ય અર્ધો ઊગ્યો હોય ત્યાં કોઇ ડૂબકી મારે તો તે આવી રત્નમાળા કંઠમાં પહેરીને નીસરે છે.'

આ સાંભળીને રાજાએ વાનરને બોલાવીને પૂછ્યું, કે 'એવું કોઇ સરોવર છે કે?' વાનર કહેઃ 'હા. રત્નમાળાનું પ્રયોજન હોય તો કોઇને મારી સાથે મોકલ એટલે દેખાડું.' રાજા કહે, 'હું પોતે પરિજન સહિત આવીશ, જેથી પુષ્કળ રત્નમાળા મળે.' વાનર કહેઃ 'ભલે.' તૃષ્ણાગ્રસ્ત રાજા હોળીમાં બેસી વાનરને ખોળામાં બેસાડી નીકળ્યો.

સરોવરે પહોંચી પરોઢિયે વાનર રાજાને કહેઃ 'દેવ, સૂર્ય અર્ધો ઊગે એવે ટાણે આમાં પ્રવેશ કરે તેની સિદ્ધિ થાય છે. એટલે બધાય માણસ એક જ સમયે પેસે. પણ તારે મારી સાથે પ્રવેશ કરવો, જેથી પહેલાં જોયેલે સ્થળે તેડી જઈને હું તને બહુ રત્નમાળા દેખાડીશ.' હવે તે લોકો પેઠા એવો જ રાક્ષસ એ બધાને ખાઈ ગયો. એને આવતાં વાર લાગી, એટલે રાજા કહેઃ 'વાનરેન્દ્ર, મારા જણને કેમ વાર લાગી?' વાનર તરત ઝાડે ચડયો ને રાજાને કહ્યુંઃ 'હે દુષ્ટ રાજા, તારા પરિજનને

પાણીમાં રહેલો રાક્ષસ ખાઈ ગયો. મારા કુળનો તેં ક્ષય કર્યો એનું મેં વેર લીધું. એટલે જા. તું મારો સ્વામી છે, એટલે તને સરોવરમાં ન મોકલ્યો. અને કહ્યું છે:

'દુષ્ટે દુષ્ટ સમાચરેત્ ।૨૪।'

આ સાંભળીને કોપાયમાન થયેલો રાજા એકલો પગે ચાલીને જ્યાંથી આવ્યો હતો તે માર્ગે નીકળી પડ્યો. રાજા ગયા પછી ધરાયેલો રાક્ષસ પાણીમાંથી નીકળ્યો ને કહ્યું:

'હણ્યો શત્રુ કર્યો મિત્ર રત્નમાલા ન હારિયો ।
પીધું નાળથકી પાણી ધન્ય ચાતુર્ય વાનર ॥ ૨૫ ॥'

એટલે હું કહું છું: 'લોભથી જે કરે કામ' ઇતિ.

એમ કહીને એણે ચક્રધરને કહ્યું: 'હે મિત્ર, મને આજ્ઞા દે, જેથી હું ઘેર જાઉં.' ચક્રધર કહે: 'ભદ્ર, સંકટ સારુ થઈને ધન તથા મિત્રનો સંગ્રહ કરાય છે. તો પછી મને આ દશામાં તજીને તું ક્યાં જઈશ?' સુવર્ણસિદ્ધિ કહે: 'સાચું, પણ તને છોડાવવાની મારામાં શક્તિ નથી. બીજું વેદનાને લીધે થયેલો તારો મુખવિકાર જેમ જેમ જોઉં છું, તેમ તેમ એમ થાય છે કે ઝટ જાઉં જેથી મને પણ કાંઈ અનર્થ ન થાય. કહ્યું છે કે:

'જેવી જ વદનચ્છાયા તારી દેખાય વાનર ।
વિકાસે છે તને ઝાલ્યો જે ભાગે તે જ જીવશે ॥ ૨૬ ॥'

ચક્રધર કહે: 'એ કેમ?' તે બોલ્યો:

કથા ૧૦

"કોઈ નગરમાં ભદ્રસેન નામે રાજા વસતો હતો. એને સર્વલક્ષણસંપન્ન રત્નવતી નામે કન્યા હતી, તેનું હરણ કરવા એક રાક્ષસ ઇચ્છતો હતો, પણ ચોકીપહેરાને લીધે એનું કાંઇ

ચાલતું નહોતું. એક વાર રાક્ષસ ઘરખૂણે ઊભો હતો, ત્યાં રાજકન્યાએ સખીને કહ્યું: 'સખી, જો આ વિકાલવેળાએ મને નિત્ય પજવે છે. એ દુરાત્માને રોકવાનો કોઇ ઉપાય છે?' આ સાંભળીને રાક્ષસે વિચાર કર્યો: 'જેમ હું તેમ બીજો કોઇ વિકાલ નામનો આનું હરણ કરવા આવે છે; એટલે ઘોડા વચ્ચે ઘોડાનું રૂપ ધરી હું જોઉં કે એનું રૂપ ને પ્રભાવ કેવાં છે.' આમ રાક્ષસ ઘોડો થઈને ઊભો ત્યાં મધરાતે કોઈ ઘોડાચોર આવ્યો. એણે બધા ઘોડા જોયા તો રાક્ષસ એને બધા ઘોડામાં ઉત્તમ લાગ્યો, તેથી એ તેના ઉપર ચઢ્યો. રાક્ષસને થયું, કે 'આ વિકાલ મને ચોર જાણીને મારવા આવ્યો છે, એટલે હવે કરવું કેમ?' આમ વિચાર કરે છે ત્યાં તો ચોરે એના મોઢામાં લગામ નાખીને ચાબુક માર્યો, એટલે ભયભીત થઈને દોટ મૂકી. દૂર ગયા પછી ચોરે લગામ ખેંચીને એને ઊભો રાખવા માંડયો, તેમ તેમ એણે તો વધારે વેગ કર્યો ને ઊભો ન રહ્યો એટલે ચોરે વિચાર્યું: 'ઘોડા આમ ખેંચેલી લગામને ગણકારે નહિ એવા ન હોય. આ કોઇ અશ્વરૂપી રાક્ષસ હશે. એટલે જો ધૂળવાળો પ્રદેશ આવે તો ત્યાં પડતું મૂકું. નહર આજ જીવ જ જાય એમ છે.' આમ વિચારે છે ને ઇષ્ટદેવતાનું સ્મરણ કરે છે ત્યાં ઘોડો એક વડ નીચે આવ્યો, એટલે ચોર ઝાડની ડાળીએ વળગી પડ્યો. આમ છૂટા પડેલા બેયને પરમ-આનન્દ થયો. એ વડ ઉપર રાક્ષસનો મિત્ર એક વાનર રહેતો હતો. એણે ત્રાસ પામેલા રાક્ષસને જોઈને કહ્યું: 'મિત્ર, ખોટા ડરથી આમ શું પલાયન કર્યું? આ માણુસ તો તારું ખાજ છે.' વાનરનું વચન સાંભળી સ્વરૂપ ધારણ કરી રાક્ષસ લથડતો લથડતો પાછો વળ્યો. વાનરે આને બોલાવ્યો છે એમ જાણી ચોરે વાનરની લટકતી પૂછડી મોઢામાં લઈને ચાવવા માંડી. એને રાક્ષસથી પણ બળિયો જાણીને વાનર કાંઇ બોલ્યો

નહિ, પણ પીડાનો માર્યો આંખ બંધ કરી ગયો. એને એ દશામાં જોઈને રાક્ષસે આ શ્લોકનો પાઠ કર્યો:

જેવી જ વદનચ્છાયા તારી દેખાય વાનર।
વિકાલે છે તને ઝાલ્યો જે ભાગે તે જ જીવશે ॥

તથા નાઠો. એટલે હું જાઉં છું, અને તું અહિં રહીને લોભ-વૃક્ષનું ફળ ખા.' ચક્રધર કહે: 'એમ નથી. માણુસનું શુભ અશુભ દૈવને લીધે થાય છે.' એમ કરીને એણે સુવર્ણસિદ્ધિને કેટલીક વાર્તા કીધી તે સાંભળીને સુવર્ણસિદ્ધિ ઘેર આવતો રહ્યો.

કથા ૧૧


પૂછતો તું રહે નિત્ય પૂછતા નર પંડિત।
રાક્ષસેન્દ્રે હતો ઝાલ્યો પ્રશ્નથી દ્વિજ છૂટિયો ॥ ૨૭ ॥

એક વનમાં ચંડકર્મા નામે રાક્ષસ રહેતો હતો. એકદાણુ અટવીમાં ભમતાં એક બ્રાહ્મણુ એને મળ્યો, તેની ખાંધે ચડીને રાક્ષસ કહે, 'ચાલ આગળ.' બ્રાહ્મણુ ડરનો માર્યો એને ઊપાડીને ચાલ્યો, તથા એના કમલોદરકોમલ પગ જોઈને પૂછ્યું: 'તારા પગ આવા કોમળ કેમ છે?' રાક્ષસ કહે: 'હું વ્રતચારી છું. ભીને પગે ભોંયનો સ્પર્શ કરતો નથી.' થોડેક ગયા ત્યાં તળાવ આવ્યું, એટલે રાક્ષસ કહે: 'હું સ્નાન-ને દેવસેવા કરીને આવું ત્યાં લગી તારે અહિંથી ખસવું નહિ.' બ્રાહ્મણે વિચાર કર્યો: 'દેવસેવા પછી આ મને ખાશે, એટલે ઝટ ભાગું, જેથી ભીને પગે એ મારી પાછળ નહિ આવે.' એમ કરીને એ ભાગ્યો, પણ વ્રતભંગની બીકે રાક્ષસ એની વાંસે ન લાગ્યો. એટલે કહ્યું છું: 'પૂછતો તું રહે નિત્ય' ઇતિ.

કથા ૧૨

રાંક કેરો ભલે માર્ગે સાથ છે ક્ષેમકારક।
હતો કરચલો ભેળો જીવ એણે બચાવિયો ॥ ૨૮ ॥

એક સ્થાને બ્રહ્મદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો. પ્રયોજનવશાત્ એને પરગામ જવાનું થયું, ત્યાં મા કહેઃ 'દીકરા, એકલો કેમ જાય છે? એટલે સથવારો ગોત' તે બોલ્યોઃ 'મા, તું ચિન્તા કરવી રહેવા દે. માર્ગમાં ઉપદ્રવ કોઈ જાતનો નથી, એટલે એકલો જ જાઉં.' પુત્રનો એવો નિશ્ચય જાણીને મા પાસેની વાવ આગળથી કરચલો લઈ આવી ને કહ્યુંઃ 'વત્સ, અવશ્ય જાવું જ છે તો આ કરચલાને ભેળો લઈ જા.' માતાના



બ્રાહ્મણ જાગીને જુએ છે તો કાળો નાગ પોતાની પડખે પડ્યો હતો

વચનથી કરચલાને કપૂરની ડાબલીમાં લઈને એ નીકળ્યો. વચ્ચે

તાપ બહુ હતો એટલે ઝાડ નીચે સૂતો, ત્યાં ઝાડની બખોલમાંથી નીકળીને સર્પ એની પાસે આવ્યો. સર્પને કપૂરની સુગન્ધ પ્રિય હોય છે, એટલે બ્રાહ્મણને મૂકી વસ્ત્ર ફાડી તેમાં રહેલી કપૂરની ડાબલી એ ખાવા મંડ્યો, ત્યાં ડાબલીમાં રહેલા કરચલાએ એને મારી નાખ્યો. બ્રાહ્મણ જાગીને જુએ છે તો કાળો નાગ પોતાને પડખે પડ્યો હતો. કરચલાએ એને માર્યો જાણીને તે બોલ્યો: 'મારી માએ સાચું કહ્યું કે સથવારો કરવા કોકને લેવો, એકલા જવું નહિ. શ્રદ્ધાપૂર્વક મેં એનું કહ્યું કર્યું તો કરચલાએ સર્પથી મારી રક્ષા કરી.' એટલે કહું છું: 'રાંક કેરો ભલે માર્ગે' ઇતિ.

કથા ૧૩

એકોદર પૃથગ્ગ્રીવ અન્યોન્યફલભક્ષક ।
કુસંપીલા મરે છે જો જેમ ભારંડ પક્ષીઓ ॥ ૨૯ ॥

એક સરોવરમાં ભારંડ નામે પક્ષી રહેતું હતું. તેને પેટ એક હતું, પણ ડોકાં બે હતાં. સમુદ્રતીરે તે ફરતું હતું ત્યાં તેને અમૃત જેવું ફળ તરંગ ભેગું કાંઠે આવેલું મળ્યું. તે ખાતાં ખાતાં એણે કહ્યું: 'સાગરકલ્લોલે આણેલાં મધુરાં ફળ મેં બહુ ખાધાં, પણ આનો સ્વાદ અપૂર્વ છે. તે પારિજાતનું ફળ હશે કે હરિચન્દનનું તે કોણ જાણે.' એ સાંભળીને બીજું મુખ બોલ્યું: 'એમ છે તો મનેય થોડુંક દે.' એટલે હસીને પહેલું મુખ કહે: 'આપણે પેટ તો એક જ છે, તૃપ્તિ પણ એક જ થાય છે, એટલે નોખું નોખું શું કામ ખાવું પડે? એના કરતાં વધ્યું છે તે પ્રિયાને આપું.' એમ કરીને એણે ભારંડીને શેષ આપી. તે દિવસથી માંડીને બીજું મુખ ઉદાસ થઈ ગયું,

ને એક દિવસ એને વિષફળ મળ્યું તે જોઈ એણે કહ્યું: 'હે પુરુષાધમ, મને વિષફળ મળ્યું છે તે તેં મારું અપમાન કર્યું છે એટલે હું ખાઉં છું.' પહેલું મુખ કહે: 'મૂર્ખ, એમ કર મા. કરીશ તો બેયનો નાશ છે.' તો પણ અપમાનના કારણથી બીજા મોંઢાએ ફળ ખાધું, અને બેય મરી ગયાં. એટલે કહું છું: 'એકોદર પૃથગ્ગ્રીવ' ઇતિ.

ઇતિ અસંપ્રેક્ષ્યકારિતા નામે પાંચમું તન્ત્ર સમાપ્ત.

આ તન્ત્રકથા સમાપ્ત.

પરિશિષ્ટ

તન્ત્રસુભાષિત

૧. અજરામરવત્ પ્રાજ્ઞો વિદ્યા ને અર્થ ચિન્તવે ।
મૃત્યુએ કેશ ઝાલ્યા છે એમ તે ધર્મ આચરે ॥
હિ. પ્રસ્તાવિકા ૩ ॥

૨. पूर्वजन्मकृतं कर्म तद् दैवमिति कथ्यते ।
तस्मात् पुरुषकारेण यत्नं कुर्यादतन्द्रितः ॥ ३३ ॥
પૂર્વજન્મમાં કરેલાં કામ જ દૈવ કહેવાય છે. એટલે માણસે આળસ વિના પુરુષપ્રયત્ન કરવો.

૩. यथा मृत्पिण्डतः कर्ता कुरुते यद्यदिच्छति ।
एवमात्मकृतं कर्म मानवः प्रतिपद्यते ॥ ३४ ॥
જેમ માટીના પીંડામાંથી કુંભાર જે ઇચ્છે તે ઘડે છે, તેમ માણસ પોતાનું કરમ સ્વેચ્છાએ ઘડે છે.

૪. ઉદ્યમે કામ પાકે છે ન કદાપિ મનોરથે ।
મૃગ કેમ કરી પેસે સૂતા સિંહતણે મુખે ॥ ૩૬ ॥

૫. કીડો યે ફૂલને સંગે ચડે સજ્જનને શિરે ।
શિલા યે દેવતા થાય મોટાએ સુપ્રતિષ્ઠિતા ॥ ૪૫ ॥

૬. श्रुतेन किं यो न च धर्ममाचरेत् ॥ हि. सु. ९ ॥
ધર્મ ન આચરે તો વિદ્યા શું કામની?

૭. जलबिंदुनिपातेन क्रमशः पूर्यते घटः ।
स हेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥ १० ॥
એકએક ટીપું પડતાં ઘડો ધીરે ધીરે ભરાય છે; વિદ્યા, ધર્મ તથા ધનની પણ એ જ ગતિ છે.

૮. *आरोप्यते शिला शैले यत्नेन महता यथा ।
निपात्यते क्षणेनाधस् तथात्मा गुणदोषयोः ॥ ४७ ॥

શિલા ડુંગરે મહાયત્ને ચડાવાય છે, પણ એક ક્ષણમાં હેઠે પાડી દેવાય છે; આત્માના ગુણદોષ વિષે પણ એમ જ છે.

સરખાવો ધમ્મપદ, ૧૨-૭:

सुकरानि असाधूनि अत्तनो अहितानि च ।
यं वे हितं च साधुं च तं वे परमदुक्करम् ॥

ભૂંડું ને અહિત કરવું સોયલું છે; પણ જે સારું ને હિતકારી છે, તે કરવું દોયલું છે.

९. किमप्यस्ति स्वभावेन सुन्दरं वाप्यसुन्दरम् ।
यदेव रोचते यस्मै भवेत्तत्तस्य सुन्दरम् ॥

સ્વભાવે જ સુન્દર કે અસુન્દર શું છે? જે જેને રુચે તે તેને મન સુન્દર છે.

१०. ऋद्धिश् चित्तविकारिणी ॥ १०२ ॥

સમૃદ્ધિથી ચિત્ત વકરે છે.

११. भोगस्य भाजनं राजा न राजा कार्यभाजनम् ।
राजकार्यपरिध्वंसे मन्त्री दोषेण लिप्यते ॥

રાજા ભોગ ભોગવે છે, કામ નથી કરતો; એટલે રાજકાજ બગડે તો તેમાં મન્ત્રીનો દોષ ગણાય છે.

---

* સેનેકા કહે છે: 'યુગ નગરને ચણે છે; ઘડી પાડે છે. રાખ ક્ષણમાં થાય છે, પણ વન ઊગતાં લાંબો સમય જાય છે.'

(Urbes constituit aetas, hora dissolvit; momento fit cinis; diu sylva–Quaestionum Naturalium III–27)

१२. आदेयस्य प्रदेयस्य कर्तव्यस्य च कर्मणः ।
क्षिप्रमक्रियमाणस्य कालो हरति तद्रसम् ॥ १४६ ॥

દાન તથા બીજાં કર્તવ્ય ઝટ ન કરાય તો કાળ એનો રસ ચૂસી જાય છે.

१३. बलवानपि निस्तेजाः कस्य नाभिभवास्पदम् ।
निःशंकं दीयते लोकैः पश्य भस्मचये पदम् ॥ १७३ ॥

બળવાન્ પણ નિસ્તેજ હોય તો એનું અપમાન થાય; રાખના ઢગલા ઉપર લોકો વિના સંકોચે પગ મૂકે છે.

१४. कुकृत्ये को न पंडितः ॥ १७४ ॥

બગાડતાં કોને ન આવડે?

१५. यज्जीव्यते क्षणमपि प्रथितं मनुष्यैर्
विज्ञानविक्रमयशोभिरभज्यमानम् ।
तन् नाम जीवितमिह प्रवदन्ति तज्ज्ञाः
काकोऽपि जीवति चिरं च बलिं च भुंक्ते ॥ ४३ ॥

ભલે એક ક્ષણુ જ જીવાય, પણુ જ્ઞાનપૂર્વક, પરાક્રમપૂર્વક અને યશસ્વીપણે જીવાય તો જીવ્યું પ્રમાણુ છે. નહિ તો કાગડો ક્યાં ચિરંજીવી નથી ને પેટ ભરતો નથી?

१६. अमृतं क्षीरभोजनम् ॥ १३९ ॥

દૂધ અમૃત છે.

१७. मदोन्मत्तस्य भूपस्य कुंजरस्य च गच्छतः ।
उन्मार्गं वाच्यतां यान्ति महामात्राः समीपगाः ॥ १७२ ॥

મદોન્મત્ત રાજા ને હાથી ચાલતાં ઊંધે માર્ગે ચડે તો તેમાં મન્ત્રી અને મહાવતની નિન્દા થાય છે.

१८. संप्राप्तो योऽतिथिः सायं सूर्योढो गृहमेधिनाम् ।
पूजया तस्य देवत्वं प्रयान्ति गृहमेधिनः ॥ १८१ ॥

જે અતિથિ સાંઝે સૂરજ આથમ્યા ટાણે આવી ચડે એને પૂજીને ગૃહસ્થ દેવપદ પામે છે.

१९. उपकारिषु यः साधुः साधुत्वे तस्य को गुणः ।
अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते ॥ २७० ॥

ઉપકારીનું સારું કરે એની સારપમાં શું ગુણ? અપકારીનું સારું કરે એને જ સારો કહેવાય.

२०. स्वफलनिचयः शाखाभंगं करोति वनस्पतेर्
गमनमलसं बर्हाटोपः करोति शिखंडिनः ।
चतुरगमनो यो जात्यश्वः स गौरिव वाह्यते
गुणवति जने प्रायेणैते गुणाः खलु वैरिणः ॥ पूर्णभद्र २९२॥

પોતાના ફળને કારણે જ વનસ્પતિને શાખાભંગ આવે છે. મોરનાં પીછાંથી એની ગતિ મન્દ બને છે. ચતુરગમન અને જાતિમંત ઘોડા આગળ બળદની ઘોડે ભાર વહાવે છે. ગુણવંતના ગુણ જ એના વેરી બને છે.

२१. अपकारिषु मा पापं चिन्तय त्वं कदाचन ।
स्वयमेव पतिष्यन्ति कूलजाता इव द्रुमाः॥ पूर्णभद्र १६४ ॥

તારું બગાડનારાનું સામું બગાડવાનો વિચાર તારે કદાપિ ન કરવો, કારણ નદીકાંઠે ઊગેલા ઝાડની ઘોડે પાપી પાપના ભારથી જ પડવાના ને છૂંદાવાના છે.

૨૨. સંપત્તિ ને વિપદમાંહે મોટાની એકરૂપતા ।
ઉદયે સવિતા રાતો રાતો આથમતાં તથા ॥ ૨-૭ ॥

૨૩. આદિત્ય ઊગતો તાત તાંબૂલ ભારતી કથા ।
ઇષ્ટા ભાર્યા ને સુમિત્ર આ અપૂર્વ દિને દિને ॥ ૧૮ ॥

૨૪. ભલે સંપૂર્ણ હો તો યે કરે મિત્ર વિચક્ષણ ;
નદીશ હો ભલે પૂર્ણ ચન્દ્રોદય અપેક્ષતો ॥ ૨૯ ॥

૨૫. दारिद्र्यस्य परा मूर्तिर् यन्मानद्रविणाल्पता ।
अरद्गवधनः शर्वस् तथापि परमेश्वरः ॥ १६७ ॥

માણસ આગળ માનધન ન હોય એનું નામ જ દરિદ્રતા. શિવની પાસે ધનમાં ગલઢો બળદ જ છે તથાપિ તે પરમેશ્વર-લેખાય છે.

૨૬. सुलभाः पुरुषा राजन् सततं प्रियवादिनः ।
अप्रियस्य च पथ्यस्य वक्ता श्रोता च दुर्लभः ॥ १६९ ॥

હે રાજન્, સતત મીઠાબોલા પુરુષો સુલભ હોય છે, પણ અપ્રિય છતાં પથ્યનો બોલનાર તથા સાંભળનાર દુર્લભ છે.

૨૭. अर्थार्थी यानि कष्टानि मूढोऽयं सहते जनः ।
शतांशेनापि मोक्षार्थी तानि चेन् मोक्षमाप्नुयात् ॥ १२५ ॥

ધનાર્થી થઈને મૂઢજનો જે કષ્ટ ખમે છે એનો સોમો ભાગ પણ મોક્ષાર્થી થઈને ખમે તો મુક્ત થઈ જાય.

૨૮. यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिषेवते ।
ध्रुवाणि तस्य नश्यन्ति अध्रुवं नष्टमेव च ॥ १४४ ॥

જે નક્કીને તજીને અનિશ્ચિતને સેવે તેનું નક્કી નાશ પામે છે, ને અનિશ્ચિત તો નષ્ટ જ છે.

૨૯. દેવું ને ભોગવવું ધનનો સંચય કદાપિ નહિ કરવો ।
જુઓ જન મધુકરીના સંચિત ધનને હરે બીજા ॥ १५६ ॥

૩૦. गृहमध्यनिखातेन धनेन धनिनो यदि ।
भवामः किं न तेनैव धनेन धनिनो वयम् ॥ १५४ ॥

ઘરમાં દાટેલા ધનથી કોઈ ધની ગણાય તો તે જ ધનથી આપણે ધની કેમ નહિ?

૩૧. ચાલે એક પગે સુજ્ઞ ઊભે એક પગે તથા ।
ન જોઈ આગલું સ્થાન પાછલું સ્થાન ન ત્યજે ॥ १०२ ॥

૩૨. પરોપદેશે પાંડિત્ય સોયલું સર્વલોકને ।
ધર્મે સ્વીય અનુષ્ઠાન મહાત્મા કોક આદરે ॥ ૧૮૩ ॥

૩૩. मनस्वी म्रियते कामं कार्पण्यं न तु गच्छति ।
अपि निर्वाणमायाति नानलो याति शीतताम् ॥ १३१ ॥

મનસ્વી ભલે મરે પણ દીનતા અનુભવતો નથી. દેવતા ઠરી જાય, પણ ટાઢો ન પડે.

૩૪. कुसुमस्तबकस्येव द्वे वृत्ती तु मनस्विनः ।
सर्वेषां मूर्ध्नि वा तिष्ठेद् विशीर्येत वनेऽथवा ॥ १३२ ॥

ફૂલના ગુચ્છાની પેઠે મનસ્વીની બે વૃત્તિ હોય છેઃ કાં તો સર્વને માથે રહે ને કાં વનમાં કરમાઈ જાય.

૩૫. સંપત્તિમાં મહતચિત્ત થાય ઉત્પલકોમલ ।
આપત્તિમાં મહાશૈલશિલાસંઘાતકર્કશ ॥
પૂર્ણભદ્ર ૨–૧૫૧ ॥

૩૬. यदि जन्मजरामरणं न भवेद्
यदि चेष्टवियोगभयं न भवेत् ।
यदि सर्वमनित्यमिदं न भवेद्
इहजन्मनि कस्य रतिर् न भवेत् ॥ १९८ ॥

જો જન્મ, ઘડપણ, મરણ ન હોય; જો પ્રિયજનનો વિયોગ ન થાય; જો આ સર્વ અનિત્ય ન હોય તો સંસાર ઉપર કોને અનુરાગ ન થાય?

૩૭. सर्वः सर्वं न जानाति सर्वज्ञो नास्ति कश्चन ॥
तन्त्राख्यायिक १४३ ॥

એક જણ બધું ન જાણે; સર્વજ્ઞ કોઈ નથી.

૧ : સામાન્ય સૂચિ

૨ : શ્લોકસૂચિ

શુદ્ધિપત્ર

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૦	૧૫	કંઈક	કઈક
૬૧	શ્લોકમાં	બચાવિયો	બચાવિયા
૭૭	૫	જાતે	જાણે
૧૦૮	છેલ્લી	મુખમાં	મુખમાંથી
૧૪૦	છેલ્લેથી ૮	એનો	એના

By Prof V. G. Desai

COW PROTECTION: Samvat 1990. '......Much food for thought in the following well written pages.'–Gandhiji

THE SHASTRAS ON UNTOUCHABILITY: Samvat 1991. 'No anti-untouchability worker should be without this booklet.'–Gandhiji

HARIPURA CONGRESS GUIDE: Samvat 1994. 'Makes a permanent contribution to literature'–Kanaiyalal Desai

GLANCES AT ISLAM: Samvat 1994. 'Beautiful and elevating booklet' –Z. A. B. in the 'Bombay Chronicle'

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

શ્રીમત્ શંકરાચાર્યના ગ્રંથો :

વિવેકચૂડામણિ–સરળ ભાષાંતર સાથે ...	૧૬૦	૦–૧૨	૦–૨
મોહમુદ્‌ગર ને બીજાં દશ રત્નો– ...	૧૬૮	૧–૦	૦–૨
શતશ્લોકી અને બીજાં ચાર રત્નો– ...	૨૦૦	૦–૧૨	૦–૨
સ્તોત્ર–સંગ્રહ–ભક્તિ ને વેદાંત–સ્તોત્રો ...	૨૨૦	૦–૧૦	૦–૨
સર્વવેદાંત–સિદ્ધાંત–સારસંગ્રહ ...	૨૨૪	૧–૪	૦–૩
ઉપનિષદો–૧૧૨–નીચે પ્રમાણે ત્રણ ગ્રંથોમાં			
એકાદશ ઉપનિષદ	૪૫૨	૨–૮	૦–૫
બૃહદારણ્યક ઉપનિષદ	૨૪૮	૧–૮	૦–૩
સૌ ઉપનિષદો–પહેલાં ૨૩ ઉપનિષદો મંત્રો સાથે-પછીનાં ૭૭નું માત્ર ભાષાંતર–સારરૂપે	૭૪૪	૪–૦	૦–૭
પંચીકરણ–મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ–ટીકા સાથે	૨૬૪	૨–૦	૦–૪
સૂર્યકાન્ત–અધ્યાત્મમાર્ગના સાધકને અત્યંત ઉપયોગી પુસ્તક	૨૭૨	૨–૦	૦–૪
જીવન્મુક્તિવિવેક–મુમુક્ષુઓ માટે પ્રાચીન ગ્રંથ ...	૯૨૦	૧–૪	૦–૨
મહાવાક્ય–રત્નાવલિ	૧૮૪	૦–૧૨	૦–૨
અષ્ટાવક્રગીતા–મૂળ સાથે સરળ ભાષાંતર	૭૨	૦–૮	૦–૧
વિદુરનીતિ–સરલાર્થ સાથે	૧૬૮	૦–૧૨	૦–૨
મનુસ્મૃતિ– ,, ,, ...	૬૪૦	૩–૦	૦–૬
આર્યધર્મનીતિ અને ચાણક્યનીતિસાર–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો ...	૨૦૮	૦–૮	૦–૨
વૈદિક વિનય–૩૬૦ વેદમંત્રો વિસ્તૃત સમજૂતી સાથે	૮૪૦	૩–૧૨	૦–૮
બળવાન બનો !–કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ	૧૧૨	૦–૮	૦–૨

એકાદશ સ્કંધ–શ્રીમદ્ ભાગવતનો ૪૭૨ ૧–૪ ૦–૫

વિષ્ણુસહસ્રનામ–સરળ અર્થ સાથે ૧૨૮ ૦–૪ ૦–૧

ધમ્મપદ–સંપાદક : પં૦ બેચરદાસ દોશીઃ ... ૧૯૨ ૧–૦ ૦–૩

શાંતિપર્વ–મહાભારતનું–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ, જેમાં ચાર વર્ણ તથા આશ્રમના સામાન્ય ધર્મો વગેરે ૮૫૬ ૭–૮ ૦–૧૪

મહાભારત–દળદાર ૭ ગ્રંથોમાં રૂા. ૪૫)

'જેણે મહાભારત વાંચ્યું નથી, તેનું ભારતવાસી હોવું વ્યર્થ છે....'

૧–આદિ ને સભાપર્વ
૨–વન ને વિરાટપર્વ
૩–ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪–દ્રોણપર્વ
૫–કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
૬–શાંતિપર્વ
૭–અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રાસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ

કદ ૭॥×૧૦ : કુલ પાન ૫૨૦૮
પાકાં પૂઠાં : ૨૭ ચિત્રો સાથે

ટપાલ ખર્ચ રૂા. ૬)

આવા મોટા અક્ષરે

યોગવાસિષ્ઠ મહારામાયણ–વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ–આ છ પ્રકરણો–ચાર દળદાર ગ્રંથોમાં... ... ... ૧૫૦૮ ૧૨–૦ ૨–૧

લઘુયોગવાસિષ્ઠ–બૃહદ્ યોગવાસિષ્ઠના સારરૂપ ૫૫૪ ૨–૮ ૦–૫

વિચારસાગર–(આ. બીજી)વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાન ૪૦૦ ૩–૦ ૦–૫

શ્રીમદ્ ભાગવત–બે ગ્રંથમાં ભાષાંતર,નવી ૧૧મી આ. ૧૨૪૦ ૮–૦ ૧–૬

,, ,, –ભાગ ૨જો (આ. ૮મી) છૂટક મળશે ૬૬૭ ૩–૦ ૦–૧૦

ભગવતી(દેવી)ભાગવત–સરળ ભાષાંતર,મોટા અક્ષરે ૯૨૮ ૬–૦ ૦–૧૫

આત્મસાક્ષાત્કારની કસોટી–સં૦ સ્વામી સ્વયં-જ્યોતિતીર્થ: ૧૦૮ ૧–૪ ૦–૨

આત્મરામાયણ–રામાયણનાં પાત્રોના લાક્ષણિક અર્થો દ્વારા તત્ત્વજ્ઞાન સમજાવતું સરળ પુસ્તક ... ૧૪૦ ૦–૧૨ ૦–૨

મોક્ષમાળા—શ્રીમદ્ રાજચંદ્રકૃત … …	૧૯૨	૧–૪	૦–૩
પ્રભુમય જીવનનું રહસ્ય—સદુપદેશ ભજનો સાથે ..	૧૬૮	૧–૦	૦–૪
સ્વરૂપવિચાર—ગુરુ-શિષ્યના સંવાદરૂપે તત્ત્વોપદેશ	૧૦૪	૦–૧૦	૦–૨
તુકારામગાથા—બે ગ્રંથમાં—ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય-			
પ્રેરક અભંગોનું સરળ ભાષાંતર … …	૧૮૪૦	૬–૦	૦–૧૫
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ—ભાગ ૨જો … …	૩૧૨	૨–૦	૦–૪
સ્વામી રામતીર્થ—એમના સદુપદેશ …(૧,) …	૫૬૪	૨–૮	૦–૬
સ્વામી વિવેકાનંદના ઉપદેશો:			
ભક્તિયોગ—આવૃત્તિ ૨જી (૮) …	૩૮૪	૧–૮	૦–૪
રાજયોગ અને જ્ઞાનયોગ—(૧૦, ૧૧) …	૫૬૦	૨–૦	૦–૫
પાતંજલ યોગસૂત્ર—વિવેકાનંદના વિવેચન સાથે	૧૯૨	૧–૦	૦–૩
જ્ઞાનયોગ—વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો	૨૩૬	૦–૧૨	૦–૨
રાજયોગ—પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ			
ઇત્યાદિ … … … …	૧૩૬	૦–૧૨	૦–૨
વિવેકાનંદસાર—વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી	૨૬૪	૨–૦	૦–૪
આખ્યાનમાળા—(૧) સ્વ૦ અનંતપ્રસાદ: …	૭૦૮	૩–૦	૦–૭
„ „ (૨) „ …	૭૨૦	૩–૦	૦–૬
ઉપદેશસારસંગ્રહ—શ્રી. તિરુવલ્લુવરનો વેદતુલ્ય બોધ	૩૮૪	૧–૮	૦–૪
સુબોધરત્નાકર—ધર્મનીતિપ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો	૩૦૦	૧–૮	૦–૪
વિભુની વાટે ને રામાયણની રત્નપ્રભા— …	૧૬૪	૦–૪	૦–૨
પ્રભુમય જીવન—આવૃત્તિ ૮મી … …	૧૯૨	૦–૧૨	૦–૨
દત્ત અને પરશુરામ અથવા આત્મદર્શન વા			
અનાસક્ત કર્મયોગ … … …	૩૭૬	૨–૦	૦–૪

રામાયણ

ગિરધરકૃત રામાયણ—કર્તાની હસ્તપ્રત ઉપરથી …	૭૬૨	૪–૮	૦–૧૦
તુલસીકૃત રામાયણ—(બે ભાગ) ૩૨ ચિત્રો	૧૨૦૦	૮–૦	૧–૫
વાલ્મીકિ રામાયણ—નવી આવૃત્તિ છપાશે.			
„ „ —ભાગ ૨જો (આ. ૩જી) છૂટક મળશે.	૭૬૪	૩–૦	૦–૧૨

પઢિયારકૃત સ્વર્ગનાં પુસ્તકો

સ્વર્ગનું વિમાન—ભક્તિનો મહિમા સમજાવતા ૩૨૫ દા.	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગની કૂંચી—સદ્‌વર્તન રાખતાં શીખવનારો બોધ	૩૭૨	૨–૦	૦–૪
સ્વર્ગનો ખજાનો—ભક્તિમાર્ગ સમજાવતા ૧૨૫ દા.	૩૧૨	૨–૦	૦–૪
સ્વર્ગનો પ્રકાશ—જ્ઞાન અને પરમાર્થની વાતો ...	૩૩૬	૨–૦	૦–૪
સ્વર્ગનો આનંદ—ભક્તિ ને તેના પ્રકારોની સમજ	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સીડી—મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાનાં ૧૨ પગથિયાં	૩૬૦	૨–૦	૦–૪
સ્વર્ગની સડક—સ્વર્ગના ટૂંકા ને સરળ રસ્તાનું સૂચન	૪૬૮	૨–૦	૦–૫
સંસારમાં સ્વર્ગ—સંસારને સ્વર્ગ બનાવતું પુસ્તક	૩૪૮	૨–૦	૦–૪
સાચું સ્વર્ગ—ભક્તિ ને જ્ઞાન વિષયક સાદી વાતો ...	૪૬૨	૨–૦	૦–૫

ભગવદ્‌ગીતાઓ

પુરુષાર્થબોધિની ગીતા—(બે ગ્રંથોમાં) મૂળ શ્લોકો, પદચ્છેદ, અર્થ અને **પંડિત સાતવલેકરજીની** વિસ્તૃત ટીકા સાથે	૧૦૬૮	૧૦–૦	૧–૨
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા—જ્ઞાનેશ્વર મહારાજે રચેલી '**ભાવાર્થદીપિકા**' નામની, દૃષ્ટાંતોથી ભરપૂર, ભાવવાહી ટીકા, સરળ અર્થ સાથે ...	૭૬૨	૪–૦	૦–૮
જ્ઞાનસત્ર ગીતા—ગીતાના મૂળ શ્લોકો, પદચ્છેદ ને શબ્દાર્થ	૩૬૮	૧–૪	૦–૪
,, ,, —ગુજરાતી લિપિમાં, ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે	૩૬૮	૧–૪	૦–૪
શ્રીમદ્ ભગવદ્‌ગીતા—મોટા સુવાચ્ય અક્ષરો, સરલાર્થ સહિત ...	૨૪૮	૦–૧૨	૦–૩
શ્રીમદ્ ભગવદ્‌ગીતા—(આ. ૨૨મી) સરળ ભાષાંતર સાથે ગુટકો કદ ૩ાા×પાા	૩૫૨	૦–૮	૦–૨

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } અમદાવાદ ને મુંબઈ–૨

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતમાં પૂરું પાડવાના ઉદ્દેશથી, નાની પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું છે. ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે નાની શી લાયબ્રેરી વસાવી શકે એવો આશય છે. સપ્ટેમ્બર ૧૯૪૮ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો પ્રગટ થયાં છે:

ધર્મ અને તત્ત્વજ્ઞાન

છોટમની વાણી–મહાત્મા છોટમનાં ૯૬ પદોનો સંગ્રહ	૭૨	૦–૪	૦–૧
દૃગ્–દૃશ્ય વિવેક–સરળ અનુવાદ સાથે ...	૨૪	૦–૨	૦–૧
યક્ષ અને યુધિષ્ઠિર–યક્ષ અને યુધિષ્ઠિરનો સંવાદ મૂળ શ્લોકો સાથે સરળ ભાષામાં	૬૪	૦–૩	૦–૧
દત્તાત્રેય–(અવધૂત) દત્તાત્રેયના ૨૪ ગુરુઓનું સંક્ષિપ્ત વર્ણન	૮૦	૦–૩	૦–૧
નીતિશતક–(શ્રી ભર્તૃહરિ) સરળ અનુવાદ સાથે	૮૦	૦–૩	૦–૧
વૈરાગ્યશતક– ,, ,, ,,	૯૬	૦–૪	૦–૧
ભક્ત સૂરદાસનાં પદો–ટૂંકા જીવનચરિત્ર સાથે	૮૦	૦–૪	૦–૧
ધીરા ભગતનાં પદો–સં. શ્રી. ડુંગરશી ધરમશી સંપટ:	૮૦	૦–૪	૦–૧
ભોજા ભગતના ચાબખા–સં. ,, ,, ,,	૯૬	૦–૬	૦–૧
શિવમહિમ્નઃ સ્તોત્રમ્–મૂળ શ્લોક, અન્વય, અર્થ અને ટિપ્પણ સહિત	૫૬	૦–૩	૦–૧
કણ્ઠાભરણમ્–મુખપાઠ કરવા યોગ્ય પ્રાર્થનામંત્રો–અર્થ સાથે	૬૪	૦–૩	૦–૧
શ્રમણ નારદ ને પાંડુ ઝવેરી–અનુ: પદ્માવતી દેસાઈ:	૫૨	૦–૩	૦–૧
તંત્રની સાધના–લે૦ આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન:	૭૨	૦–૪	૦–૧
ગીતાસાર–કાકા કાલેલકર: ગીતાનું સંક્ષિપ્ત દોહન	૮૦	૦–૪	૦–૧
ગીતાપોથી–ભગવદ્ગીતાની બાળપોથી–કર્મયોગના ૧૨૫ શ્લોકો, અર્થ તથા વિસ્તૃત સમજૂતી સાથે	૧૦૪	૦–૬	૦–૧

ગીતાસંકલનઃ–સં૦ શ્રી રમણ મહર્ષિ : બીજાં ત્રણ સંકલનો સાથે	૫૨	૦-૩	૦-૧
શ્રીમદ્ ભગવદ્‌ગીતા–(૧૨ ને ૧૫ અધ્યાય) શ્લોકો તથા અર્થ સાથે...	૪૮	૦-૩	૦-૧
ઉત્તરગીતા–તત્ત્વબોધનો સરળ અનુવાદ–મૂળ શ્લોકો સાથે	૬૪	૦-૬	૦-૧
પ્રેમપન્થ–(૧) લે૦ ગાંધીજી:	૬૪	૦-૩	૦-૧
મણિરત્નમાળા–શંકરાચાર્ય : સરળ અર્થ, શ્લોકો સાથે	૧૬	૦-૧।।	૦-૧
જ્ઞાન અને કર્મ–લે૦ સ્વામી અદ્વૈતાનંદ: ...	૭૨	૦-૩	૦-૧
પરમ પુરુષાર્થ–લે૦ ,, ,, : માનવજીવનનો ઉદ્દેશ	૧૨૦	૦-૬	૦-૧
આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય–લે૦ પંડિત બહેચરદાસ દોશી ...	૪૮	૦-૩	૦-૧
નારદનાં ભક્તિસૂત્રો–મૂળ શ્લોકો, અર્થ તથા વિવેચન સાથે	૬૪	૦-૩	૦-૧
જ્ઞાનનાં ઝરણાં–(આવૃત્તિ ૩જી) લે૦ સ્વામી માધવતીર્થજી:	૬૪	૦-૩	૦-૧
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ–(૧) અનેક રસપ્રદ બોધક પ્રસંગો–ઉપદેશો	૯૬	૦-૬	૦-૧
શ્રીરામકૃષ્ણ ઉપદેશ–બોધદાયક ઉપદેશો ...	૮૮	૦-૫	૦-૧
વિચારસૂર્યોદય–સ્વામીશ્રી માધવતીર્થજી: ...	૬૦	૦-૩	૦-૧
ઉચ્ચ જીવન–ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ: (આ. ૬ઠ્ઠી)	૫૬	૦-૩	૦-૧
ધ્યાન અને જ્ઞાન–લે૦ સ્વામી માધવતીર્થજી : નવી આવૃત્તિ	૪૮	૦-૩	૦-૧
મદાલસા અને અલર્ક–ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ	૯૬	૦-૫	૦-૧

ચરિત્રો ને પ્રસંગ–ચિત્રો

રામાયણની રહસ્યકથા–રામાયણનાં પાત્રોનો ટૂંકો સાર	૧૬	૦-૧	૦-૧
ભક્ત જલારામ–મહાન પ્રભુભક્તના જીવનપ્રસંગો	૬૪	૦-૩	૦-૧
બાળકોનો આચાર–બાળકોને સદ્‌વર્તન શીખવતા પાઠો	૪૦	૦-૨	૦-૧
ચંદ્રહાસ–ભક્ત ચંદ્રહાસની કથા સારરૂપે ...	૬૪	૦-૩	૦-૧
પ્રેમપન્થ (૨)–લે૦ ગાંધીજી:	૧૦૪	૦-૪	૦-૧
સુદામાચરિત્ર–પ્રેમાનંદકૃત	૬૪	૦-૩	૦-૧
ભક્ત રોહિદાસ–ચરિત્ર	૪૮	૦-૩	૦-૧
શ્રીરામકૃષ્ણ પરમહંસ–(કિશોરો માટે) ...	૮૮	૦-૬	૦-૧

સ્વામી રામતીર્થ–કિશોરો માટે પ્રેરણાદાયી ટૂંકું ચરિત્ર	૭૨	૦–૪	૦–૧
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની રોચક કથા	પર	૦–૩	૦–૧
જેસલ ને તોરલ તથા **જાલંધર ને ગોપીચંદ**–સ્વ. કલાપી	૫૬	૦–૩	૦–૧
મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**–સ્વ. કલાપી	૪૮	૦–૩	૦–૧
ભક્તરાજ હનુમાન–ટૂંકું જીવનચરિત્ર	૭૬	૦–૬	૦–૧
શ્રીમત્ શંકરાચાર્ય–(સચિત્ર) લે૦ પુરાતન બુચ :	૪૮	૦–૩	૦–૧
શ્રીતૈલંગસ્વામી–વિશુદ્ધાનંદ તથા પૌહારીબાબાનાં ચરિત્રો	૮૮	૦–૪	૦–૧
બાળકોના વિવેકાનંદ–લે૦ પ્રફુલ્લ ઠાકોર: ...	૬૪	૦–૪	૦–૧
અબજી બાપા–આદર્શ સંત	૬૪	૦–૪	૦–૧
સંત કબીર–(સચિત્ર) સચોટ પ્રસંગો આલેખતું ટૂંકું ચરિત્ર	૫૬	૦–૩	૦–૧
નાનભટ્ટ બાપા–એક આદર્શ વૈદ્ય (આવૃત્તિ બીજી)	૭૨	૦–૩	૦–૧

વાર્તાઓ–નાટકો

દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો– ...	૯૬	૦–૬	૦–૧
ધાવણની ધાર અને **બીજી વાતો**–લે૦ ચુનીલાલ મડિયા: માનવસ્વભાવ અને લાગણી પ્રગટ કરતી ૪ વાતો	૭૬	૦–૩	૦–૧
કાળમુખી અને **બીજી વાતો**–(સચિત્ર) લે૦ ચુનીલાલ મડિયા: કાઠિયાવાડી જીવનની રસિક પણ નિર્દોષ ૫ વાતો	૬૪	૦–૩	૦–૧
સમ્રાટ શ્રેણિક અને **દેવી નંદા**–જૈન સંસ્કૃતિની બે નાટિકાઓ	૬૪	૦–૩	૦–૧
કેરીની મોસમ અને **બીજી વાતો**–લેખક: રાયદા: માનવ-હૃદયની સારી-નરસી લાગણીઓ વ્યક્ત કરતી ૭ વાતો	૭૬	૦–૫	૦–૧
અણોજો અને **નવું રેલવે સ્ટેશન**–શ્રી. ચુનીલાલ વ. શાહ:	૬૦	૦–૪	૦–૧
જીવનનો મર્મ–લેખક: સોપાન:	૮૪	૦–૬	૦–૧
નવજવાન ,, ...	૬૪	૦–૪	૦–૧
અહિંસાનું રહસ્ય ,, ...	૭૨	૦–૪	૦–૧
એ વૃદ્ધ પુરુષ! ,, ...	૫૬	૦–૪	૦–૧
આશાને અજવાળે ,, ...	૫૬	૦–૪	૦–૧

કાવ્ય

શ્રીમંતોનો સડો-(આ. બીજી) લે૦ શ્રી. ઈશ્વર ધોળકિયા:	૬૪	૦-૪	૦-૧
જયભારતી-લે૦ 'શયદા'-ભારતની ચડતીપડતીનું દિગ્દર્શન	૩૬	૦-૬	૦-૧

આરોગ્ય ને વૈદક

વૈદકના અકસીર ઉપાયો-બાલબોધોદય નામની પુસ્તિકા ઉપરથી તૈયાર કરેલું શ્લોકો, અર્થ અને ઉપયોગી ટિપ્પણો સાથેનું પુસ્તક	૮૮	૦-૬	૦-૧
જીવનચર્યા-દિનચર્યા, રાત્રિચર્યા, ઋતુચર્યા અને સદ્વર્તનના નિયમો	૮૦	૦-૩	૦-૧
પાક-ઔષધિ-શિયાળામાં ખાવા લાયક ૮૦ પાકો બનાવવાની રીત તથા ઉપયોગ	૮૦	૦-૬	૦-૧
સોનેરી સૂચનો-લે૦ ડૉ. રસિકલાલ પરીખ:	૧૧૨	૦-૬	૦-૧
કવાથ-ઔષધિ-સો ઉપયોગી કવાથો તથા તેનો ઉપયોગ	૬૪	૦-૬	૦-૧
હરડે-(સચિત્ર) સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ	૮૦	૦-૬	૦-૧
ચૂર્ણ-ઔષધિ-સો ઉપયોગી ચૂર્ણો બનાવવાની રીત તથા ઉપયોગ...	૭૨	૦-૩	૦-૧
માંદાનો આહારવિહાર-આયુર્વેદ પદ્ધતિએ કરેલું માર્ગદર્શન	૬૪	૦-૩	૦-૧
માંદગીનાં કારણો- ,, ,,	૯૬	૦-૬	૦-૧
માંદગીમાં ઉપવાસ- ,, ,,	૧૧૬	૦-૬	૦-૧
		૧૭-૧૫-૬	

આ શ્રેણીનાં ઉપરનાં બધાં પુસ્તકો એકસાથે મંગાવનારે રૂ. ૨-૧ પોસ્ટેજના વધુ મોકલવા.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય } ઠે. અમદાવાદ ને મુંબાઈ-૨